BAOU Education for All

**યુનિવર્સિટી ગીત**

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ


**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**


BAOU Education for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)


## દ્વિતીય વર્ષ બી. એ. - ઈતિહાસ
## પેપર - ૪

(મુખ્ય તથા ગૌણ)

HISM / HISS - ૨૦૪

## ગુજરાત નો ઈતિહાસ

(ઈ. સ. ૧૩૦૪ થી ૧૮૧૮ સુધી)



## વિભાગ-૨ ગુજરાતમાં મુઘલ સત્તા

# સ્વાધ્યાયનું અજવાળું

*ભારતના સંવિધાનના સર્જક, ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં, ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. 1994માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અને ડિસટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એકમાત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.*

*ડૉ. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મજયંતિના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડ સાથે, શાંત જગ્યા મેળવી, 'જ્યોતિર્મય' પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.*

*શિક્ષણ એટલે માનવામાં થતું મૂડીરોકાણ . શિક્ષણ લોકાસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહી મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છેઃ 'જેનાથી ચારીત્ર્ય ઘડતર થાય, માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'*

*ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી, શિક્ષણની સગવડ ઘરે બેઠા મળી રહે એવા પ્રયત્નો મક્કમ બની કરે છે, બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમના રોજિંદા કામો કરતા પ્રાપ્ત થતી રહે. વ્યવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.*

*'સ્વાધ્યાય : પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને અહી પ્રવેશ કરતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવા પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોના કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થી સંતોષપરદ અનુભવ કરી શકે છે.*

*યુનિવર્સિટીના તજજ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસક્રમોનું લેખન કરે છે. વિષય નિષ્ણાંત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થયા પછી જ પરિણામલક્ષી અભ્યાસ સામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબમાં અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.*

**પ્રો. ડૉ. અમી ઉપાધ્યાય**
**કુલપતિશ્રી,**
**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,**
**જ્યોતિર્મય પરિસર સરખેજ-ગાંધીનગર હાઈવે,**
**છારોડી, અમદાવાદ.**

**સંપાદનઃ**

| | |
|---|---|
| *પ્રો. (ડૉ). અમી ઉપાધ્યાય* | *નિયામક, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *ડૉ. સોનલ ચૌધરી* | *આસિસ્ટન્ટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગાધ્યક્ષ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *ડૉ. પ્રફુલ નવાકર* | *આસિસ્ટન્ટ પ્રોફેસર અને ઈતિહાસ વિભાગ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |

**વિષય સમિતિઃ**

| | |
|---|---|
| *ડૉ. સોનલ ચૌધરી* | *આસિસ્ટન્ટ પ્રોફેસર અને ઈતિહાસ વિભાગાધ્યક્ષ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *પ્રો. (ડૉ). અરુણભાઈ વાઘેલા* | *પ્રોફેસર અને અધ્યક્ષ,ઈતિહાસ વિભાગ, ગૂજરાત યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *ડૉ. લલિત પટેલ* | *પ્રિન્સીપાલ, શ્રી અને શ્રીમતી પી.કે.કોટાવાલા આર્ટસ કોલેજ,પાટણ* |

**પરામર્શન (વિષય):**

| | |
|---|---|
| *પ્રો. (ડૉ). મુંજાલ ભીમડાદકર* | *પ્રોફેસર અને અધ્યક્ષ,ઈતિહાસ વિભાગ , ગૂજરાત વિદ્યાપીઠ , અમદાવાદ* |
| *પ્રો. (ડૉ).અનસુયા ચોથાણી* | *પ્રોફેસર અને અધ્યક્ષ, ઈતિહાસ વિભાગ ,સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ* |
| *પ્રો. (ડૉ). મોતીભાઈ પરમાર* | *પ્રોફેસર અને અધ્યક્ષ, ઈતિહાસ વિભાગ , ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર* |

**લેખનઃ**

| | |
|---|---|
| *ડૉ. ધીરુભાઈ વાળા* | *એસોસીએટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ , આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, મેંદરડા* |
| *ડૉ. મોતીભાઈ દેવું* | *આસિસ્ટન્ટ પ્રોફેસર અને ઈતિહાસ વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, સાદરા.* |

**પરામર્શન (ભાષા)**

| | |
|---|---|
| *ડૉ. ધ્વનિલ પારેખ* | *સહ પ્રાધ્યાપક, મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ, ગૂજરાત વિદ્યાપીઠ, સાદરા* |
| *ડૉ.લિનાબેન વિનોદરાય સ્વાદિયા* | *આસિસ્ટન્ટ પ્રોફેસર, શ્રી.પી.કે.ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ,ગાંધીનગર.* |

**પ્રકાશકઃ ડૉ. ભાવિન ત્રિવેદી, કાર્યકારી કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.**

**સર્વાધિકાર સુરક્ષિત**

*આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસ સામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.*

**ISBN** 978-93-91468-27-9

**પ્રકાશન વર્ષ** 2021-*પ્રથમ આવૃતિ*

**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી**
( ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

**દ્વિતીય વર્ષ બી.એ.- ઈતિહાસ**
**પેપર-4 ગુજરાતનો ઈતિહાસ (ઈ.સ.1304 થી 1818સુધી)**
**HISM/HISS-204( મુખ્ય તથા ગૌણ)**

## વિભાગ- 2 ગુજરાતમાં મુઘલ સત્તા


**એકમ-8** **01**
**ગુજરાત સાથેના મુઘલ બાદશાહના પૂર્વસંપર્કો તથા ગુજરાતમાં મુગલ સત્તાની સ્થાપના**

**એકમ-9** **11**
**ગુજરાતમાં મુઘલ શાસન - અકબરથી બાદશાહ આલમગીર સુધી**

**એકમ-10** **31**
**મુઘલ સત્તા સમયમાં ગુજરાતની વહીવટી સ્થિતિ**

**એકમ-11** **41**
**મુઘલ સમય દરમ્યાન ગુજરાતની સામાજિક, આર્થિક , ધાર્મિક સ્થિતિ, અને તે સમયનું સાહિત્ય**

## વિભાગ-2 ગુજરાતમાં મુઘલ સત્તા

**ગુજરાતનો ઈતિહાસ વિભાગ-2**, *માં કુલ ચાર એકમોનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેમાં મુઘલ બાદશાહોના ગુજરાત સાથેના પૂર્વસંપર્કો, મુઘલ સત્તાની સ્થાપના, ગુજરાતમાં મુઘલશાસન, મુઘલ સત્તા સમયની ગુજરાતની વહીવટી સ્થિતિ ઉપરાંત મુઘલ સમય દરમ્યાન ગુજરાતની સામાજિક, આર્થિક, ધાર્મિક સ્થિતિ વિશેની જાણકારી આપવામાં આવી છે.*

**એકમ-8** *ગુજરાત સાથેના મુઘલ બાદશાહના પૂર્વસંપર્કો તથા ગુજરાતમાં મુઘલ સત્તાની સ્થાપના અંગેની વિસ્તૃત ચર્ચા આ એકમમાં કરવામાં આવી છે. અકબર દ્વારા ગુજરાત ઉપર આક્રમણ કરીને અધિકાર કરવામાં આવ્યો અને પ્રથમ સુબા તરીકે મિર્ઝા-અકીક-કોકાની નિમણૂંક કરવામાં આવી તે અંગે વિગતે ચર્ચા કરવામાં આવી છે.*

**એકમ-9***માં ગુજરાતમાં મુઘલ શાસન વિશે જાણકારી આપવામાં આવેલી છે. જેમાં અકબર, જહાંગીર, શાહજહાં, ઔરંગઝેબ તથા આલમગીર સુધીના શાસકોની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે.*

**એકમ-10***માં મુઘલ સમયની કેન્દ્રીય, પ્રાંતિય, પ્રાદેશિક વહીવટીતંત્ર તથા વિવિધ અધિકારીઓની કામગીરી વિશે ચર્ચા કરવામાં આવી છે.*

**એકમ-11***માં મુઘલ સમય દરમ્યાન ગુજરાતની સામાજિક, આર્થિક, ધાર્મિક સ્થિતિ અને તે સમયના સાહિત્યનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં સામાજિક રીતિરીવાજો, વ્યાપારિક બંદરો, મિરાતે અહમદી જેવા ગ્રંથોની રચના વગેરેની વિગતે ચર્ચા કરવામાં આવી છે.*

| એકમ – 8 | ગુજરાત સાથેના મુઘલ બાદશાહના પૂર્વ સંપર્કો તથા ગુજરાતમાં મુઘલ સત્તાની સ્થાપના |
|---|---|

## રૂપરેખા :

**8.0 ઉદ્દેશો**
**8.1 પ્રસ્તાવના**
**8.2 બાબરના ગુજરાત સાથેના સંપર્કો**
**8.3 હૂમાયનું ગુજરાત ઉપર આક્રમણ**
**8.4 અકબરનું ગુજરાત ઉપર આક્રમણ**
**8.5 ગુજરાતમાં મુઘલ સત્તાની સ્થાપના**
**8.6 સારાંશ**
**8.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**
**8.8 સંદર્ભ ગ્રંથો**

## 8.0 ઉદ્દેશો

*આ એકમમાં અમારો હેતુ મુઘલયુગના રાજવીઓ દ્વારા ગુજરાતના પૂર્વ સંપર્કો કેવા રહ્યા હતા. અને મુઘલયુગની ગુજરાતમાં સ્થાપના ક્યારે અને કેવી રીતે થઈ હતી. તેમજ તેઓએ દિલ્હી રહીને પણ ગુજરાતમાં મધ્યસ્થ વહીવટીતંત્ર કેવી રીતે સ્થાપ્યું હતું. તેનો તલસ્પર્શી ખ્યાલ આપવાનો છે. આ એકમના અભ્યાસ બાદ તમે નીચે જણાવેલી માહિતી મેળવશો.*

- *ગુજરાત સાથેના મુઘલ બાદશાહોના પૂર્વે સંપર્કો અને તેનો પરિચય*
- *મુઘલ બાદશાહોના આક્રમણો અને તેની સિદ્ધિઓ*
- *મુઘલ બાદશાહોના ગુજરાતમાં શાસન સ્થાપવાના પ્રયત્નો*
- *અકબર દ્વારા ગુજરાતમાં મુઘલ સત્તાની સ્થાપના*

## 8.1 પ્રસ્તાવના

*ઈ.સ.1526માં બાબરે હિંદુસ્તાન પર આક્રમણ કર્યું ત્યારે ગુજરાતના સ્વતંત્ર શાસક મુઝફ્ફરશાહ બીજો શાસન ચલાવી રહ્યો હતો. તેના શાહજાદા બહાદુરખાનને પેટા તરફથી મળેલી જાગીર બાબતમાં અસંતોષ થતા તેણે દિલ્હીના સુલતાન ઈબ્રાહીમ લોદી પાસે ગયો હતો. તેમજ ભારત પર આક્રમણ કરનાર બાબર સાથે પણ સંપર્કમાં રહ્યો હતો. ગુજરાતના સુલતાન બહાદુરશાહે દિલ્હીના લોદીવંશના શાહજાદાને પોતાના દરબારમાં આશરો આપ્યો હોવાથી હૂમાયએ ગુજરાત પર આક્રમણ કર્યું હતું બાદમાં અકબરના સમયમાં ગુજરાત સલ્તનત નબળી પડતા અને અમીર ઉમરાવોના હાથમાં સત્તા જતા તેમજ સમગ્ર રાજ્યમાં વિખવાદો અને આંતરિક વિદ્રોહોનું જોર વ્યાપી જતાં અને આગ્રાથી*

અકબરના દુશ્મનો મીરઝાઓ નાસીને ગુજરાતમાં આવતાં તેનો પીછો કરવા અને ગુજરાતમાંથી આક્રમણનું આમંત્રણ મળતાં અકબરે પણ ગુજરાત પર ચઢાઈ કરી હતી. પછીથી ગુજરાતમાં મુઘલ સત્તાની સ્થાપના કરી હતી.

## 8.2 બાબરના ગુજરાત સાથેના સંપર્કો

ઈ.સ.1526માં બાબરે હિંદુસ્તાન પર આક્રમણ કર્યું તે સમયગાળા દરમ્યાન ગુજરાતમાં સુલતાન મુઝફ્ફરશાહ સ્વતંત્ર સત્તા ચલાવી રહ્યો હતો. તેના શાહજાદાઓમાં બીજો શાહજાદો બહાદુરખાન પિતા તરફથી મળેલી જગીરથી અસંતુષ્ઠ હતો. તેમજ મોટાભાઈની પોતાની સામેની ખટપટોથી બચવા ઈ.સ. 1525માં ગુજરાત છોડી દિલ્હી ચાલ્યો ગયો હતો. દિલ્હીનો સુલતાન ઈબ્રાહીમ લોદી તે સમય દરમ્યાન બાબરના આક્રમણ સામે પાણીપતના મેદાનમાં સામનો કરવાની તૈયારી કરી રહ્યો હતો. છતાં પણ તેણે બહાદુરખાનની વાત સાંભળી આવકાર આપી પોતાને ત્યાં આદર સહિત રાખ્યો હતો. બહાદુરખાન દિલ્હી પહોચ્યો ત્યાં સુધીમાં દિલ્હીના સુલતાન ઈબ્રાહીમ અને આક્રમણકાર બાબર વચ્ચે કેટલીક્વાર અથડામણ થઈ હતી. દિલ્હીના અફઘાન અમીરો અને લોકોમાં બહાદુરખાનની લોકપ્રિયતા અને શૂરવીરતા માટે એક બનાવની નોંધ લેવી પડે. એક વખત સુલતાન ઈબ્રાહીમ અને બાબરની એક ટૂકડી વચ્ચે જપાજપી થઇ એમાં સુલતાન ઈબ્રાહીમની ટૂકડીની હાર થઇ એટલે તેને યુદ્ધ મેદાનમાંથી લઇ જતાં હતા, ત્યારે સુલતાન પોતે અને તેના અનેક શૂરવીર લડવૈયાઓ હાજર હોવા છતાં કોઈ સામનો કરતાં ન હતા એ જોઈને બહાદુરખાનથી આ બાબત સહન ન થતાં તેણે ખુલ્લી તલવારે મુઘલ સૈનિકો પર વાર કર્યો અને એમને હરાવ્યા તેમજ સુલતાનની ટૂકડીને છોડાવી લીધી આમ સુલતાનનો વિજય થયો. બહાદુરખાનની આ વીરતાનો લાભ લઈને સુલતાનથી નારાજ થયેલા કેટલાંક અમીરો સુલતાનને પદભ્રષ્ટ કરીને બહાદુરખાનને દિલ્હીની ગાદી ઉપર બેસાડવાનું વિચાર્યું હતું. અમીરોની વૃત્તિની સુલતાનને ખબર પડતાં બહાદુરખાન એની નજરમાં હલકો પડી ગયો. બહાદુરખાન આ બધું પામી જતાં સુલતાનની પરવાનગી વગર જ દિલ્હી છોડી ગુજરાત જતો રહ્યો હતો.

મુઘલ શહેનશાહ બાબરે 'બાબરનામા'માં એક રસપ્રદ નોંધ કરી છે કે શાહજાદા બહાદુરખાનને તેના પિતા સાથે અણબનાવ થવાથી તે દિલ્હીના સુલતાન ઈબ્રાહીમ પાસે ગયો હતો. ત્યાંથી તેણે પાણીપતનાં મેદાનમાં લડતાં બાબરને મદદ માટે વિનંતિભર્યા પત્ર લખ્યા હતા. જેના બાબરે પ્રોત્સાહક અને ઉદારભાવે ઉત્તર આપ્યા હતા અને પોતાની સાથે જોડવા બહાદુરખાનને આમંત્રણ આપ્યું હતું. એટલે બહાદુરખાને પાનીપતથી બાબરના આવવાની રાહ જોઈ પણ પછીથી યોજના બદલીને સુલતાન ઈબ્રાહીમ પાસેથી છૂટો પડીને ગુજરાત જતો રહ્યો હતો. બાબરે બાબરનામા માં બહાદુરખાનને 'લોહી તરસ્યો અને ઉદ્ધત' તરીકે ઓળખાવ્યો છે. ગુજરાતના ઈમાદ-ઉલ-મુલ્કે એક પત્ર લખીને ગુજરાતના આંતર સંઘર્ષમાં બાબરની મદદ માગી હતી અને બાબર તેને પોતાના લશ્કરનો એક ભાગ

*મોકલી આપશે તો તે એને દીવનું બંદર અને એક કરોડ ટંકા આપશે એવી તૈયારી બતાવી હતી. પરંતુ એનો પત્ર બાબરને ક્યારેય પહોંચ્યો ન હતો.*

## 8.3 હૂમાયુનું ગુજરાત ઉપર આક્રમણ

*સુલતાન મુઝફ્ફરશાહ બીજાના અવસાન પછી થોડા સમય બાદ બહાદુરશાહ સત્તાધીશ બન્યો હતો. એના સમયમાં ગુજરાતનું રાજ્ય સમૃદ્ધ બનવા લાગ્યું. આ સુલતાને ગુજરાતની પૂર્વે મળવા, ઉત્તરે મેવાડ અને છેક બયાના સુધી વિજય મેળવ્યા આથી એ મુઘલ બાદશાહ હૂમાયુ સાથે ઘર્ષણમાં આવ્યો હતો.*

*ઈ.સ.1526માં દિલ્હીમાં મુઘલ સત્તા સ્થપાયા પછી લોદીવંશના ઘણા શાહજાદા ગુજરાતમાં આવ્યા અને સુલતાન બહાદુરશાહે એમને પોતાના દરબારમાં રાખ્યા હતા. તેમાં અલ્લાઉદ્દીન લોદીનો પુત્ર તાતારખાન દિલ્હીની ગાદી પ્રાપ્ત કરવા મદદ મેળવવવા ગુજરાત આવ્યો તેને બહાદુરશાહે આવકારી લશ્કરનો સેનાપતિ બનાવ્યો. ઉપરાંત બીજા અફઘાન અમીરોને પણ તેણે આશ્રય આપ્યો હતો. એ સમયે ઈ.સ.1533માં હૂમાયુનો બનેવી મુહમ્મદ ઝમાન મિરઝા આગ્રા નજીકના બયાનાના કિલ્લાની કેદમાંથી નાસીને બહાદુરશાહને આશ્રયે આવ્યો હતો. આવા કારણોસર હૂમાયુ રોષે ભરાયો અને ઈ.સ.1534ના નવેમ્બરમાં ગુજરાત પર આક્રમણ કરવા જંગી તૈયારી સાથે કૂચ કરીને માળવામાં સારંગપુર ખાતે લશ્કરી છાવણી નાખી હતી.*

*હૂમાયના આક્રમણ વખતે બહાદુરશાહ ચિત્તોડ પર બીજીવાર ઘેરો નાખવાની તૈયારીમાં હતો. હૂમાયએ બહાદુરશાહના ચિત્તોડ વિજય સુધી ધીરજ રાખી હતી. એ પછી હૂમાયએ ગુજરાતના અસંતુષ્ટ સેનાપતિ રૂમીખાનની સલાહ અનુસાર બહાદુરશાહનો પીછો કર્યો. બહાદુરશાહ ખંભાત થઈ દીવ તરફ નીકળી ગયો. હૂમાયએ ગુજરાતનું મુહમ્મદાબાદ (ચાંપાનેર) સર કરી લીધું અને બહાદુરશાહનું મહીનદી સુધીનું આખું રાજ્ય હૂમાયના તાબા નીચે આવી ગયું. આ સમયે હૂમાયનો સામનો કરવા માટે અમદાવાદમાં સુલતાન બહાદુરશાહ તરફી ઈમાદ-ઉલ-મુલ્ક અને મુજાહિદખાન 22000ની સેના સાથે તૈયાર થયા.*

*હૂમાયને આ સમાચાર મળતાં પાવાગઢનો કિલ્લો તરદીબેગખાનને સોંપ્યો અને પોતે લશ્કર લઈ અમદાવાદ તરફ જવા નીકળ્યો પોતાના ભાઈ મિરઝા અસ્કરી અને મિરઝા યાદગાર નઝીર અને મીર હિંદુબેગને એક દિવસ અગાઉ રવાના કર્યા.*

*નડિયાદ અને મહેમદાબાદ વચ્ચે બંને લશ્કરો વચ્ચે જપાજપી થઈ જેમાં ગુજરાતનું લશ્કર હાર્યું. હૂમાયના લશ્કરે અમદાવાદ તરફ કૂચ કરી અને એ કબજે કર્યું પાછળથી હૂમાય પણ અમદાવાદ આવી પહોંચ્યો.*

*હૂમાય હવે સૌરાષ્ટ્ર સિવાય માળવા અને ગુજરાતના પ્રદેશોનો સ્વામી બન્યો. એણે અહી વહીવટીતંત્ર સ્થાપવાનું કાર્ય શરૂ કર્યું. પોતાના ભાઈ મિરઝા અસ્કરીને ગુજરાતનો નાઝિમ નીમ્યો અને એનું વડું મથક અમદાવાદ રાખ્યું. અસ્કરીના તાબા નીચે હિંદુબેગની પ્રધાન અને સર સેનાપતિપદે નિમણૂંક કરી. તરદીબેગને ચાંપાનેર અને નાસીર મિરઝાને પાટણ-*

*નહરવાલનો હવાલો સોંપવામાં આવ્યો. અન્ય અધિકારીઓને ખંભાત, મહેમદાવાદ, વડોદરા, ભરૂચ અને સુરતના હવાલા સોંપવામાં આવ્યા.*

*ત્યારબાદ હૂમાય બહાદુરશાહની શોધમાં દીવ જવા નીકળ્યો પરંતુ ધંધુકા પહોંચતા જ એને મુઘલ સામ્રાજ્યમાં શેરખાન અફઘાને બંડ કર્યું હોવાના સમાચાર મળ્યા. આથી હૂમાયને ગુજરાતમાંથી પાછા ફરવાની ફરજ પડી.*

*હૂમાયએ જેવું ગુજરાત છોડ્યું કે તરત જ એની પાછળ ગુજરાતમાં બહાદુરશાહ તરફી ક્રાંતિ થઈ. સુલતાન બહાદુરશાહ પોતાના દીવના રહેઠાણમાંથી બહાર આવ્યો અને એણે મુઘલો સામેની લડતનો હવાલો સંભાળી લીધો. બહાદુરશાહ તરફથી દબાણ આવતાં મુઘલોએ ગુજરાતમાંથી પીછેહઠ કરી. બહાદુરશાહે ફરી વાર પોતાના રાજ્ય પર કબજો જમાવી દીધો. આમ હૂમાયની ગુજરાત પરની હકૂમત* 25 *એપ્રિલ* 1535 *થી* 24, *મે* 1536 *સુધી અર્થાત તેર મહિના સુધી રહી હતી.*

## 8.4 અકબરનું ગુજરાત ઉપર આક્રમણ

*ઈ.સ.*1537*માં સુલતાન બહાદુરશાહના અવસાન પછી ગુજરાતની સલ્તનત નબળી પડી. જે જુવાન અને નબળા સુલતાન ગાદીએ આવ્યા તે મહત્ત્વાકાંક્ષી અને લગભગ અર્ધ સ્વતંત્ર જેવા અમીર-ઉમરાવોના હાથમાં પુતળા સમાન બની ગયા હતા. સમગ્ર રાજ્યમાં વિખવાદો અને આંતરિક વિગ્રહોનું જોર વ્યાપી ગયું હતું. આવા કપરાં કાળમાં ગુજરાતમાં એક વધુ અનિષ્ટ તત્વનો ઉમેરો થયો વિદ્રોહી સ્વભાવના તીમુરવંશના મિરઝાઓને અકબરે ઉત્તર હિંદુસ્તાનમાંથી હાંકી કાઢતા તેઓ ઈ.સ.*1566*માં ગુજરાત નાસી આવ્યા. અને ભરૂચ જઈ ત્યાંના ચિંગીઝખાનના આશ્રયે રહ્યા. આ મિરઝાઓએ ગુજરાતની કથળતી જતી સ્થિતિમાં પોતાની સત્તા જમાવવા માંડી હતી.*

### 8.4.1 ગુજરાતની કથળતી રાજકીય સ્થિતિ

*ગુજરાતના છેલ્લા સુલતાન મુઝફ્ફરશાહ ત્રીજાને ઈતિમાદખાને ખોટી રીતે સુલતાન મહેમુદ બીજાના પુત્ર તરીકે ઠરાવી ગાદીએ બેસાડ્યો. અને રાજ્યની સર્વસત્તા પોતાના હાથમાં રાખી પણ તેની આ ચાલ લાંબો સમય ચાલી નહિ. છેવટે કેટલાંક મુસલમાન ઉમરાવોએ રાજ્યને અંદરોઅંદર વહેંચી લીધું. અમદાવાદ, ખંભાત તેમજ રાજ્યનો બીજો ઘણો મોટો ભાગ ઈતિમાદખાને પોતાની પાસે રાખ્યો સુરત, ભરૂચ, વડોદરા અને ચાંપાનેર ઈમાદુલ મુલ્કના દીકરા ચંગીઝખાનને મળ્યા. ધોળકા, ધંધુકા વગેરે સૈયદ મુબારકે લીધા. સૌરાષ્ટ્રનો પ્રદેશ અમીનખાં ઘોરીના ભાગે આવ્યો.*

*આ બધા અમીરો અંદરોઅંદર એકબીજાની ઈર્ષા કરતા હતા. કોઈને ઈતિમાદખાન ઉપર વિશ્વાસ ન હતો.આ સર્વના ઝઘડાથી પ્રજા ત્રાસી ગઈ હતી. ઉત્તર હિંદુસ્તાનમાંથી મિરઝાના પુત્રોએ અકબરની બંડ કર્યું હતું. પણ અકબરે તેને દાબી દેતાં તેઓ ત્યાંથી નાસીને ગુજરાત ભણી આવ્યા અને ઈતિમાદખાનના દુશ્મન ચંગીઝખાનને મળ્યા. ચંગીઝખાનને ખરા વખતે મદદ મળતાં તેણે મિરઝાઓને ભરૂચની જાગીર આપી. આ મિરઝાઓ ધીરે ધીરે ગુજરાતમાં માથાભારે થઇ વર્તવા લાગ્યા હતા. જ્યારે ઝુઝરખાં*

*સિંધીએ ચંગીઝખાનને યુદ્ધમાં મારી નાખ્યો ત્યારે લાગ જોઈ મિરઝાઓએ ભરૂચ, સુરત, ચાંપાનેર વગેરે પ્રદેશો જીતી અને ત્યાં પોતાની સત્તા સ્થાપી.*

### 8.4.2 ગુજરાત પર ચઢાઈ કરવા અકબરને આમંત્રણ

*આ સમય દરમ્યાન ઈતિમાદખાનના ત્રાસથી કંટાળી સુલતાન મુઝફ્ફરશાહ પાટણ નાસી ગયો અને શેરખાન પોલાદીને મળ્યો. આ બંનેએ ભેગા થઈ અમદાવાદ ઉપર આક્રમણ કર્યું. આથી ઈતિમાદખાન અમદાવાદના કિલ્લામાં ભરાઈ ગયો. એક બાજુ તેણે પોતાને બચાવવા મિરઝાઓની મદદ માગી જયારે બીજી બાજુ તેણે અકબર બાદશાહને ગુજરાત પર ચઢાઈ કરવા આમંત્રણ પાઠવ્યું તેને જણાવ્યું કે અફઘાનોએ અમદાવાદને ઘેરો ઘાલ્યો છે. ટૂંક સમયમાં તેઓ અમદાવાદ અમારી પાસેથી લઈ લેશે. બાદશાહ આવશે તો ગુજરાત બાદશાહને મળશે. નહિતર અફઘાનોથી બચવા અમે અમદાવાદ શહેર મિરઝાઓને સોંપી દઈશું.*

### 8.4.3 અકબરને મળેલી તક

*અકબરને પોતાના સામ્રાજ્યના વિસ્તરણ માટે ગુજરાત પ્રદેશ ઘણો જ અગત્યનો લાગ્યો. ફળદ્રુપ જમીન વિસ્તૃત દરિયાકાંઠા પર આવેલાં બંદરો અને સદીઓથી વિદેશી વેપારથી સમૃદ્ધ બનેલા આ પ્રદેશની ગણના હિંદભરમાં સમૃદ્ધ ગણતા પ્રાંતોમાં થતી હતી. હિંદમાં સર્વોપરી બનવાની મહેચ્છા સેવતા અકબરે આથી ગુજરાત પર ચઢાઈ કરવા તૈયારી કરી. રાજધાની ફત્તેહપુર સીકરીમાંથી રાજસ્થાન થઈ ગુજરાત આવવા પ્રયાણ કર્યું. (2, જૂલાઈ 1572) ગુજરાતની સરહદમાં પ્રવેશીને નહરવાલા પાટણ આવ્યો. અને પોતાના એક સમયના રક્ષક અને વાલી બહેરામખાનના 16 વર્ષના પુત્ર અબ્દુર રહીમખાનને બોલાવી પાટણની જાગીર આપી.તેનો વહીવટ સૈયદ અહમદખાન બર્હાને સોંપ્યો. ત્યાંથી તે જોટાણા ગયો. ત્યાં સમાચાર મળ્યા કે સુલતાન મુઝફ્ફરશાહ શેરખાન ફૂલાદીનું શરણું છોડી દઈ સોરઠમાં જતો રહ્યો છે. એને પકડવા અકબરે મીરખાન અને પેસાવલ નામના મુઘલ સરદારોને મોકલ્યા. છેવટે તેઓ મુઝફ્ફરને પકડીને (નવેમ્બર 15) શાહ અકબર પાસે લઈ આવ્યા. બીજી કોઈ શિક્ષા ન કરતાં મુઝફ્ફરશાહને કરમલખાનને સોંપ્યો. અને કેદીની જેમ રાખવા ફરમાવ્યું. આ સ્થળે ગુજરાતના કેટલાંક નામાંકિત અમીર અકબરને શરણે આવ્યા. તેમાં ગુજરાતના મુખ્ય સલાહકાર અબુતુરાલ અલી, સૈયદ અમીર બુખારી, સીદી અમીરોમાં ઉલુઘખાન, જુહૂજહારખાન, ઈખ્તિયાર-ઉલ-મુલ્ક તેમજ સ્થાનિક અમીરો વજીદ-ઉલ-મુલ્ક અને મુઝાહીદખાન જેવાઓનો સમાવેશ થતો હતો.*

*સમ્રાટ અકબરે ગુજરાતમાં અમીરો પર વર્ચસ્વ ધરાવનાર અને ખ્યાતનામ બનેલા ઈતિમાદખાનનો ટેકો મેળવવા એને કડી પાસે હાજીપુર મૂકામે આવકાર્યો અને જાહેરાત કરી કે ગુજરાતનો વહીવટ ઈતિમાદખાનને સોંપવામાં આવશે. અને એ જે જે અમીરોની સેવા માગશે તે બધાને એની સત્તા નીચે મૂકવામાં આવશે. વિચક્ષણ અકબરનું આ પગલું ગુજરાતના અમીરોની શુભભાવના અને તેમનો ટેકો મેળવવાની દ્રષ્ટિવાળું હતું. 20, નવેમ્બર 1572ના અકબર અમદાવાદ આવી પંદરેક દિવસ રોકાઈને પ્રજા તરફથી*

આવકાર મેળવ્યો. કારણ કે લોકોનો લાંબા સમયથી ચાલુ રહેલા ત્રાસના વાતાવરણમાંથી છુટકારો થયો હતો. જૂનાગઢ (સોરઠ)ના હાકેમ અમીનખાન ઘોરીએ પણ અકબરને ભેટ નજરાણાં મોકલાવી મુઘલ સત્તા પ્રત્યે આદરભાવના દર્શાવી.

અમદાવાદના પોતાના વસવાટ દરમ્યાન અકબરે ગુજરાતની વહીવટી વ્યવસ્થા ગોઠવી. અમદાવાદ તથા મહીનદીના ઉત્તર ભાગની ગુજરાત સરકારનો વહીવટ પોતાના દૂધભાઈ મિરઝા અઝીઝ કોકાને, ખાન-ઈ-આઝમને મહીનદીની દક્ષિણે આવેલો પ્રદેશ (દક્ષિણ ગુજરાત) જે બંડખોર મિરઝા અમીરોએ પચાવી પાડ્યો હતો તેનો વહીવટ ઈતિમાદખાન અને ગુજરાતી અમીરોની સામાન્ય દેખરેખ નીચે સોંપ્યો. તેમજ ઈતિમાદખાનને મુખ્ય અમીરની કામગીરી સોંપવામાં આવી.

### 8.4.4 અકબરની ખંભાત મૂલાકાત

અકબરે ખંભાતની મૂલાકાત લીધી પ્રથમવાર દરિયાનું દર્શન કરી ઘણો આનંદ અનુભવ્યો. અને દરિયાની સલેહગાહ કરી. ખંભાતમાં રહેતા રૂમ સિરિયા, ઈરાન, અને તુરાનના તથા ફિરંગી જેવા વેપારીઓએ અકબરનું સ્વાગત કર્યું.

અકબર અમદાવાદથી ખંભાત જવા નીકળ્યા બાદ એને માર્ગમાં જ સમાચાર આવ્યા કે અમદાવાદમાં જે અમીરોને રહેવાની પરવાનગી આપવામાં આવી હતી. તેઓ હવે બાદશાહ પ્રત્યેની વફાદારી ફગાવી દઈ મિરઝાઓ સાથે મળી જઈ ખટપટ કરવાની તૈયારીમાં છે. મીર અબુ તુરાબ સિવાયના ઈતિમાદખાન સહિત ઘણા અમીર વફાદારી ફગાવી દેવા તત્પર બન્યા હતા. અકબરે ખંભાત પહોંચ્યા બાદ તરત જ મીરબક્ષી શાહબાજખાનને અમદાવાદ જઈ વફાદારીમાં ડગમગી રહેલા અમીરોને કેદ કરી પોતાની સમક્ષ હાજર કરવા ફરમાન કર્યું. અકબરના આ હૂકમનું પાલન કરવામાં આવ્યું. ઈતિમાદખાનને શિક્ષા ન કરતા શાહબાજખાનના જાપ્તામાં સોંપવામાં આવ્યો. અકબર મિરઝાઓને હરાવી તેને તાબે લાવવા મક્કમ હતો. ખંભાતથી અકબરે પ્રયાણ કર્યાના સમાચાર સાંભળી મિરઝાઓ ચાંપાનેર, વડોદરા જેવાં મહત્ત્વના સ્થળો છોડી સુરત પહોંચી ગયા ત્યાં બાદશાહ અકબરનો પ્રબળ સામનો કરવા જંગી તૈયારી કરવા લાગ્યા હતા.

### 8.4.5 ઈબ્રાહીમ મિરઝાનો પરાજય

આ અરસામાં મિરઝા ઈબ્રાહીમ હુસેને ભરૂચનો ગઢ જીતી લઈ અકબરની છાવણીથી આઠ કોસ દૂર પડાવ નાખ્યો. મુઘલ સેનાએ ઠાસરાની પૂર્વે પાંચ માઈલ દૂર આવેલા સરનાલ નજીકમાં મિરઝા ઈબ્રાહીમને સખત પરાજય આપ્યો.(23, ડિસેમ્બર) અને ત્યાંથી આગ્રા તરફ નાસી ગયો.

### 8.4.6 અકબરનો સૂરત વિજય

સૂરતનો કિલ્લો મિરઝાઓનું દુર્ભેદ સ્થાન હતું. ત્યાં તેઓ કુટુંબસહિત સુરક્ષિત હતા. ઈબ્રાહીમ મિરઝા અને અકબર વચ્ચે મહી નદી પર ઠાસરા પાસેના સરનાલ પર ભયંકર યુદ્ધ થયું. તેમાં મિરઝા હાર્યો. બાદશાહે શાહકુલીનખાન મરહમને સૂરત તરફ મોકલ્યો આ સમાચાર ઈબ્રાહીમ મિરઝાની પત્ની ગુલરૂમ બેગમને મળતાં તે પોતાના પુત્ર

*મુઝફ્ફર હુસેનને લઈ દક્ષિણ તરફ નાસી ગઈ. સૈફુદ્દીન હુસેન મિરઝા એજ માર્ગે જતાં બાગલાણના ભૈરવસિંહના હાથે કેદ પકડાયો.*

*અકબર પોતે સર્વ પરિસ્થિતિની ટોડરમલ મારફતે તપાસ કરાવીને* 11, *જાન્યુઆરી* 1573*ના રોજ સૈન્ય સાથે સૂરત આવી પહોંચ્યો તેણે કિલ્લાની ચારે બાજુએ ઘેરો ઘાલ્યો કિલ્લેદાર હજમખાને પોતાને મદદ કરવા ફિરંગીઓને આમંત્રણ આપ્યું. ફિરંગી સરદાર સૈન્ય લઈને આવ્યો પણ બાદશાહનું સૈન્ય જોઈ ડરી ગયો. તેને બાદશાહની મૈત્રી સ્વીકારી. કિલ્લાનો ઘેરો લગભગ એક માસ અને સત્તર દિવસ સુધી સતત ચાલુ રહ્યો. છેવટે* 26, *ફેબ્રુઆરી* 1576 *ના રોજ સરદાર હજમખાન બાદશાહના શરણે આવ્યો. અકબરે અન્ય સર્વ સરદારોને માફી આપી પણ હજમખાનની જબાન કાપી નાખી. આ પછી કિલ્લો સમરાવીને બાદશાહ અમદાવાદ આવ્યો. સૂરતના કિલ્લાની સુલેમાની તોપો તેણે આગ્રા મોકલાવી દીધી.*

### 8.4.7 ગુજરાતમાં અકબરની વહીવટી વ્યવસ્થા

*અકબરે સૂરતથી અમદાવાદ આવી (એપ્રિલ* 3*)* 10 *દિવસ રોકાઈ ગુજરાતની પાકી વહીવટી વ્યવસ્થા કરી મિરઝા અઝીઝ કોકાને ગુજરાતનો સૂબેદાર નીમી એને આખા સૂબા (પ્રાત) નો વહીવટદાર બનાવ્યો. ખાન-ઈ-કલન મીર મુહમ્મદખાનને પાટણ અને તેના નાનાભાઈ કુત્બુદ્દીન મુહમ્મદખાનને ભરૂચ સોંપવામાં આવ્યું. નૌરંગખાનને વડોદરા સોંપવામાં આવ્યું. સૈયદ હમીદ બુખારીને ધોળકા અને ધંધુકાની જાગીર આપવામાં આવી. અકબરે અમદાવાદમાં ઈદનો તહેવાર ઉજવી અમદાવાદથી પ્રયાણ કર્યું. (એપ્રિલ* 13, 1573) *અને પાટણ અને ઝાલોરના માર્ગે એ ફત્તેપુર સીકરી જઈ પહોંચ્યો.*

### 8.4.8 અકબરની ગુજરાત પર ચઢાઈ

*ગુજરાતમાં હજુ મિરઝાઓની તાકાતને સંપૂર્ણપણે કચડી નાખવામાં આવી ન હતી. કેદી બનેલો ગુજરાતનો માજી સુલતાન મુઝફ્ફર ત્રીજો કેદમાંથી નાસી છૂટી પોતાનું રાજ્ય પાછું મેળવવાનો ભગીરથ પ્રયાસ કરવાની તૈયારીમાં હતો. સૌરાષ્ટ્રનો વિભાગ હજુ જીતવાનો બાકી હતો. જૂનાગઢમાં અમીનખાન ઘોરીની સત્તા સર્વોપરી હતી. શેરખાન ફૂલાદીના જૂના સાથીદાર અફઘાનો, મિરઝાઓ અને અસંતોષી હબસી અમીરોએ ભેગા મળી બંડ ઉઠાવવાનો નિશ્ચય કર્યો હતો. સૌરાષ્ટ્રમાં જામનગર અને કચ્છના રાજાઓ તથા બીજા રાજપૂત ઠાકોર ગુજરાતની ડામાડોળ રાજકીય સ્થિતિમાં જે પક્ષ લાભદાયી સ્થિતિમાં આવી પડે તેની સાથે જોડાઈને લાભ ઉઠાવવાની રમત ખેલી રહ્યા હતા. બીજી બાજુએ ગુજરાતમાં મુઘલ સત્તાવાળા પ્રદેશની પ્રજા અકબરની ઉદાર અને ધર્મસહિષ્ણુ નીતિને લીધે શાંતિનો અનુભવ કરી રહી હતી. આવી સ્થિતિમાં અશાંતિ ઊભી થઈ. આવા વાતાવરણમાં મિરઝા મુહમ્મદ હુસેન જે દૌલતાબાદ જઈને આશ્રય પામ્યો હતો. તે ઝડપથી સૂરત આવ્યો અને એની આગેવાની નીચે બંડ શરૂ થયું. મુઘલ ફોજદાર કુલીઝખાન સૂરતના કિલ્લામાં સપડાઈ ગયો. આથી મુહમ્મદ હુસેને ભરૂચ અને ખંભાત જીતી લીધા. અને અમદાવાદ તરફ કૂચ કરી. આ સમયે સૂબેદાર અઝીઝ કોકા ઈડર*

*પ્રદેશમાં એક બંડખોર સીદી અમીરનો સામનો કરી રહ્યો હતો. તે મુહમ્મદ હુસેનના અમદાવાદ આવી રહ્યાના સમાચાર સાંભળી ઝડપથી અમદાવાદ આવી પહોંચ્યો અને તેણે આક્રમણખોરોનો મજબૂત સામનો કરવાની તૈયારી કરી. ટૂંક સમયમાં જ બળવાખોરોનાં લશ્કર અમદાવાદ આવી પહોંચ્યા. જેમાં ઈડરથી આવેલ ઈખ્તિયાર-ઉલ-મુલ્ક જૂહૂજહારખાનનો પુત્ર વલીખાન, શેરખાન ફૂલાદીના પુત્રો, રાજપૂતો, અસંતોષી મુસલમાનોનો સમાવેશ થતો હતો. અમદાવાદમાં ઘેરાઈ રહેલા અઝીઝ કોકાએ બળવાખોરોનો સામનો ખુલ્લા મેદાનમાં આવીને કરવાનું ટાળ્યું. બીજી બાજુએ સમ્રાટ અકબરને આ સમાચાર મળતાં સમય ગુમાવ્યા વગર એ પોતે વીજળીવેગે કૂચ કરી માત્ર નવ દિવસમાં 600 માઈલ અંતર કાપીને અમદાવાદ આવી પહોંચ્યો એણે બળવાખોરો પર પ્રબળ હૂમલો કરી એમને બધાને ભયંકર પરાજય આપ્યો. (સપ્ટેમ્બર 1573) બંડખોરોના નેતા હુસેનનેકેદ પકડી પાછળથી એની હત્યા કરવામાં આવી. સીદી ઉમરાવ ઈખ્તિયાર-ઉલ-મુલ્ક માર્યો ગયો. નાસી ગયેલા બળવાખોરોને કેદ કરવા વિશ્વાસુ અમલદારોને મોકલવામાં આવ્યા. ઈડરના રાવે બળવાખોરોને મદદ કરેલી તેથી તેણે શિક્ષા કરવા અને બીજા રાજપૂતોને મનાવી લઈને એની વફાદારી મેળવવા આદેશ આપ્યા.*

## 8.5 ગુજરાતમાં મુઘલ સત્તાની સ્થાપના

*વિજય મેળવ્યા બાદ 11 દિવસમાં જ અકબરે ગુજરાતની વ્યવસ્થા કરી અઝીઝ કોકાના કાકા ખાન-ઈ-કલન પાસે પાટણની જાગીર ચાલુ રહેવા દેવામાં આવી. વજીરખાનને ધોળકા અને ધંધુકાની જાગીર આપવામાં આવી ખ્વાજા ઘિયાસુદ્દીન અલીને 'અસફખાન'નો ખિતાબ આપી દીવાન અને બક્ષી નીમ્યો. આમ અસફખાન ગુજરાતનો પહેલો દીવાન બન્યો. જૂનાગઢ પર કબજો જમાવી બેઠેલા અમીનખાન ઘોરીને હરાવી એની પાસેથી એ પ્રદેશ લઈ લેવા આદેશ આપ્યા. એ પછી અકબર કડી સિદ્ધપુર શિરોહી અને અજમેરના માર્ગે આગ્રા પહોંચ્યો.(ઓક્ટોબર 5, 1573) આમ આ ચઢાઈમાં ઝડપી કૂચ કરવી, વિજય મેળવવો, વહીવટી વ્યવસ્થા કરવી એ બધું 43 દિવસમાં આટોપી લેવા બદલ અકબરની કાર્યદક્ષતા ફત્તેહશક્તિની પ્રશંસા કરવામાં આવી છે. આથી એ ચઢાઈ 'ઝડપી ચઢાઈ' તરીકે ઓળખાય છે.*

*ગુજરાતમાંથી પસાર થતાં સિદ્ધપુર ખાતે અકબરને વડનગરનો કિલ્લો જીતી લેવાયાના સમાચાર અપાયા. જયપુર રાજ્યમાં સંગનેર ખાતે મળવા આવેલા ટોડરમલને અકબરે ગુજરાતના જીતાયેલા પ્રાંતની જમીન મહેસુલની જમાબંધીનું કામ કરવા ફરમાન કર્યું. ટોડરમલે પણ ગુજરાતમાં જમાબંધીનું કાર્ય પતાવી આગ્રા આવી બધી વિગત શાહી દફતર ખાતામાં પેશ કરી.*

*આમ, ગુજરાત સલ્તનતનો અંત 1573 આખરમાં આવી ગયો અને ગુજરાત મુઘલ સામ્રાજ્યનો સૂબો (પ્રાંત) બની ગયું.*

**તમારી પ્રગતિ ચકાસો**

**(અ) નીચેના પ્રશ્નના ઉત્તર ટૂંકમાં લખો.**

(1) *બાબરના ગુજરાત સાથેના સંપર્ક કેવા રહ્યા હતા.*

(2) *ગુજરાત પરના હૂમાયના આક્રમણની ટૂંક નોંધ લખો.*

(3) *અકબરના સૂરત વિજય પર નોંધ લખો.*

(4) *ગુજરાતમાં મુઘલ સત્તાની સ્થાપના વિશે ટૂંક નોંધ લખો*

**(બ) બહુવિકલ્પીય પ્રશ્નો લખો.**

(1) *બાબરે ગુજરાત પર આક્રમણ કર્યું ત્યારે ગુજરાતનો શાસક કોણ હતો?*

(a) *મુઝફ્ફરશાહ* (b) *મહમદશાહ* (c) *ઈબ્રાહીમ* (d) *ફિરોઝશાહ*

(2) *ગુજરાત પર ચઢાઈ કરવા અકબરને કોણે આમંત્રણ આપ્યું હતું?*

(a) *શેરખાન* (b) *ઈતિમાદખાન* (c) *મિરઝાખાન* (d) *ચંગીઝખાન*

(3) *અકબરે પ્રથમ વખત સમુદ્રદર્શન કઈ જગ્યાએ કર્યું હતું?*

(a) *વેરાવળ* (b) *માંગરોળ* c) *દીવ* (d) *ખંભાત*

## 8.6 સારાંશ

*દિલ્હી સલ્તનતની સત્તા કરતાં મુઘલાઈની સત્તા દરમ્યાન ભારતમાં એકંદરે શાંતિ અને સમૃદ્ધિ વધી હતી. ગુજરાતમાં પણ તેની અસર જોવા મળે છે. પણ ગુજરાતની સલ્તનત સ્થપાતા પહેલાં ગુજરાત ઉપર દિલ્હી સલ્તનતના આઝિમોનો વહીવટ રહ્યો હતો. તેમ ગુજરાતની સલ્તનતના પછીના સમયગાળામાં ગુજરાતમાં મુઘલ બાદશાહોના સુબેદારોનો સત્તા અમલ રહ્યો હતો. તેમાં કેટલાંક શાહજાદાઓ અને ખંડિયા રાજાઓનો સમાવેશ થતો હતો. આમ મુઘલ બાદશાહ અકબરે ઈ.સ.*1572-73 *માં ગુજરાત જીતી લઈ ત્યાં મુઘ્લાઈ સત્તાની સ્થાપના કરી તે પહેલાં તેના પૂર્વજો બાબર અને હૂમાયએ પણ ગુજરાત સાથે કંઈને કંઈ સંપર્કો રાખ્યા હતા.*

## 8.7તમારી પ્રગતિ ચકાસોના જવાબો

**(બ) બહુવિકલ્પીય પ્રશ્નો લખો.**

(1) *(એ)* (2) *(બી)* (3) *(ડી)*

## 8.8 સંદર્ભ ગ્રંથો

1. *આચાર્ય નવીનચંદ્ર એ. 'મુઘલકાલીન ગુજરાત', અમદાવાદ, પ્રથમ આવૃત્તિ,* 1974.

2. *પરીખ રસિકલાલ છો./શાસ્ત્રી હરિપ્રસાદ ગં. 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ ગ્રંથ ૬ મુઘલ યુગ' અમદાવાદ, પ્રથમ આવૃત્તિ,* 1979.

3. *પટેલ જશુભાઈ બી. 'ભારતનો ઈતિહાસ - મુઘલ યુગ' અમદાવાદ, પ્રથમ આવૃત્તિ,* 1978.
4. *દેસાઈ શંભુપ્રસાદ હ. 'સૌરાષ્ટ્રનો ઈતિહાસ', રાજકોટ, ત્રીજી આવૃત્તિ,* 1990, *યુનિટ* 9, *ગુજરાતમાં મુઘલ શાસન – અકબરથી બાદશાહ આલમગીર સુધી*

**x**

| એકમ- 9 | ગુજરાતમાં મુઘલ શાસન – અકબરથી બાદશાહ આલમગીર સુધી |
|---|---|

## રૂપરેખા :


9.0 ઉદ્દેશો

9.1 પ્રસ્તાવના

9.2 અકબરના સમયમાં ગુજરાતમાં મુઘલ શાસન

9.2.1 મિરઝા અઝીઝ કોકા (ઈ.સ.1573 – 1575)

(1) ગુજરાતમાં ભયંકર દુષ્કાળ

(2) સૂરત બંદરનો વહીવટ

(3) અકબરની સૌરાષ્ટ્ર પર સત્તા

(4) મિરઝા અઝીઝ કોકાનું સુબેદાર પદ રદ

9.2.2 સૂબા મિરઝા અબ્દુરરહીમખાન

(1) મક્કા હજ માટે પરવાનો

(2) ઈડર - નાંદોદમાં બંડ

(3) મુઝફ્ફર હુસેનનું બંડ

9.2.3 સૂબા શિહાબુદ્દીન અહમદખાન

9.2.4 સૂબો ઈતિમાદખાન

9.2.5 સૂબો મિરઝા અબ્દુરરહીમખાન

9.2.6 સૂબો મિર્ઝા અઝીઝ કોકા

(1) ભૂચર મોરીનું યુદ્ધ

(2) જૂનાગઢ વિજય

(3) મુઝફ્ફરશાહ - કેદ અને મૃત્યુ

9.2.7 સૂબો શાહજાદો મુરાદ

9.2.8 સૂબા મિર્ઝા અઝીઝ કોકા

9.3 જહાંગીરના સમયમાં ગુજરાતમાં મુઘલ શાસન

9.3.1 સૂબો કુલીઝખાન

9.3.2 સૂબો રાજા વિક્રમજીત

9.3.3 સૂબા સૈયદ મુર્તઝાખાન બુખારી

9.3.4 સૂબા મિર્ઝા અઝીઝ કોકા

9.3.5 સૂબો અબ્દુલ્લાખાન ફિરોઝ જંગ

9.3.6 સૂબો મુકર્રબખાન

9.3.7 સૂબો શાહજાદો શાહજહાં

9.3.8 સૂબો શાહજાદો દાવરબક્ષ

9.4 શાહજહાના સમયમાં ગુજરાતમાં મુઘલ શાસન

9.4.1 સૂબો ખાનજહાં લોદી

9.4.2 સૂબો શેરખાન તૂર નાહિરખાન

9.4.3 સૂબો ઈસ્લામખાન

9.4.4 સૂબો બાકરખાન

9.4.5 સૂબો સિપેહદારખાન

9.4.6 સૂબો સૈફખાન

9.4.7 સૂબો આઝમખાન

9.4.8 સૂબો ઈસાતુરખાન

9.4.9 સૂબો શાહજાદો ઔરંગઝેબ

9.4.10 સૂબો શાઈસ્તખાન

9.4.11 સૂબો શાહજાદો દારા શુકોહ

9.4.12 સૂબો શાઈસ્તખાન

9.4.13 સૂબો શાહજાદો મુરાદબક્ષ

9.5 ઔરંગઝેબના સમયમાં ગુજરાતમાં મુઘલ શાસન

9.5.1 સૂબો શાહનવાઝખાન

9.5.2 સૂબો મહારાજા જસવંતસિંહ

9.5.3 સૂબો મહાબતખાન

9.5.4 સૂબો બહાદુરખાન

9.5.5 સૂબો મહારાજા જસવંતસિંહ

9.5.6 સૂબો અમીનખાન

9.5.7 સૂબો મુખતારખાન

9.5.8 સૂબો શુજાતખાન

9.5.9 સૂબો શાહજાદો આઝમશાહ

9.5.10 સૂબો શાહજાદો મુહમ્મદ બીદરબખ્ત

9.5.11 સૂબો ઈબ્રાહીમખાન

9.6 શાહઆલમના સમયમાં ગુજરાતમાં મુઘલ શાસન

9.6.1 સૂબો ગાઝીઉદ્દીનખાન બહાદુર ફિરોઝજંગ

9.6.2 સૂબો શાહમતખાન

9.7 સારાંશ

9.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

9.9 સંદર્ભ ગ્રંથો

## 9.0 ઉદ્દેશો

*આ એકમમાં અમારો હેતુ મુઘલયુગના રાજવીઓ દ્વારા ગુજરાતમાં મુઘલયુગની ગુજરાતમાં સ્થાપના ક્યારે અને કેવી રીતે થઈ હતી. તેમજ તેઓએ દિલ્હી રહીને પણ ગુજરાતમાં સૂબાઓ દ્વારા મધ્યસ્થ વહીવટીતંત્ર કેવી રીતે સ્થાપ્યું હતું. તેનો તલસ્પર્શી ખ્યાલ આપવાનો છે.*

*આ એકમના અભ્યાસ બાદ તમે નીચે જણાવેલી માહિતી મેળવશો.*

- *ગુજરાતમાં અકબરના સમયમાં મુઘલ શાસન અને તેનો પરિચય*
- *ગુજરાતમાં જહાંગીરના સમયમાં મુઘલ શાસન*
- *ગુજરાતમાં શાહજહાંના સમયમાં મુઘલ શાસન*
- *ગુજરાતમાં ઔરંગઝેબના સમયમાં મુઘલ શાસન*
- *ગુજરાતમાં શાહઆલમના સમયમાં મુઘલ શાસન*
- *ગુજરાતમાં સૂબાઓ દ્વારા પ્રાંતિય શાસન*

## 9.1 પ્રસ્તાવના

*ભારતમાં મુઘલ સત્તા સ્થપાયા બાદ ગુજરાતમાં સત્તા સ્થાપવા માટે બાબર - હૂમાય દ્વારા પ્રયત્ન થયા હતા પરંતુ અકબરના સમયમાં ગુજરાતમાં મુઘલ શાસન સ્થપાયું અને સૂબાઓ દ્વારા તેનો વહીવટ સારી રીતે થતો હતો. અને દિલ્હીથી સૂબાઓની નિમણૂંક થતી હતી તેમજ અવારનવાર તેમની બદલી પણ થતી હતી.*

## 9.2 અકબરના સમયમાં ગુજરાતમાં મુઘલ શાસન

*મુઘલ બાદશાહ અકબરે માત્ર એક જ વર્ષના સમયગાળા દરમ્યાન ગુજરાત પર બે વાર આક્રમણ કર્યા. એમાં વિજય પ્રાપ્ત કરી ઈ.સ. 1573માં ગુજરાતને મુઘલ સામ્રાજ્યનો એ પ્રાંત બનાવ્યો હતો. તેના શાસનકાળ દરમ્યાન આઠ જેટલા સૂબેદારોએ ગુજરાતનો વહીવટ સંભાળ્યો હતો.*

### 9.2.1 મિરઝા અઝીઝ કોકા (ઈ.સ.1573 – 1575)

*અકબરે ગુજરાતમાં જીત મેળવ્યા પછી પોતાના દૂધભાઈ અને ખાસ વિશ્વાસુ એવા મિરઝા અઝીઝ કોકાને ગુજરાત પ્રાંતના પ્રથમ સૂબેદાર તરીકે નિમણૂંક કરી હતી. જે 'ખાન આઝમ' તરીકે પ્રખ્યાત થયો હતો. ગુજરાતમાં અઝીઝ કોકાના સૂબાપદ દરમ્યાન અકબરના હૂકમથી રાજા ટોડરમલે છ મહિના રોકાણ કરી ઉત્તર ભારતની જમીન માપણીની પદ્ધતિ પ્રમાણે જમીનની મોજણી કરીને જમીન મહેસુલ નક્કી કર્યું હતું. કેટલાંક અમીરોને મહાલો જાગીર પેટે ભોગવતા હતા એ જાગીરોને અઝીઝ કોકાએ ગુજરાતમાં સત્તા સંભાળતા ખાલસા કરાવી હતી. અકબરે તેને વહીવટમાં મદદરૂપ થવા માટે પોતાના દરબારમાંથી વજી-ઉલ-મુલ્કને દીવાન તરીકે ખાસ નીમવામાં આવ્યો હતો. જે અકબરના દરબારમાંથી ગુજરાતમાં આવનાર પ્રથમ દીવાન બન્યો હતો.*

**(1) ગુજરાતમાં ભયંકર દુષ્કાળ**

*ગુજરાતમાં અઝીઝ કોકાએ શાસન વહીવટ સંભાળ્યો એ જ વર્ષે ભયંકર દુષ્કાળ પડ્યો. ખેતી અને પશુધનને પારાવાર નુકશાન થયું. જીવન જરૂરિયાતની વસ્તુઓના ભાવ આસમાને પહોંચી ગયા. ત્યારે ગુજરાતમાંથી ઘણાં પોતાના ભરણપોષણ માટે બીજા પ્રદેશમાં સ્થળાંતર કર્યું હતું.*

**(2) સૂરત બંદરનો વહીવટ**

*સૂરત બંદર વર્ષોથી ભારતના અને પ્રદેશના અનેક બંદરો સાથે વેપાર સંબંધથી જોડાયેલું હતું. સૂરતમાં દેશ પ્રદેશના અનેક વહાણો લાંગરતા હતા. આમ પહેલેથી જ સૂરત બંદર વ્યાપારિક દ્રષ્ટિએ ખૂબ જ મહત્ત્વનું બંદર હતું. માટે જ અકબરે વિજય મેળવ્યા બાદ આ બંદરની અલગથી વ્યવસ્થા કરવાની વાત વિચારી હતી. અને તેને દિલ્હીના મધ્યસ્થ વહીવટ હેઠળ આવરી લેવામાં આવ્યું હતું. આથી સૂરતનો કિલ્લો અને તેના આજુબાજુના પરગણાને સૂરત સાથે જોડી દઈ તેનો વહીવટ કરવા માટે એક મુસદ્દીને નીમવામાં આવ્યો હતો. તેનું કાર્ય સૂરત બંદરની જકાત અને આજુબાજુના પરગણાનો વહીવટ કરવાનું હતું. વહીવટી ખર્ચને બાદ કરતાં વધેલી રકમ મુઘલ રાજ્યની કચેરીમાં જમા કરવામાં આવતી હતી.*

**(3) અકબરની સૌરાષ્ટ્ર પર સત્તા**

*સૌરાષ્ટ્રનો સમગ્ર વિસ્તાર ગુજરાત સલ્તનત દરમ્યાન સોરઠ કહેવાતો હતો. સૌરાષ્ટ્રના રાજવીઓમાં અંદરોઅંદર કુસંપ વધવાથી રાજવીઓ નબળા પડ્યા હતા. આવી સ્થિતિનો લાભ લઈને મિરઝા અઝીઝ કોકાએ ધીરે ધીરે સૌરાષ્ટ્ર ઉપર કબજો કરવા માંડ્યો અને બધા રાજ્યોએ અકબરનું સાર્વભૌમત્વ સ્વીકાર્યું હતું. સોરઠના ચૌદ બંદરો સહિત બાસઠ પરગણા મુઘલ ફોજદારની સત્તા હેઠળ આવતા હતા. જેની સંભાળ રાખવા માટે જૂનાગઢ ખાતે એક ફોજદાર રહેતો એ બધા રાજ્યો પાસેથી ખંડણી ઉઘરાવી મુઘલ ખજાનામાં જમા કરાવતો હતો.*

**(4) મિરઝા અઝીઝ કોકાનું સુબેદાર પદ રદ**

*મુઘલ સત્તા દરમ્યાન અકબરે મનસબદારી પદ્ધતિનો અમલ કર્યો હતો. જેમાં રાજ્ય તરફથી મનસબદારોને ઘોડા આપવામાં આવતા હતા. તેની ગણતરી રાખવા ઘોડાના શરીર પર દાગ એટલે કે નિશાન મારવાની શરૂઆત કરવાની હતી. એ દાગધારો ગુજરાતથી શરૂઆત કરવા અઝીઝ કોકાને કહેવામાં આવ્યું, પરંતુ અઝીઝ કોકાએ એ બાબતનો વિરોધ કર્યો. આથી અકબરે તેને સુબેદાર પદેથી દૂર કર્યો. અને તેને સરકારીતંત્રમાં બીજી કામગીરી સોંપવામાં આવી હતી.*

**9.2.2 સૂબા મિરઝા અબ્દુરરહીમખાન**

*ગુજરાતમાં બહેરામખાનના પુત્ર અબ્દુરરહીમખાનને સૂબા તરીકે નીમવામાં આવ્યો હતો. સુબા તરીકે તેની ઉંમર નાની હોવાથી તેને રાજ્ય વહીવટમાં મદદ કરવા*

*માટે વઝીરખાનને નાયબ સૂબા તરીકે અને સાથે બીજા કેટલાંક સરદારોને મુખ્ય અધિકારીઓ તરીકે મૂકવામાં આવ્યા હતા. જેમાં એક હિંદુ અનુભવી સજ્જન પ્રાગદાસને નિમણૂંક કરી અને સૈયદ મુઝફ્ફરને બક્ષી તરીકે નીમ્યો હતો.*

**(1) મક્કા હજ માટે પરવાનો**

*ગુજરાતના સમુદ્ર વિસ્તારમાં ફિરંગીઓનું વર્ચસ્વ રહેતું હતું. અકબરની માતા અને બીજી અન્ય સ્ત્રીઓને ઈ.સ. ૧૫૭૫માં હજની યાત્રા કરવા જવાનું થયું તે માટે તેઓ સૂરત આવ્યા પરંતુ તેમને મક્કા જવા માટે ફિરંગીઓ પાસેથી પરવાનો લેવો પડ્યો હતો.*

**(2) ઈડર - નાંદોદમાં બંડ**

*ગુજરાતમાં મુઘલ સત્તા વિરુદ્ધ ઈ.સ.1576માં બંડ શરૂ થયા. જેમાં અબ્દુરરહીમખાન અને વજીરખાન બરોબર વ્યવસ્થા ગોઠવી શક્યા નહી એવા સમાચાર અકબરને મળતા તેણે ઈ.સ.1577માં ગુજરાતમાં ટોડરમલને મોકલ્યો. તે ઝાલોરની સરહદે આવતાં શિરોહીનો સરદાર તેને શરણે આવી નજરાણું ધર્યુ. તેનો સ્વીકાર કરી ગુજરાતના સૂબાનો સલાહકાર બનાવ્યો. ત્યાર બાદ ભરૂચ પાસે ધરમપુરનો શાસક શરણે આવ્યો. તેને ટોડરમલે પોતાની સાથે રહેવાની શરતે મિત્ર બનાવ્યો. તેમજ ડુંગરપુરના સરદારને વશ કરીને મનસબદારની નોકરીમાં રાખ્યો. આમ રાજા ટોડરમલે મુત્સદ્દીગીરીથી બધાને પોતાને તાબે કર્યા હતા.*

**(3) મુઝફ્ફર હુસેનનું બંડ**

*ઈ.સ.1572માં અકબર સાથેના ઠાસરાના યુધ્ધમાં પરાજય થયેલા ઈબ્રાહીમ હુસેનની પત્ની તેના પુત્ર સાથે દક્ષિણ તરફ નાસી ગઈ હતી. તેણે દક્ષિણના એક સરદારની સહાયથી ગુજરાતમાં આવી બંડ પોકાર્યું, તેણે લશ્કર સાથે અમદાવાદ પર આક્રમણ કરવાની તૈયારી કરી, તે સમયે વડોદરાના ફોજદારે તેનો સામનો કર્યા વગર આગળ વધવા દીધા તેથી સૂબા અબ્દુર રહેમાને તેનો સામનો કરવા બાજબહાદુર અને સાથીઓને મોકલ્યા, પરંતુ તેઓ પરાજિત થયા. તેથી ટોડરમલને મદદ કરવા સંદેશો પાઠવ્યો તે જલ્દીથી અમદાવાદ પહોંચ્યો અને ત્યાંથી સૂબાને લશ્કર લઇ વડોદરા તરફ રવાના કર્યો. ત્યારે મુઝફ્ફર હુસેન લશ્કર આવતું જોઈ ખંભાત તરફ નાસી ગયો. અને ધોળકા પાસેથી પકડાઈ ગયો. આમ રાજા ટોડરમલ, બાઝ બહાદુર દિવાન પ્રાગદાસ વગેરેએ સાથે મળીને બળવાખોરોને પરાજય આપ્યો. અને બધા બળવાખોરોને અકબર સમક્ષ રજૂ કર્યા. અને મિરઝાના બંડનો અંત આવ્યો.*

### 9.2.3 સૂબા શિહાબુદ્દીન અહમદખાન

*અબ્દુર રહીમખાનને ગુજરાતમાંથી પરત બોલાવી તેની જગ્યાએ શિહાબુદ્દીનની ગુજરાતના સૂબા તરીકે નીમવામાં આવ્યો હતો. શિહાબુદ્દીને મોડાસા પ્રદેશમાં સાબરમતી અને મહી નદીના વચ્ચેના વિસ્તારમાં પ્રજા ઉપર તોફાની તત્વોની કનડગતને દૂર કરવા પ્રજાની સલામતીને ધ્યાનમાં રાખીને કેટલાંક કિલ્લા બંધાવી થાણાં સ્થાપ્યાં હતા. તેમજ*

ત્યાં ઘોડેસવાર ટૂકડીઓ પણ મૂકી હતી. જમીન માપણીને લઈને કેટલીક જગ્યાએ અસંતોષ હોવાથી ત્યાં ફરી વખત જમીન માપણી કરાવી હતી.

મુઘલ સત્તાની સ્થાપનાને વીસ વર્ષ થયા હોવા છતાં સૌરાષ્ટ્રમાં પૂર્ણતયા મુઘલ સત્તા સ્થપાય ન હતી. સૌરાષ્ટ્રમાં જૂનાગઢનો સલ્તનત સમયનો સૂબો અમીનખાન અને નવાનગર રાજ્ય પોતાને સ્વતંત્ર માનતા હતા. જૂનાગઢને તાબે કરવા આવેલ વજીરખાન નિષ્ફળ ગયો હતો. શિહાબુદ્દીન ગુજરાતનો સૂબો બનતા જૂનાગઢને જીતવાનો વિચાર કર્યો ત્યારે જૂનાગઢનો સેનાપતિ ફત્તેહખાન મુઘલ સૂબા સાથે ભળી ગયો. શિહાબુદ્દીને 4,000ના લશ્કર સાથે પોતાના ભત્રીજા મિરઝા જાનને જૂનાગઢ ઉપર આક્રમણ કરવા મોકલ્યો. આવા કપરા સમયે નવાનગરના જામ શત્રુ શલ્યજીએ અમીનખાનને મદદ કરી તેથી બંને મુઘલ સેનાનો સખત સામનો કર્યો અને ફત્તેહખાન મરાયો. મિરઝાજાને જૂનાગઢનો ઘેરો ઉઠાવી માંગરોળને ઘેરો ઘાલ્યો. પરંતુ તેમની પાછળ અમીનખાન અને જામના લશ્કરોએ પીછો કર્યો અને તેને કોડીનાર પાસે હરાવ્યો. મિરઝાજાન ખૂબ જ ઘવાયો. અને હારીને, થાકીને ભારે મુશ્કેલીથી અમદાવાદ પહોંચ્યો.

શિહાબુદ્દીને પોતાના સૂબાપદ દરમ્યાન ગુજરાતમાં અવ્યવસ્થાનો અંત લાવીને વહીવટી વ્યવસ્થા સ્થાપવાનો પ્રયાસ કર્યો હતો.

### 9.2.4 સૂબો ઈતિમાદખાન

શિહાબુદ્દીનખાન બાદ ગુજરાતના સૌથી જૂના અને પ્રખ્યાત અમીર ઈતિમાદખાનને સૂબા તરીકે નિમવામાં આવ્યો હતો. આ પહેલાં તે પાટણની જાગીર અને શાહી મિલકતોની જવાબદારી સંભાળતો હતો. તેને મદદ કરવા અકબરે અબુ તુરાબને અમીન તરીકે, અબૂલકાસીમને દીવાન તરીકે અને ખ્વાજા નિઝામુદ્દીનની બક્ષી તરીકે નિમણૂંક કરી હતી. ઈતિમાદખાનનું અમદાવાદમાં સૂબા તરીકે આગમન થતાં જ મુઝફ્ફર ત્રીજાએ બંડ કર્યું અને તેનું વહીવટી કાર્ય મુશ્કેલભર્યું બનાવી દીધું હતું.

ઈ.સ.1573માં અકબરે ગુજરાત વિજય કર્યો ત્યારે ગુજરાતના સુલતાન મુઝફ્ફરશાહને નાની જાગીર આપી ખ્વાજાશાહ મનસૂરના જાપ્તા હેઠળ મૂક્યો હતો. પરંતુ મોકો જોઈને તે નાસી છૂટ્યો હતો. ઈ.સ.૧૫૭૮માં રાજપીપળાના રાજવીના આશ્રયે અને પછી સૌરાષ્ટ્રના ખેરડીના લોમા ખૂમાણના આશ્રયે રહ્યો હતો. આમ ઘણો સમય ગુપ્તવાસ ભોગવ્યો અને તે સમયે અકબરના અધિકારીઓ પણ એના તરફ કોઈ ધ્યાન આપ્યું ન હતું. ઈતિમાદખાને સત્તા સંભાળતાની સાથે જ મુઝફ્ફરશાહે અમદાવાદ પર આક્રમણ કરવાની તૈયારી શરૂ કરી. ઈતિમાદખાન કડી ખાતે શિહાબુદ્દીનની સાથે સમાધાન કરી તેની મદદ મેળવવા જતા મુઝફ્ફરશાહે અમદાવાદ કબજે કરી લીધું. ઈતિમાદખાન અને શિહાબુદ્દીનખાન ત્વરિત ગતિએ અમદાવાદ આવ્યા પરંતુ ભયંકર યુદ્ધમાં મુઝફ્ફરે બંનેના લશ્કરોને હરાવ્યા. ઈતિમાદખાન પોતાનો જીવ બચાવવા પાટણ નાસી ગયો. મુઝફ્ફરશાહે 4 સપ્ટેમ્બર 1583માં ફરી વખત ગુજરાતના સુલતાનનું પદ ધારણ કર્યું. પછીથી તેણે અમદાવાદની આસપાસના પ્રદેશો વડોદરા અને ભરૂચ પણ કબજે કર્યા. અને ખંભાત પણ મેળવ્યું. આમ સમૃદ્ધ અને ધનવાન શહેરો ઉપર સત્તા સ્થાપી દીધી. આ સમયે

*સમાચાર મળ્યા કે અકબરની સૂચનાથી મિરઝાખાન સૈન્ય સાથે અમદાવાદ આવે છે તેથી મુઝફ્ફરશાહ અમદાવાદ પહોંચી ગયો.*

### 9.2.5 સૂબો મિરઝા અબ્દુરરહીમખાન

*ગુજરાતના મુઘલ સત્તા સામેના બંડની અકબરને ખબર પડતાં તેણે તરત જ ઈતિમાદખાનને સૂબા પદેથી દૂર કરી તેની જગ્યાએ અબ્દુર રહીમખાનની નિમવામાં આવ્યો. લોકો તેને મિર્ઝાખાન તરીકે ઓળખતા હતા. અકબરે તેની મદદમાં અજમેર અને માળવાના સેનાપતિઓને લશ્કર સાથે મોકલ્યા હતા. અબ્દુર રહીમખાન પણ સૈન્ય સાથે ગુજરાત આવીને સરખેજ પાસે 16 જાન્યુઆરી 1584 ના રોજ મુઝફ્ફરશાહને હરાવ્યો. એ મહેમદાબાદ થઈને ખંભાત ચાલ્યો ગયો. ત્યાં જઈને મુઝફ્ફરશાહે અસંતુષ્ટ સરદારોને સાથે સાથે રાખી લશ્કર ઉભું કરી સૂબાનો સામનો કરવા તૈયારી કરી. અબ્દુર રહીમખાને તેનો સતત પીછો કરીને રાજપીપળાના ડુંગરોમાં 10, માર્ચ 1584ના રોજ ફરી વખત હરાવ્યો. મુઝફ્ફર ત્યાંથી નાસી ગયો. અકબરે આ વિજયના સમાચાર સાંભળી અબ્દુર રહીમખાનને ખાન-ઈ-ખાન નો ખિતાબ આપ્યો. અબ્દુર રહીમખાને ગુજરાતમાં વહીવટી વ્યવસ્થા સરખી રીતે ગોઠવી. તે સમય દરમ્યાન મુઝફ્ફર એક જગ્યાએથી બીજી જગ્યાએ નાસતો ભાગતો રહ્યો અને મિર્ઝાખાન તેનો પીછો પકડતો રહ્યો હતો. ઈ.સ. 1589 માં મિર્ઝાખાનને દિલ્હી બોલાવી થોડા સમય માટે ઈસ્માઈલ કુલીખાનને સૂબા તરીકે નીમવામાં આવ્યો હતો.*

### 9.2.6 સૂબો મિર્ઝા અઝીઝ કોકા

*મિર્ઝા અઝીઝ કોકાની ગુજરાતમાં સૂબા તરીકે બીજીવાર નિમણૂંક કરવામાં આવે છે. જે ખાનઆઝમ તરીકે ઓળખાતો હતો. એ જ્યારે ગુજરાતમાં આવ્યો ત્યારે ગુજરાતની સ્થિતિ ડામાડોળ જેવી હતી. લશ્કરી સત્તા કુલીખાન અને શેખ નિઝામુદ્દીન પાસે હતી. તેમણે નાસતા ફરતા મુઝફ્ફરનો પીછો કર્યો હતો. એ વખતે યુદ્ધો અને લડાઈની દોડાદોડીમાં અધિકારીઓ વહીવટીતંત્ર બરોબર સંભાળી શકતા ન હતા.*

### (1) ભૂચર મોરીનું યુદ્ધ

*આવા કપરા કાળમાં મિર્ઝા અઝીઝ કોકાએ જૂન 1590માં ગુજરાતના સૂબાપદ સંભાળ્યું હતું. એની ઈચ્છા સૌરાષ્ટ્રમાં રાજ્યાશ્રય મેળવી રહેલા મુઝફ્ફરને અને તેને આશ્રય આપનારને હરાવીને સૌરાષ્ટ્રને મુઘલ સત્તા હેઠળ લાવવાની હતી. એને સમાચાર પ્રાપ્ત થયા કે મુઝફ્ફર સાથે એના આશ્રયદાતા નવાનગરના જામ, જૂનાગઢના દૌલતખાન અને કાઠી લોમા ખુમાણ મળીને ત્રીસ હજારનું મોટું લશ્કર ઊભું થયું છે. એટલે તેની સામે લડવા મિર્ઝા અઝીઝ કોકાએ પોતે જ દશ હજાર સૈનિકો સાથે મુઘલ સેનાની આગેવાની લીધી હતી. ચોમાસાનો સમય હતો યુદ્ધ માટે અનુકૂળ પરિસ્થિતિ ન હતી છતાં બંને પ્રતિ પક્ષો ભૂચર મોરીના મેદાનમાં લડવા માટે એકઠા થયા. 18 જૂલાઈ 1591ના રોજ ભયંકર યુદ્ધ થયું. જેમાં રાજપૂતો પ્રણાલિકાગત યુદ્ધના મેદાનમાં વીરતાથી લડ્યા એમાં જામનો*

*પુત્ર અજોજી અને પ્રધાન જસાજી વીરગતિ પામ્યા. ઘાયલ થયેલો દૌલતખાન યુદ્ધ મેદાન છોડી જૂનાગઢ જતો રહ્યો. લોમા ખુમાણે તો પહેલેથી જ યુદ્ધ મેદાન છોડી દીધું હતું. મુઝફ્ફરે અને જામે બરડાના ડુંગરમાં આશ્રય લીધો. આમ ભૂચર મોરીની લડાઈમાં મુઘલ સેનાનો વિજય થયો. સૌરાષ્ટ્રમાં આ લડાઈ છેલ્લી અને નિર્ણાયક હતી. મિર્ઝા અઝીઝ કોકાએ લડાઈના બીજા દિવસે નવાનગર પર કૂચ કરીને શહેરમાં લૂંટ ચલાવી હતી.*

**(2) જૂનાગઢ વિજય**

*ભૂચર મોરીના યુદ્ધ વખતે જૂનાગઢ જીતવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ પ્રતિકૂળ સંજોગોના કારણે એ વિચાર પડતો મૂક્યો હતો. એટલે થોડા સમય બાદ બીજે વર્ષે 1592માં સંપૂર્ણ સૌરાષ્ટ્ર જીતવાની તૈયારી કરીને ઘોઘા, સોમનાથ માંગરોળ વગેરે સોરઠ વિસ્તારના બંદરો જીતી લીધા પછી જૂનાગઢના કિલ્લાને ઘેરો ઘાલ્યો. આ ઘેરો ત્રણ મહિના ચાલ્યો તે દરમ્યાન દૌલતખાન અવસાન પામ્યો. કિલ્લામાં પુરવઠો ખલાસ થતાં દૌલતખાનના પુત્રોએ શરણાગતી સ્વીકારી. આમ લડાઈ લડ્યા સિવાય જૂનાગઢ કબજે કર્યું. શરત મુજબ સૂબાએ દૌલતખાનના પુત્રોને રાજ્યની નોકરીમાં રાખ્યા હતા. ઈ.સ. 1634માં સૂબાએ સોરઠના પ્રથમ ફોજદાર તરીકે નવરંગખાનને નીમવામાં આવ્યો હતો. આમ જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રનો સમગ્ર દરિયાકાંઠો મુઘલ શાસન હેઠળ લઈ લેવામાં આવ્યો. આ સમયે જામે મિર્ઝા અઝીઝ કોકા સાથે સમાધાનની ચર્ચા કરી મુઘલ સત્તાને ખંડણી આપવાનું સ્વીકાર્યું.*

**(3) મુઝફ્ફરશાહ - કેદ અને મૃત્યુ**

*ભૂચર મોરીના મેદાનમાંથી નાસી છૂટેલા મુઝફ્ફરનો પીછો કરવાનો અને જીવતો પકડવાનો મિર્ઝા અઝીઝ કોકાએ પૂરતો પ્રયાસ કર્યો. મુઝફ્ફર દ્વારકાથી દરિયાઈ માર્ગે કચ્છ જઈ રાજા ભારમલને ત્યાં આશ્રયે રહ્યો. મિર્ઝા અઝીઝ કોકાએ કચ્છ પર આક્રમણ કરવાની ધમકી આપતાં ભારમલે મોરબી પરગણું આપવાની શરતે મુઝફ્ફરને સોંપવાની વાત મૂકી મિર્ઝા અઝીઝ કોકાએ એનો સ્વીકાર કર્યો. 23 ડીસેમ્બર 1592ના સરદારો દ્વારા મુઝફ્ફરને કેદી તરીકે મોરબી લઈ જતાં રસ્તામાં તેણે ધમડકા ગામ પાસે આપઘાત કર્યો. મુઝફ્ફરનું માથું અકબરના દરબારમાં બક્ષી નિઝામુદ્દીને રજૂ કરી તેના મૃત્યુના સમાચાર આપ્યા. મિર્ઝા અઝીઝ કોકાએ ગુજરાતમાં મુઘલ સત્તાનો વિસ્તાર કરવાની અને મુઝફ્ફરનો અંત લાવવાના કાર્યને સન્માન આપવા અકબરના દરબારમાં આમંત્રણ આપ્યું પરંતુ તે ત્યાં ન જતા વેરાવળ બંદરેથી હજની યાત્રા કરવા નીકળી ગયો. આ બાબત અકબરને ગમી નહી છતાં ક્ષમા આપી.*

**9.2.7 સૂબો શાહજાદો મુરાદ**

*ગુજરાતના સૂબા મિર્ઝા અઝીઝ કોકા હજની યાત્રાએ જતાં અકબરે તેના શાહજાદા મુરાદની ગુજરાતના સૂબા તરીકે નિમણૂંક કરી હતી. એ વખતે મુરાદ દક્ષિણની જવાબદારી સંભાળતો હતો. તેણે ગુજરાતની સૂબા પદની કામગીરી કરતા કરતા ગુજરાત-*

*માળવામાંથી લશ્કર ઉભું કરી દક્ષિણના પ્રદેશો કબજે કરવાના હતા. આથી રાજઆજ્ઞા પ્રમાણે દક્ષિણના અહમદનગર ઉપર ચઢાઈ કરવા ઈ.સ.1594માં અમદાવાદથી પ્રયાણ કરી સૂરત થઈને નીકળ્યો. તે સમયે ગુજરાતનો વહીવટ નાયબ સૂબા સૂરજસિંહને સોંપવામાં આવ્યો હતો. દક્ષિણની ચઢાઈના કારણે ગુજરાતમાં સૈન્ય અને અધિકારીઓની ગેરહાજરીનો લાભ લઈને મુઝફ્ફર પુત્ર બહાદુરે બંડ કર્યું પરંતુ રાજા સૂરજસિંહે તેને હરાવી બંડ સમાવી દીધું અને બહાદુર નાસી ગયો. દક્ષિણમાં પ્રદેશો કબજે કરવા ગયેલા શાહજાદા મુરાદનું 1599માં અવસાન થયું.*

### 9.2.8 સૂબા મિર્ઝા અઝીઝ કોકા

*આ સમયે સૂબા મિર્ઝા અઝીઝ કોકા હજયાત્રા કરીને પરત ફર્યો હતો. તે અકબરને મળ્યો અને ગુજરાતના વહીવટમાં મદદની તૈયારી બતાવતા તેની ગુજરાતના સૂબા તરીકે ત્રીજી વખત નિમણૂંક કરી. આ વખતે સૂબા મિર્ઝા અઝીઝ કોકાએ ગુજરાતનો વહીવટ આગ્રાથી ચલાવતો હતો. તેણે નાયબ સૂબા તરીકે પોતાના પુત્ર શમસુદ્દીન હુસેનને નીમ્યો. અને બીજા પુત્ર સાદમાનને અમદાવાદનો નાયબ અધિકારી તરીકે નીમ્યો. ત્રીજા પુત્ર ખુર્રમને સોરઠના ફોજદાર તરીકે નિમણૂંક કરી. આવી રીતે સૂબા મિર્ઝા અઝીઝ કોકાએ આગ્રા રહીને પોતાના પુત્રો દ્વારા ગુજરાતનો વહીવટ ચલાવ્યો હતો. આથી બાદશાહ અકબરે ગુજરાતની મહેસુલી આવક પગાર તરીકે અને ખંભાતની બંદરની આવકમાંથી એક લાખ રૂપિયા ઈનામ તરીકે આપવાનું ફરમાન કર્યું હતું.*

## 9.3 જહાંગીરના સમયમાં ગુજરાતમાં મુઘલ શાસન

*અકબરનું ઈ.સ.1505માં અવસાન થતાં દિલ્હીની ગાદીએ તેનો પુત્ર જહાંગીર આવ્યો હતો. આ વખતે ગુજરાતમાં મિર્ઝા અઝીઝ કોકા પોતાના દ્વારા વહીવટ ચલાવતો હતો.*

### 9.3.1 સૂબો કુલીઝખાન

*મુઘલ શાસક જહાંગીરના રાજ્યકાળમાં ગુજરાતમાં પ્રથમ સુબેદાર તરીકે કુલીઝખાનને નિમણૂંક કરવામાં આવી હતી. જે મુઘલ દરબારમાં ઉમરાવ હતો અને અકબરે તેને ગુજરાતમાં વહીવટી અધિકારી તરીકે મૂક્યો હતો. ગુજરાતમાં તેની સૂબાગીરી દરમ્યાન કોઈ ખાસ બનાવ બન્યો ન હતો. પરંતુ જહાંગીરે રાજઆજ્ઞાઓનું ફરમાન બહાર પાડતા તેનું અમલીકરણ કરાવ્યું હતું. તે ગુજરાતમાં સૂબા તરીકે માત્ર એક જ વર્ષ રહ્યો હતો.*

### 9.3.2 સૂબો રાજા વિક્રમજીત

*કુલીઝખાનને બાદશાહ જહાંગીરે ઈ.સ.1606માં પંજાબમાં રૌશની નામના ધર્મઝનૂની લોકો સામે યુદ્ધ કરવા મોકલતાં તેની જગ્યાએ ગુજરાતના સૂબા તરીકે રાજા વિક્રમજીતને નિમવામાં આવ્યો હતો. એ સમય દરમ્યાન ગુજરાતમાં બહાદુરશાહે બંડ*

પોકારી કેટલાંક વિસ્તારો પર આક્રમણ કરી લૂંટ ચલાવી હતી. તેથી રાજા વિક્રમજીત અન્ય સરદારો સાથે છ થી સાત હજાર સૈનિકોનું લશ્કર લઈ ગુજરાત આવીને બંડને સમાવી દીધું અને શાંતિ અને વ્યવસ્થા સ્થાપવા પ્રયત્ન કર્યા હતા. આમ તે થોડા સમય માટે સૂબા પડે રહીને દિલ્હી પાછો ફર્યો હતો.

### 9.3.3 સૂબા સૈયદ મુર્તઝાખાન બુખારી

રાજા વિક્રમજીત પછી શેખ ફરીદ બુખારીને ગુજરાતના સૂબાપદે નિયુક્ત કરવામાં આવ્યા હતા. જેને મુર્તઝાખાનનો ખિતાબ આપવામાં આવ્યો હતો. તેણે જહાંગીરને મુઘલ બાદશાહ બનાવવામાં અમૂલ્ય ફાળો આપ્યો હતો. તેના શિરપાવરૂપે ગુજરાતનું સૂબાપદ આપવામાં આવ્યું હતું. તેના સમય દરમ્યાન અમદાવાદમાં ત્રણ દરવાજા પાસે તેણે બુખારી મહોલ્લો વસાવ્યો હતો. મહેસાણા પાસે કડીનું વ્યુહાત્મક મહત્ત્વ સમજીને તેણે ઈ.સ.1609માં ત્યાં કિલ્લો બંધાવ્યો હતો અને તેના દરવાજે એક લેખ પણ કોતરાવ્યો હતો. તેમજ તેણે અમદાવાદના ખાનપુરમાં શાહવજીઉદ્દીનનો હજીરો અને ભરૂચમાં એક મસ્જીદ બંધાવી હતી. ફરીદ બુખારીના સબંધીઓ અને આશ્રિતો દ્વારા પ્રજાને હેરાન પરેશાન કરવાની મોગલ દરબારમાં ફરિયાદ થતાં તેને દિલ્હી પાછો બોલાવી લેવાયો હતો.

### 9.3.4 સૂબા મિર્ઝા અઝીઝ કોકા

ખાન આઝમ અઝીઝ કોકાની ગુજરાતના સૂબા તરીકે નિયુક્તિ કરતી વખતે નક્કી થયા મુજબ તે પોતે મુઘલ રાજધાનીમાં રહે અને તેનો મોટો પુત્ર જહાંગીર કુલીખાન નાયબ સૂબા તરીકે ગુજરાતનો વહીવટ સંભાળે. આમ જહાંગીર કુલીખાન ગુજરાતનો નાયબ સૂબો 13, નવેમ્બર 1608ના રોજ બન્યો. તેમજ અઝીઝ કોકાના બીજા પુત્ર ખુર્રમને જૂનાગઢ મૂકામે સોરઠ સરકારનો વહીવટ સંભાળવા મોકલ્યો હતો. આ સમય દરમ્યાન ગુજરાતનો મુખ્ય સૂબો દૂર હોવાથી વહીવટ કથળ્યો હતો. અને ગુજરાતની પૂર્વ બાજુ હિંદુ રાજાઓની બળવાખોર પ્રવૃત્તિનો આરંભ થયો હતો તેમજ દક્ષિણ દિશાએથી આક્રમણનો સામનો કરવો પડ્યો. જેમાં દૌલતાબાદનો સેનાપતિ મલિક અંબરે પચાસ હજારના લશ્કર સાથે આવીને સૂરત, વડોદરા સરકારના પ્રદેશોમાં લૂંટ ચલાવી હતી. માટે દક્ષિણ ગુજરાતના સંરક્ષણ અને સલામતી માટે પચીસ હજારનું ઘોડેસવાર દળ તેમજ તેમની મદદ માટે હિંદુ ખંડિયા રાજાઓને પણ ફરમાન મોકલાયા હતા. આમ ગુજરાતના સૂબાએ ચાર વર્ષ સુધી મૂશ્કેલ પરિસ્થિતિનો સામનો કરવો પડ્યો હતો.

### 9.3.5 સૂબો અબ્દુલ્લાખાન ફિરોઝ જંગ

ઈ.સ.1611માં મિર્ઝા અઝીઝ કોકાના સ્થાને ગુજરાતમાં સૂબા તરીકે અબ્દુલ્લાખાન ફિરોઝ જંગની નિયુક્તિ કરવામાં આવી હતી. એ સમયે દક્ષિણમાં દૌલતાબાદના સેનાપતિ મલિક અંબરને હરાવવા માટે મુઘલ સેના સતત પ્રયત્નશીલ હતી તેને મદદ કરવા માટે તેનો મોટાભાગનો સમય વ્યતીત થયો હતો. તેના વખતમાં

અમદાવાદમાં નવી અંગ્રેજી કોઠી સ્થપાઈ હતી. દક્ષિણના યુદ્ધમાંથી પાછા ફરીને અબ્દુલ્લાખાન ફિરોઝ જંગે અંગ્રેજ અધિકારીઓ પાસે રૂપિયા પાંચસો આપવાની સખત ઉઘરાણી કરી અને ન આપતા લશ્કરી બળથી તેના મકાનનો કબજો લીધો હતો. આ બાબતની ફરિયાદ સર ટોમસ રોએ દિલ્હીના દીવાનને કરતા તેમણે અંગ્રેજોને તેના મકાનમાં સ્વતંત્રતાથી રહેવા દેવા આદેશ આપતો સૂબાને પત્ર લખ્યો હતો. આવી તેની કડક નીતિથી જહાંગીરે તેને પરત બોલાવી લીધો હતો.

### 9.3.6 સૂબો મુકર્રબખાન

મુકર્રબખાનને અબ્દુલ્લાખાનના અનુગામી તરીકે ગુજરાત મોકલવામાં આવ્યો હતો. તેણે ઈ.સ. 1608 થી 1615 સુધી ખંભાત અને સુરતના બંદરોના ફોજદાર તરીકે કામગીરી કરી હતી. તેને કેટલાંક સમયથી ગુજરાતના સુબેદાર થવાની ઈચ્છા થતી હતી. તેને બાદશાહને આગ્રહભરી વિનંતિ પણ કરી હતી. તેણે બંદરોના સુબેદારના વહીવટ વખતે બાદશાહ જહાંગીરને પરદેશી બનાવટની ભેટ સોગાદો આપીને તેમજ વૈદકીય સારવાર કરીને ખુશ કરવા પ્રયત્ન પણ કર્યો હતો. ઈ.સ.1613માં ફિરંગીઓ સામે લડવાનો હૂકમ કર્યો હતો. ઈ.સ.1615માં એને પાંચહજાર ઘોડેસવાર દળનો મનસબદાર બનાવવામાં આવ્યો હતો. પછીના વર્ષે તેને સુબેદાર બનાવવામાં આવ્યો હતો. તેને સુબેદારની કામગીરીનો અનુભવ ન હતો તેમજ તેને વહીવટમાં રસ પણ ન હતો. એ જહાંગીરની કૃપાથી સુબેદારપદે આવ્યો હતો.

એના સમય દરમ્યાન જહાંગીરે ગુજરાતનો પ્રવાસ કર્યો હતો. જહાંગીરને ગુજરાતની મુલાકાત લેવાની ખૂબ જ ઈચ્છા હતી. જહાંગીર નડીયાદ અને પેટલાદ થઈને ૧૯ ડિસેમ્બર 1617 ના રોજ ખંભાત પહોચ્યો ત્યાં તેને પ્રથમ વખત સમુદ્ર જોયો હતો અને દરિયાઈ સફર પણ કરી હતી. ત્યાર બાદ અમદાવાદ શહેર બહાર કાંકરિયા તળાવ પાસે મુકામ કર્યો હતો. અમદાવાદમાં જહાંગીરે પ્રવેશ કર્યો ત્યારે શાહજાદા શાહજહાંનો ત્રેવીસમો જન્મદિવસ હતો, જેથી શાહજહાંને સુવર્ણ અને અન્ય વસ્તુઓથી તોળવામાં આવ્યો હતો. એ પ્રસંગે બાદશાહ તરફથી શાહજહાંને ગુજરાતની જાગીર ભેટ આપવામાં આવી હતી. અને 5 જન્યુઆરી 1680ના રોજ તેને ગુજરાતના સુબેદાર તરીકે નીમવામાં આવ્યો હતો.

### 9.3.7 સૂબો શાહજાદો શાહજહાં

શાહજહાં ગુજરાતનો સૂબો બનતાં તેણે સૈન્યને વ્યવસ્થિત કર્યું હતું. અને ગુજરાતના માથાભારે જાગીરદારોને સજા કરવા માટે વ્યવસ્થા કરી હતી. શાહજહાં થોડો વખત જ અમદાવાદમાં રહ્યો હતો. અમદાવાદ પસંદ ન પડતા તે જહાંગીર સાથે જતો રહ્યો હતો. અને તેની જગ્યાએ પંચહજારી મનસબદારી રુસ્તમખાનને નાયબ સૂબા તરીકે નિમણૂંક કરવામાં આવી હતી.અને રાજા વિક્રમજીતની જગ્યાએ તેના ભાઈ કનહરદાસને નીમ્યો હતો. રાજકીય કારણોસર થોડા સમય બાદ શાહજહાંએ તેના પિતાશ્રી સામે બંડ કરતાં જહાંગીરે તેને ગુજરાતના સૂબા પદેથી દૂર કરી તેની જગ્યાએ દાવરબક્ષને નીમ્યો હતો.

### 9.3.8 સૂબો શાહજાદો દાવરબક્ષ

*જહાંગીરે બલુચપુરનો વિજય કર્યા બાદ ખુશરૂના પુત્ર શાહજાદા દાવરબક્ષની 9, મે 1623ના રોજ ગુજરાતના સૂબાપદે નીમ્યો. એને ત્રણ હજારના અશ્વદળની મનસબદારી સાથે લશ્કરી ખર્ચ પેટે બે લાખ રૂપિયા પણ આપ્યા. દાવરબક્ષની ઉંમર ૧૫ વર્ષની સગીર હોવાથી તેને સલાહ અને સહકાર આપવા માટે એના માતામહ વયોવૃદ્ધ મિર્ઝા અઝીઝ કોકાને વાલી તરીકે નીમવામાં આવ્યા હતા. મિર્ઝાને બળવાખોર શાહજહાંના અધિકારીઓ પાસેથી ગુજરાત લઈ લેવાની કામગીરી સોપાઈ હતી. શાહી લશ્કર ગુજરાત આવે તે પહેલાં એ કાર્ય સાફીખાને પૂરું કર્યું હતું. એની વફાદારી અને સેવા માટે તેને નવાબ સૈફખાન જહાંગીરશાહી ખિતાબથી નવાજવામાં આવ્યો હતો. ૩ જૂલાઈ ૧૬૨૩ના રોજ અઝીઝ કોકાએ દાવરબક્ષની સાથે અમદાવાદમાં પ્રવેશ કર્યો હતો. પછીથી તેણે સુરત અને ભરૂચ જેવા શહેરો કબજે કર્યા હતા. ગુજરાતમાં દાવરબક્ષનું શાસન લાંબુ ચાલ્યું નહી કારણ કે 1624માં અઝીઝ કોકાનું અવસાન થતાં શાહજાદા દાવરબક્ષની જગ્યાએ ખાનજહાં લોદીની નિમણૂંક કરવામાં આવી હતી.*

## 9.4 શાહજહાંના સમયમાં ગુજરાતમાં મુઘલ શાસન

### 9.4.1 સૂબો ખાનજહાં લોદી

*ખાનજહાંનું મૂળ નામ પીરખાન હતું. બાદશાહ જહાંગીરે તેને પ્રથમ સલાબતખાનનો અને પછી ખાનજહાંનો ખિતાબ આપી નવાજ્યો હતો. ઓકટોબર 1627માં જહાંગીરનું અવસાન થયું પરંતુ તેને ગુજરાતના સૂબેદાર તરીકે ચાલુ રાખવામાં આવ્યો હતો પણ વહીવટ દીવાન સૈફખાન દ્વારા ચાલતો હતો. દિલ્હીથી ફરમાન આવતા ખાનજહાં ગુજરાતનો વહીવટ સૈફખાનને સોંપી દિલ્હી ગયો.*

### 9.4.2 સૂબો શેરખાન તૂર નાહિરખાન

*ગુજરાતમાં બાદશાહ શાહજહાં આવ્યો ત્યારે સૈફખાનની બિમાર હોવાથી તેનું સ્વાગત કરી શક્યો ન હતો માટે તેને ગુજરાતના સૂબા પદેથી હટાવીને શેરખાનને નીમવામાં આવ્યો હતો. તેમજ સૂરતની સૂબાગીરી મીર સમસુદ્દીનને આપી અને ખાનજહાંનને ગુજરાતનું દિવાનપદ આપવામાં આવ્યું હતું. શાહજહાં અમદાવાદ આવતા શેરખાને હજાર અશરફી નજરાણામાં આપી ભવ્યાતિભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારે શાહજહાં અમદાવાદમાં પાંચ દિવસ રોકાયો હતો. 1630-31માં ગુજરાતમાં સત્યાસીઓ કાળ નામનો ભયંકર દુષ્કાળ પડ્યો હતો. એ દુષ્કાળમાં અસંખ્ય માણસો અને પશુઓ મરણ પામ્યા હતા. શાહી હૂકમથી રાહતકાર્ય શરૂ કરવામાં આવ્યા હતા. એ સમયે દક્ષિણની લડાઈમાં મદદ કરવા ગયેલાં શેરખાન તૂરનું નાસિકમાં અવસાન થતાં એની જગ્યાએ ઈસ્લામખાનને નીમ્યો હતો.*

### 9.4.3 સૂબો ઈસ્લામખાન

*સૂબા ઈસ્લામખાને ગુજરાતના વહીવટને વ્યવસ્થિત કરવા પ્રયત્ન કરવામાં આવ્યો હતો. દીવાન ખાનજહાં તે સમયે મક્કા હજ કરવા ગયો હતો. સૂરત અને ખંભાતના વેપારીઓએ દશાહ શાહજહાંને જવાહર, વસ્ત્રો, અરબી ઘોડા રત્નજડિત તલવારો અને અઢળક દ્રવ્ય નજરાણામાં આપ્યું હતું. આ સૂબો ગુજરાતમાં સ્થિર થાય તે પહેલાં જ તેને દિલ્હી બોલાવી લેવામાં આવ્યો હતો.*

### 9.4.4 સૂબો બાકરખાન

*ઈસ્માઈલખાનની જગ્યાએ ગુજરાતમાં બાકરખાનને સૂબા તરીકે નિમણૂંક થઈ. તેણે પદ ધારણ કરતા બાદશાહને સારી એવી રકમનું નજરાણું આપ્યું હતું. થોડાંક વખત પછીતેની પણ બદલી કરી નાખવામાં આવી હતી.*

### 9.4.5 સૂબો સિપેહદારખાન

*બાકરખાન પછી સિપેહદારખાનને ગુજરાતના સૂબા તરીકે નીમ્યો. તેણે પણ બાદશાહને સોનાની થાંભલીઓવાળો સમિયાણો નજરાણામાં ભેટ ધર્યો હતો. પરંતુ તેનો શાસનકાળ ગુજરાતમાં અલ્પજીવી નીવડ્યો હતો.*

### 9.4.6 સૂબો સૈફખાન

*સિપેહદારખાન પછી ગુજરાતના સૂબા તરીકે સૈફખાનને નિમણૂંક થઈ હતી તે પણ વધારે સમય સૂબા તરીકે રહી શક્યો ન હતો. તેની જગ્યાએ આઝમખાનને નીમવામાં આવ્યો હતો.*

### 9.4.7 સૂબો આઝમખાન

*ખૂબ જ ઓછા સમયમાં વારંવાર ગુજરાતના સૂબાઓની બદલીઓ થતાં સ્થાનિક વહીવટ કથળી ગયો હતો. આ સમયે ગુજરાતમાં માથાભારે લોકોએ ઉત્પાત મચાવ્યો હતો. સૌરાષ્ટ્રના કેટલાક ખંડિયા રાજાઓએ પણ શાહી સત્તાની ધૂસરી ફેકી દીધી હતી. આથી અહિયાંનો વહીવટ સ્થિર કરવા માટે બાદશાહે શક્તિશાળી અને કાબેલ છ હજારીની હોદ્દો ધરાવતા આઝમખાનને ગુજરાતના સૂબા તરીકે નીમ્યો હતો. આઝમખાને ગુજરાતમાં પોતાની છ વર્ષની સૂબેદારીના સમયમાં શાંતિ-સલામતી અને વ્યવસ્થા સ્થાપ્યા હતા. તેણે ગુજરાતમાં અતિશય ત્રાસ વર્તાવનાર કોળીઓને નમાવી એમની પાસેથી સારી ચાલચલગતની જામીનગીરી લીધી. તેમજ ધંધુકા વિભાગમાં ખેડૂતોને રંજાડતા કાઠીઓઓનો ઉપદ્રવ ડામી દેવા અને તેમને શિક્ષા કરવા પગલા લીધા હતા. આમ આઝમખાનનું શાસન લશ્કરી શક્તિથી ઉગ્ર અને તોફાની તત્વોને નાબુદ કરવામાં સફળ નીવડ્યું પરંતુ તેનામાં કોઈપણ પ્રકારની સહાનુભૂતિ હતી જ નહી અને જોરજુલમથી કામ લીધું હતું એટલે લોકોનો ઉગ્ર અસંતોષ વધતો જતો હતો. પણ બાદશાહ પાસે રજૂ કોણ કરે એ મોટો પ્રશ્ન હતો. આવી પરિસ્થિતિમાં સંત શાહઆલમના વંશજ સૈયદ જલાલ બુખારીએ બાદશાહ સમક્ષ આ વાત રજૂ કરી અને તેને પાછો બોલાવી લેવામાં આવ્યો.*

### 9.4.8 સૂબો ઈસાતુરખાન

*ઈસાતુરખાને સોરઠ-જૂનાગઢમાં ફોજદાર તરીકેની ફરજ બજાવી ખૂબ જ સરસ વહીવટ કરી પ્રજાપ્રિય બન્યો હતો. એટલે તો તે બાદશાહનો કૃપાપાત્ર બન્યો અને તેને ગુજરાતનો સૂબો બનાવ્યો હતો. તેણે પોતાના પુત્રને જૂનાગઢનો ફોજદાર બનાવ્યો. તેના સૂબાપદ દરમ્યાન ભાગબટાઈ નામે મહેસુલ પદ્ધતિ દાખલ કરવામાં આવી હતી. તેના સારા વહીવટથી તે પ્રજામાં પ્રીતિપાત્ર થઈ ગયો હતો. પરંતુ થોડા સમયમાં જ તેની જગ્યાએ ગુજરાતના સૂબા તરીકે ઔરંગઝેબની નિમણૂંક થઈ હતી.*

### 9.4.9 સૂબો શાહજાદો ઔરંગઝેબ

*શાહજહાંએ પોતાના શાહજાદા ઔરંગઝેબને ગુજરાતના સૂબા તરીકે મોકલ્યો હતો. તેના વહીવટના ટૂંકાગાળામાં અમદાવાદમાં બીજા ધર્મ પ્રત્યે અસહિષ્ણુતા જોવા મળી હતી. તેણે પાશ્વનાથ જૈન મંદિરને ખંડિત કરી મસ્જીદમાં ફેરવી નાખી હતી. પછીથી શાહજહાંને આ અત્યાચારની જાણ થતાં તેણે એ મંદીરનો સઘળો ખર્ચ આપવાનો અને મસ્જીદ કાઢી નાખી મંદિર શાંતિદાસને સોંપવાનો હૂકમ કર્યો હતો. બીજા એક બનાવમાં રાજુ સૈયદની કતલ કરી હતી. આમ ગુજરાતમાં ઔરંગઝેબના આવા કાર્યોથી અસંતોષ ફેલાયો અને તેને દિલ્હી બોલાવી લેવાયો હતો.*

### 9.4.10 સૂબો શાઈસ્તખાન

*ઔરંગઝેબની જગ્યાએ ગુજરાતના સૂબા તરીકે શાઈસ્તખાનની નિમણૂંક કરવામાં આવી. તેને માથાભારે લૂંટારાઓને સામે કડક હાથે કામ લીધું હતું. તેણે વેપારીઓ અને કારીગરો પ્રત્યે અત્યાચાર ભર્યું વલણ દાખવ્યું હતું.દિલ્હીથી પ્રજાની આબાદી વધારવાની આજ્ઞાઓ કરવામાં આવી હતી પણ તેનું પાલન ન થવાથી તેને દિલ્હી પાછો બોલાવી લેવાયો હતો.*

### 9.4.11 સૂબો શાહજાદો દારા શુકોહ

*શાઈસ્તખાનની જગ્યાએ શાહજાદા દારા શુકોહને નીમ્યો હતો. તેમની સાથે બકીરબાગને નાયબ સૂબા તરીકે મૂકવામાં આવ્યો હતો. તે જ ઘણોખરો વહીવટ કરતો હતો. તેણે શિરોહીના જમીનદારને નમાવ્યો હતો. તેમજ તેના પુત્ર મુહમ સાલેહને સોરઠ સરકારના વહીવટની તપાસ માટે મોકલ્યો હતો. દારા શુકોહને થોડા વખત પછી દિલ્હી બોલાવી લેવામાં આવ્યો. માટે તેના સમયમાં બીજો કોઈ અગત્યનો બનાવ બનવા પામ્યો ન હતો.*

### 9.4.12 સૂબો શાઈસ્તખાન

*શાઈસ્તખાનને ફરી વખત ગુજરાતના સૂબા તરીકે નીમવામાં આવ્યો હતો. તેણે પોતાના વહીવટ દરમ્યાન વિરમગામ, ધોળકા અને કડીના પ્રદેશને કોળીઓના ત્રાસથી મુક્ત કરાવ્યો હતો. તેના કાર્યકાળ વખતે અમદાવાદના કોટનું સમારકામ કરવામાં આવ્યું હતું. ગુજરાતમાં ફ્રેંચ મુસાફર ટેવર્નિયર આવ્યો હતો તેણે બાદશાહને માટે રત્નજડિત હથિયારો વગેરે નજરાણું આપ્યું હતું.*

### 9.4.13 સૂબો શાહજાદો મુરાદબક્ષ

*ગુજરાતમાં સૂબા તરીકે મુદારબક્ષ નિમણૂંક કરવામાં આવી. સત્તા સંભાળીને તેણે સૂરત બંદર ઉપર શાહબાઝખાનના નેતૃત્ત્વ હેઠળ આક્રમણ માટે લશ્કર મોકલ્યું થોડા દિવસ કિલ્લાને ઘેર્યા બાદ વિજય થયો. તેના દીવાન તરીકે અલીનકી હતો તેની સાથે અણબનાવ થતા તેનું ખૂન કર્યું હતું.*

*શાહજહાંની બિમારીના સમાચાર મળતા ઈ.સ.1657માં પોતાને બાદશાહ તરીકે જાહેર કર્યો. આ સમાચાર શાહજાદા દારા શુકોહને મળતા દિલ્હીથી મુરાદબક્ષની બદલી કરવાનું ફરમાન આવ્યું પરંતુ મુદારબક્ષે અમદાવાદમાંથી વેપારીઓ પાસેથી પૈસા એકઠા કરી સૈન્ય બનાવી ઔરંગઝેબને મળ્યો અને બંનેએ સાથે મળીને મહારાજા જસવંતસિંહ, દારા શુકોહ વગેરેને હરાવ્યા. પરંતુ વૃદ્ધ પિતાશ્રીને કેદ કરીને ઔરંગઝેબ પોતે જ બાદશાહ બની ગયો. અને મુરાદની જરૂર ન રહેતા તેને કેદ કર્યો બાદમાં તેનો વધ પણ કરવામાં આવ્યો. આમ બાદશાહ હયાત હોવા છતાંપણ તેનો પુત્ર ઔરંગઝેબ બાદશાહ બન્યો હતો.*

## 9.5 ઔરંગઝેબના સમયમાં ગુજરાતમાં મુઘલ શાસન

*શાહજહાંના પુત્ર ઔરંગઝેબે પોતાના ત્રણેય ભાઈઓ દારા શુકોહ, સુજા અને મુરાદને હરાવીને પોતાના વૃદ્ધ પિતાને જેલમાં નાખીને 21 જૂલાઈ 1658માં રાજગાદી પ્રાપ્ત કરી હતી. સત્તા પર આવતા શાહનવાઝ ને ગુજરાતના સૂબા તરીકે નીમ્યો હતો.*

### 9.5.1 સૂબો શાહનવાઝખાન

*શાહનવાઝખાનની ગુજરાતના સૂબા તરીકે નિમણૂંક કરવામાં આવી. તે અમદાવાદ આવ્યાના થોડા દિવસો બાદ શાહજાદો દારા શિકોહ દિલ્હી આગ્રા થઈને ભાગતો ફરતો કચ્છમાં આવ્યો તેને જામ તમાચીની મદદ મળી અને નવાનગરના જામે પણ તેને મદદ કરી હતી. ત્યાંથી તે અમદાવાદ આવ્યો શાહનવાઝખાન એ વખતે મુશ્કેલીમાં મૂકાયો કે હવે શું કરવું આખરે તે દારા શિકોહ સાથે જોડાઈ ગયો. એ સમયે બાવીસ હજારનું લશ્કર અને તોપખાના સાથે અજમેર તરફ કૂચ કરી. દેવરાઈની લડાઈમાં દારાની હાર થઈ. ફરી ગુજરાતમાં આવી ગયો. ઔરંગઝેબે દારાનો પીછો કરવા જયસિંહ અને બહાદુરખાનને મોકલ્યા તેઓ દારાનો પીછો કરી બલૂચ પ્રદેશમાંથી પકડી કેદ કરી દિલ્હી લઈ આવ્યા અને તેને ક્રૂરતાભરી રીતે મારી નાખવમાં આવ્યો.*

### 9.5.2 સૂબો મહારાજા જસવંતસિંહ

*ઔરંગઝેબે ગુજરાતના સૂબેદાર તરીકે જોધપુરના મહારાજા જશવંતસિંહની નિમણૂંક કરી. તેની સાથે રહમતખાનને દીવાનની કામગીરી સોંપવામાં આવી અને સોરઠ પ્રાંતના ફોજદાર તરીકે કુતુબુદ્દીનખાનને નીમ્યો હતો. એ સમયે શાંતિદાસ ઝવેરીએ ઔરંગઝેબ પાસેથી બે ફરમાન મેળવ્યા જેમાં તેને અમદાવાદ જવાની પરવાનગી અપાઈ હતી અને મુરાદબક્ષને આપેલી લોન બદલ તેને શાહી તિજોરીમાંથી એક લાખ રૂપિયા*

ચૂકવવા આદેશ કરાયો હતો. મહારાજા જશવંતસિંહને દક્ષિણમાં શિવાજીની સામે કામગીરી કરી રહેલા શાઈસ્તખાનને મદદ કરવા મોકલતા ગુજરાતની સૂબેદારીની કામચલાઉ જવાબદારી કુતુબુદ્દીનને સોંપવામાં આવી હતી. તેના સમય દરમ્યાન નવાનગરમાં ગાદી વારસનો પ્રશ્ન ઉભો થતાં ઘણો સમય નવાનગર મુસ્લિમ શાસન નીચે રહ્યું હતું. પછીથી યુદ્ધ થયું અને કુતુબુદ્દીને ગાદીવારસ જામ સતાજીને સત્તારૂઢ કર્યા હતા.

### 9.5.3 સૂબો મહાબતખાન

મહારાજા જસવંતસિંહને દિલ્હી બોલાવી લેવામાં આવતાં તેની જગ્યાએ મહાબતખાનની ગુજરાતના સૂબા તરીકે નિમણૂંક કરવામાં આવી હતી. એ વખતે ઈડરના માથાભારે કોળીઓએ લોકો ઉપર ત્રાસ વર્તાવ્યો હતો તેથી ત્યાં ભરૂચના ફોજદાર સરદારખાનને મૂકીને તેને ડામવા પ્રયત્ન કરવામાં આવ્યો હતો. ભારે ત્રાસ વર્તાવનારી જાતિઓને અંકુશમાં લેવા ઉત્તર ગુજરાતમાં નવા ફોજદાર તરીકે શેરખાન બાબીને મૂકવામાં આવ્યો હતો. સૌરાષ્ટ્રના લોકોની ફરિયાદો વધતા કુતુબુદ્દીનખાનની જગ્યાએ સરદારખાનને નીમવામાં આવ્યો હતો. શિવાજીએ સૂરત પર આક્રમણ કરી ઈ.સ.1664ના જાન્યુઆરીમાં સમૃદ્ધ બંદરને લૂટ્યું હતું. તેમના ગયા બાદ મહાબતખાન એમની સેના લઈને સૂરત આવ્યો પરંતુ એ શિવાજીનો પીછો કરી શકે તેમ ન હતો. પણ સૂરતમાં રોકાઈને હિંદુ જમીનદારો પાસેથી ત્રણ લાખ રૂપિયાની પેશકશ ઉઘરાવી હતી. એના સમયમાં ઔરંગઝેબના આદેશથી સામાજિક-ધાર્મિક તહેવારોની ઉજવણી પર ફરમાવી હતી.

### 9.5.4 સૂબો બહાદુરખાન

ઔરંગઝેબે પોતાના વિશ્વાસુ સેનાપતિઓમાંથી અલ્હાબાદના સૂબેદાર બહાદુરખાનને ગુજરાતના સૂબા તરીકે નીમ્યો. તેણે નૌકાદળના વડા તરીકે જંજીરાના સીદી શાસકને સૂરત ખાતે નીમ્યો હતો. અને દિલેરખાનને સોરઠ સરકારનો ફોજદાર બનાવ્યો હતો. બહાદુરખાનનો સૂબેદારીનો સમય બે વર્ષ સુધી રહ્યો હતો. તેને દિલ્હી બોલાવી લેવાતા તેની જગ્યાએ બીજો સૂબો ન આવે ત્યાં સુધી કુતુબુદ્દીનને સુબાગીરી સોંપવામાં આવી હતી.

### 9.5.5 સૂબો મહારાજા જસવંતસિંહ

ઔરંગઝેબે જસવંતસિંહને બીજી વખત ગુજરાતના સૂબા તરીકે નીમ્યો હતો. તેના સમયમાં નવાનગરની ગાદી ઉપર જામ તમાચીને બેસાડવામાં આવ્યો હતો. જસવંતસિંહના કાર્યકાળ દરમ્યાન શાહી ફરમાન કરવામાં આવ્યું હતું તેમાં ૩૩ પ્રકારના ગુનાઓ અને તેની સજાઓ જણાવી હતી. જેને લઘુ ફોજદારી ધારો ગણવામાં આવતો હતો. તે સમયે ખંભાત બંદર છીછરું બનતા વેપારીઓનો બંદરીય વેપાર ઓછો થયો હતો.

**9.5.6 સૂબો અમીનખાન**

*જસવંતસિંહની જગ્યાએ શ્રેષ્ઠ મનસબદાર અમીનખાનને સૂબેદાર તરીકે મૂકવામાં આવ્યો હતો. એ સમયે મેવાડના યુવરાજ રાણા ભીમસિંહે ગુજરાતના મુઘલ પરગણાઓ વિનાશ સર્જી લૂંટફાટ કરી હતી. ઈડરનો રાજા રાવ ગોપીનાથ પોતાના પ્રદેશ મેળવવા બહારવટે ચડતા તેની સામે બહલોલ શેરવાનીને મોકલ્યો હતો. તેના ઘેરા સામે ટકી ન શકતા તે જંગલમાં ભાગી છૂટ્યો ત્યાં વધારે અફીણ લેવાથી તેનું અવસાન થતાં મસ્તક ઉતારી દિલ્હી મોકલ્યું હતું. શેરવાનીના કાર્યની કદરરૂપે તેને ઈડરનો ફોજદાર તરીકે નીમ્યો હતો. આમ અમીનખાન તેના મૃત્યુ સુધી દશ વર્ષ સૂબેદાર તરીકે રહ્યો હતો.*

**9.5.7 સૂબો મુખતારખાન**

*અમીનખાનનું અવસાન થતા ગુજરાતના સૂબા તરીકે મુખતારખાનની નિમણૂંક કરવામાં આવી હતી. તેના સમયમાં ભારે વરસાદને કારણે સાબરમતીના પૂરના પાણી ફરી વળ્યા હતા. તેથી ભદ્રના કિલ્લાનું સમારકામ કરાવવાનો ઔરંગઝેબે આદેશ આપ્યો હતો. અને પછીના વર્ષે દુષ્કાળ પડતા અનાજના ભાવ વધ્યા હતા. કોઈ અફવાના બનાવથી અમદાવાદમાં હુલ્લડ પણ થયું હતું. તેણે ત્રણ વર્ષ સૂબાગીરી કરી હતી.*

**9.5.8 સૂબો શુજાતખાન**

*મુખતારખાનનું અવસાન થતા ગુજરાતના સૂબા તરીકે શુજાતખાનને નીમ્યો હતો. એનું નામ કારતલબખાન હતું પરંતુ ઔરંગઝેબે તેને શુજાતખાનનો ખિતાબ આપી ગુજરાતની સૂબેદારી સાથે જોધપુરની ફોજદારી પણ સોંપી હતી. ઔરંગઝેબ મરાઠાઓ સામેની લડાઈમાં રોકાયેલો હોવાથી સૂબેદારોને લાંબો સમય તેના સ્થાને ચાલુ રાખ્યા હતા. શુજાતખાન અને દુર્ગાદાસ વચ્ચે દશ વર્ષ સુધી છૂટી છવાઈ લડાઈઓ ચાલુ રહી હતી. તે જોધપુરમાં અને ગુજરાતમાં છ - છ મહિના રહેતો હતો. ગુજરાતમાં મોમના અને મતિયા લોકોના બળવાનો સામનો કર્યો હતો. એના સમયમાં શાહવર્દીખાનને સોરઠમાં વહીવટી સુધારણા માટે મોકલવામાં આવ્યો હતો. બાદશાહના હૂકમ મુજબ શુજાતખાને વડનગર ના હાટકેશ્વર મંદિરનો નાશ કરવા મુહમ્મદ મુબારીઝ બાબીને મોકલ્યો હતો. તેના વહીવટમાં આ બનાવ સિવાય એકંદરે શાંતિ રહી હતી. તેના સમયમાં ઘણી બધી ઈમારતોના સમારકામ થયા હતા.*

**9.5.9 સૂબો શાહજાદો આઝમશાહ**

*શુજાતખાનનું મૃત્યુ થતા શાહજાદા આઝમશાહને ગુજરાતના સૂબા તરીકે નીમ્યો હતો. અને તે અજમેરનો સૂબો હોવાથી અજમેરની સૂબાગીરી ગુજરાત સાથે જોડી દેવામાં આવી હતી. ઔરંગઝેબે એ સમયે દુર્ગાદાસના નેતૃત્ત્વ હેઠળ રાઠોડો સાથે સમાધાન કર્યું હતું. પરંતુ અજીતસિંહ જેવા સાથીદારોને એની જાગીરથી સંતોષ ન હતો. એને સમગ્ર મારવાડનું રાજ્ય લઈ લેવાની ઈચ્છા હતી. તેથી ઔરંગઝેબે આઝમશાહને હૂકમ કર્યો કે દુર્ગાદાસને મુઘલ દરબારમાં હાજર કરો ન આવે તો તેને મારી નાખો. એ વખતે દુર્ગાદાસ પાટણનો ફોજદાર હતો તેને અમદાવાદ આવવા કહ્યું પણ એ એની મુરાદ સમજી ગયો.*

*એના પૌત્રએ લશ્કર સાથે પાટણ પાસે મુઘલ લશ્કરનો સામનો કર્યો અને મરાયો. દુર્ગાદાસ અને અજીતસિંહ મારવાડમાં મુઘલ લશ્કરને પરેશાન કરતા રહ્યા. આખરે ઔરંગઝેબે એની સાથે સમાધાન કર્યું હતું. આ સમયે ઔરંગઝેબે ધાર્મિક ફરમાનો કર્યા જેમાં સોમનાથ મંદિરનો નાશ કરવો અને જીર્ણોદ્ધાર પર પ્રતિબંધ મૂકવો. શિયા પંથના અનુયાયીઓ પર નિયંત્રણ રાખવા સૂન્ની ઈમામને મૂક્યા હતા.*

### 9.5.10 સૂબો શાહજાદો મુહમ્મદ બીદરબખ્ત

*આઝમશાહ દિલ્હી જતાં બીજા સૂબાની નિમણૂંક થાય ત્યાં સુધી મુહમ્મદ બીદરબખ્ત ગુજરાતના સૂબા તરીકે નિયુક્ત કર્યો હતો એ વખતે બંડખોરોએ દ્વારકા ઉપર આક્રમણ કરી ત્યાંના થાણદારને મારી નાખી દ્વારકાનો કબજો લીધો. એ સમાચાર ઔરંગઝેબને મળતા તેણે દ્વારકાનું મંદિર તોડી પાડવાનો હૂકમ કર્યો પરંતુ સૂબો તેનું પાલન કરી શક્યો નહી.*

### 9.5.11 સૂબો ઈબ્રાહીમખાન

*ગુજરાતના સૂબા તરીકે ઈબ્રાહીમખાનની નિમણૂંક કરવામાં આવી. ઔરંગઝેબના અવસાન પછી રાજગાદી માટે અંદરોઅંદર ઝઘડાઓ થવા લાગ્યા. અને ગુજરાતમાં મરાઠાઓના આક્રમણ થવા લાગ્યા. એ સમયે મરાઠા સેનાપતિના આક્રમણ સામે સફળતા નહી મળે એવી સૈનિકોમાં નિરાશા જોઈ મરાઠાઓ સાથે સમાધાન માટે વાતાઘાટો ચલાવી. મરાઠા સરદારોને બે લાખ દસ  હજાર રૂપિયા આપી વિદાય કરવામાં આવ્યા. આમ આ દિવસ ગુજરાતના મુઘલ શાસન માટે કમનસીબ હતો.*

## 9.6 શાહઆલમના સમયમાં ગુજરાતમાં મુઘલ શાસન

### 9.6.1 સૂબો ગાઝીઉદ્દીનખાન બહાદુર ફિરોઝજંગ

*ગુજરાતના સૂબેદાર તરીકે બાદશાહ શાહઆલમે ગાઝીઉદ્દીનખાન બહાદુર ફિરોઝજંગની નિમણૂંક કરી હતી. તેણે અસ્ત  વ્યસ્ત થયેલા વહીવટને વ્યવસ્થિત ગોઠવવા માટે જુદી જુદી જગ્યાએ વિશ્વાસુ ફોજદારો અને થાણદારોને નીમ્યા. તેણે ખંડણી ખૂબ જ કડકાઈ પૂર્વક ઉઘરાવી બાદશાહને નજરાણા મોકલી આપી. જાસુસી ખાતાને વ્યવસ્થિત કરી મરાઠાઓના આક્રમણની માહિતી મળી રહે તેવો પ્રબંધ કર્યો. એના સમયમાં અમદાવાદમાં ઘણા બાંધકામો પણ થયા હતા.*

### 9.6.2 સૂબો શાહમતખાન

*ગાઝીઉદ્દીનખાનનું અવસાન થતાં ગુજરાતના સૂબેદાર તરીકે શાહમતખાનની નિમણૂંક કરવામાં આવી. શાહમતખાને અમદાવાદ આવી ગાઝીઉદ્દીનખાને અગાઉનો હિસાબ બરોબર રજુ કરેલ ન હોવાથી તેની મિલકત જપ્ત કરી. તેમજ મરાઠાઓના આક્રમણનો ભય રહેતો હોવાથી ભૂમિદળ અને તોપખાનાની રચના કરવા દર મહિને એક લાખનો ખર્ચ કરવાની મંજુરી લઈ લીધી હતી. મરાઠા સરદાર ખંડેરાવ દાભાડે ભરૂચ સુધી લશ્કર લઈને આવતા અંકલેશ્વર પાસે તેને સખ્ત હાર આપી હતી.*

**તમારી પ્રગતિ ચકાસો.**

**(અ) નીચેના પ્રશ્નના ઉત્તર ટૂંકમાં લખો.**

(1) *ગુજરાતમાં મિરઝા અઝીઝ કોકાના વહીવટ વિશે જણાવો.*

(2) *સૂબા મિરઝા અબ્દુલરહીમખાનના સમયના બનાવો વિશે નોંધ લખો.*

(3) *ગુજરાતના સૂબા આઝમખાન વિશે નોંધ લખો*

(4) *ગુજરાતના સૂબા મહારાજા જસવંતસિંહ વિશે ટૂંક નોંધ લખો*

**(બ) બહુવિકલ્પીય પ્રશ્નો લખો.**

(1) *ગુજરાતમાં અકબરે પ્રથમ સૂબેદાર તરીકે કોને નિમ્યો હતો.*
**(એ)** *મિરઝા અઝીઝ કોકા* **(બી)** *શાહજાદો મુરાદ* **(સી)** *સૂબો કુલીઝખાન* **(ડી)** *મુર્તઝાખાન*

(2) *મિરઝા અઝીઝ કોકાએ સૌરાષ્ટ્રમાં ક્યાં રાજ્ય સાથે યુદ્ધ કર્યું હતું?*
**(એ)** *પોરબંદર* **(બી)** *રાજકોટ* **(સી)** *નવાનગર* **(ડી)** *ભાવનગર*

(3) *જહાંગીર સામે તેના ક્યા શાહજાદાએ બંડ પોકાર્યું હતું?*
**(એ)** *દાવરબક્ષ* **(બી)** *શાહજહાં* **(સી)** *ખાનજહાં* **(ડી)** *નાહિરખાન*

(4) *ક્યા મુઘલ બાદશાહે પોતાના પિતાને કેદમાં પૂરીને રાજગાદી પ્રાપ્ત કરી હતી?*
**(એ)** *અકબર* **(બી)** *હૂમાય* **(સી)** *શાહજહાં* **(ડી)** *ઔરંગઝેબ*

## 9.7 સારાંશ

*મુઘલ સત્તા દરમ્યાન ભારતમાં એકંદરે શાંતિ અને સમૃદ્ધિ વધી હતી. ગુજરાતમાં પણ તેની અસર જોવા મળતી હતી. ગુજરાતમાં સ્વતંત્ર સલ્તનત સ્થપાતા પહેલા દિલ્હી સલ્તનતના નાઝીમોનો વહીવટ રહ્યો હતો. તેમ ગુજરાતની સ્વતંત્ર સલ્તનત પછીના સમયગાળામાં ગુજરાતમાં મુઘલ બાદશાહોના સૂબેદારો વહીવટી વ્યવસ્થા સંભાળતા હતા. તેમાં કેટલાંક શાહજાદાઓ તથા ખંડિયા રાજાઓનો સમાવેશ થતો હતો. એ દરમ્યાન દિલ્હીથી સૂબાઓની અવારનવાર બદલી પણ થતી હતી. મુઘલ શહેનશાહ ઔરંગઝેબના મૃત્યુ પછી દિલ્હીમાં રાજગાદી માટે આંતરિક કલહ નિર્માણ થયો હતો. એ વખતે ગુજરાતમાં મરાઠાઓના આક્રમણ પણ થવા લાગ્યા હતા. તેની શરૂઆત છત્રપતિ શિવાજીએ ઔરંગઝેબના શાસનકાળમાં સૂરત પરના આક્રમણથી કરી હતી. પછીથી તો મરાઠા સરદારો અને પેશ્વાના લશ્કરોની સવારી ધીમે ધીમે દક્ષિણ ગુજરાતથી માંડી સૌરાષ્ટ્ર સુધી આવવા લાગી હતી. અને આખરે વડોદરામાં ગાયકવાડી શાસન સ્થપાયું હતું. છેવટે તો મુઘલોને ગુજરાતના વડામથક અમદાવાદમાં મરાઠાઓનો સંયુક્ત વહીવટ સ્વીકારવાની ફરજ પડી હતી.*

## 9.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

**(બ) બહુવિકલ્પીય પ્રશ્નો લખો.**

(1) (એ) (2) (સી) (3) (બી) (4) (ડી)

## 9.9 સંદર્ભ ગ્રંથો


1. *આચાર્ય નવીનચંદ્ર એ. 'મુઘલકાલીન ગુજરાત', અમદાવાદ, પ્રથમ આવૃત્તિ,* 1974

2. *પરીખ રસિકલાલ છો./શાસ્ત્રી હરિપ્રસાદ ગં. 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ ગ્રંથ ૬ મુઘલ યુગ'*
*અમદાવાદ, પ્રથમ આવૃત્તિ,* 1979

3. *પટેલ જશુભાઈ બી. 'ભારતનો ઈતિહાસ - મુઘલ યુગ' અમદાવાદ, પ્રથમ આવૃત્તિ,* 1978

4. *દેસાઈ શંભુપ્રસાદ હ. 'સૌરાષ્ટ્રનો ઈતિહાસ', રાજકોટ, ત્રીજી આવૃત્તિ,* 1990


______________________________x______________________________

| એકમ – 10 | મુઘલ સત્તા સમયમાં ગુજરાતની વહીવટી સ્થિતિ |
|---|---|

**રૂપરેખા :**

**10.0 ઉદ્દેશો**

**10.1 પ્રસ્તાવના**

**10.2 ગુજરાતનો પ્રાંતિક વહીવટ**

**10.2.1 સૂબો – સૂબેદાર**

**10.2.2 પ્રાંતના અધિકારીઓ**

**10.3 સરકારનું વહીવટીતંત્ર**

**10.3.1 ફોજદાર**

**10.3.2 અમલગુજાર**

**10.3.3 ખઝાનદાર અને બિતિકચી**

**10.4 નગરનો વહીવટ અને કોટવાલ**

**10.5 પરગણાંનો વહીવટ**

**10.5.1 શિકદાર**

**10.5.2 આમિલ**

**10.5.3 પોતદાર**

**10.5.4 કાનૂંગો**

**10.6 ગામડાંનો વહીવટ**

**10.7 બંદરનો વહીવટ**

**10.8 પ્રાંતની લશ્કરી વ્યવસ્થા**

**10.9 મહેસૂલી વ્યવસ્થા**

**10.10 ન્યાયવ્યવસ્થા**

**10.11 ચલણ અને ટંકશાળ**

**10.12 સારાંશ**

**10.13 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

**10.14 સંદર્ભ સૂચિ**

## 10.0 ઉદ્દેશો

*આ એકમમાં અમારો હેતુ મુઘલયુગના રાજવીઓ દ્વારા ગુજરાત પ્રાંતમાં સૂબેદારોની નિમણૂક કરવામાં આવતી હતી. તેના દ્વારા ગુજરાત પ્રાંતનો વહીવટ*

*ચલાવવામાં આવતો હતો. ગુજરાતમાં મધ્યસ્થ વહીવટીતંત્ર કેવી રીતે સ્થાપ્યું હતું, તેનો તલસ્પર્શી ખ્યાલ આપવાનો છે.*

*આ એકમના અભ્યાસ બાદ તમે નીચે જણાવેલી માહિતી મેળવશો.*

- *મુઘલ સમય દરમ્યાન ગુજરાતમાં વહીવટીતંત્રની સ્થાપનાની જાણકારી મેળવશો.*
- *ગુજરાત પ્રાંતમાં સૂબેદારનો વહીવટ અને તેના અમલદારોનો પરિચય*
- *ગુજરાત પ્રાંતમાં સરકારમાં વહીવટીતંત્ર અને અમલદારો*
- *ગુજરાત પ્રાંતમાં પરગણાંનું વહીવટીતંત્ર અને અમલદારો*
- *ગુજરાત પ્રાંતમાં ગામડાંનો વહીવટ અને અધિકારી*
- *ગુજરાત પ્રાંતમાં મહેસૂલી વ્યવસ્થા અને ચલણ – ટંકશાળ*
- *ગુજરાત પ્રાંતમાં લશ્કરી વ્યવસ્થા*

## 10.1 પ્રસ્તાવના

*મુઘલ સામ્રાજ્ય લશ્કરીતંત્ર હેઠળ હોવાથી સર્વ સત્તા કેન્દ્રના હાથમાં એટલે કે રાજાના હાથમાં રહેતી હતી. રાજા એટલે કે બાદશાહ ધર્મવ્યવસ્થા અને રાજ્યવ્યવસ્થા બંનેમાં સર્વસત્તા ધરાવતો હતો. મુઘલ સામ્રાજ્યમાં પ્રસિદ્ધ રાજવીઓમાં અકબર, જહાંગીર, શાહજહાં અને ઔરંગઝેબના સમયમાં ગુજરાતમાં મુઘલોનો રાજ્ય વિસ્તાર ખૂબ જ વિસ્તર્યો હતો. મુઘલ સામ્રાજ્યના પ્રદેશને બે વિભાગમાં વહેંચવામાં આવતો હતો. એક વિભાગ બાદશાહ દ્વારા જીતેલો પ્રદેશ જેનો વહીવટ સીધો કેન્દ્રીય સત્તા હેઠળ હતો. બીજો વિભાગ ખંડિયા રાજાઓનો પ્રદેશ હતો. જે રાજાઓ દર વર્ષે બાદશાહને ખંડણી આપતા હતા. અકબરે પોતે જીતેલા પ્રદેશોનો વહીવટ કરવા માટે તેને ૧૫ પ્રાંતોમાં વહેંચી નાખ્યો હતો.*

## 10.2 ગુજરાતનો પ્રાંતિક વહીવટ

### 10.2.1 સૂબો – સૂબેદાર

*અકબરના સમયમાં પ્રાંતનો વડો સૂબો કહેવાતો હતો. પ્રાંતના વડાને સૂબો, સિપાહસાલાર કે નાઝિમ તરીકે પણ ઓળખવામાં આવતો હતો. પ્રાંતમાં સુબેદાર પદે બાહોશ, નિપુણ કાર્યદક્ષ અને અનુભવી વ્યક્તિને મોકલવામાં આવતી હતી. પ્રાંતનો રાજ્યવહીવટ મુખ્ય શહેરમાંથી ચાલતો હતો. મુઘલ સમયમાં મધ્યસ્થ વહીવટ તંત્ર દ્વારા પ્રાંત કક્ષાએ બે અમલદારો રહેતા હતા એક સૂબો અને બીજો દીવાન. બંને અધિકારીઓ વચ્ચે કામગીરી પણ વહેંચાયેલી હતી. સૂબાની કામગીરી કારોબારી સંરક્ષણ ફોજદારી ન્યાય અને સામાન્ય વહીવટની હતી. જ્યારે દીવાનની કામગીરી મહેસૂલી વ્યવસ્થા દીવાની ન્યાય અને બીજા અધિકારીઓની દેખરેખ રાખતો હતો. મુઘલ બાદશાહ સૂબેદારને મદદ કરવા માટે ઘણા બીજા ઉમરાવોને એ જ પ્રાંતમાં જાગીરો આપીને મોકલતા હતા.*

### 10.2.2 પ્રાંતના અધિકારીઓ

- **નાયબ સૂબો**

*પ્રાંતનો વહીવટ મોટે ભાગે સૂબેદાર સંભાળતો હતો. પરંતુ શાહજાદા કે યુવાન વ્યક્તિને સૂબા તરીકે નિયુક્ત કરવામાં આવી ત્યારે વહીવટ તંત્ર સંભાળવા માટે અનુભવી વ્યક્તિની નાયબ સૂબાની પણ નિમણૂક કરવામાં આવતી હતી. શાહજાદા શાહજહાં, દાવર બક્ષ, ઔરંગઝેબ, દારા શુકોહ, મુરાદ બક્ષ, આઝમશાહ, વગેરેની સૂબા તરીકે નિયુક્તિ થઈ ત્યારે તેની સાથે નાયબ સૂબાની નિયુક્તિ કરવામાં આવી હતી.*

- **કાર્યકારી સૂબો**

*કોઈ વખત શાહજાદા કે રાજ્યના ખૂબ જ અગત્યના વ્યક્તિની સૂબા તરીકે નિમણૂક થતી ત્યારે તે રાજાની પરવાનગીથી દિલ્હીમાં રહેતો હતો. પરંતુ તેના બદલે કાર્યકારી સૂબો પ્રાંતનો વહીવટ ચલાવતો હતો. મિર્ઝા અઝીઝ કોકા સૂબા પદે હતો ત્યારે તેના પુત્રોને ગુજરાતનો વહીવટ સોંપ્યો હતો.*

- **દીવાન**

*સૂબેદારને મદદ કરવા માટે બીજા ક્રમના મહત્ત્વના અધિકારી તરીકે દીવાનની નિમણૂક કરવામાં આવતી હતી. પ્રાંતિક દીવાનની નિમણૂક દિલ્હીથી બાદશાહનો વજીર કરતો હતો. કેટલીક બાબતમાં તે સૂબાનો હરીફ પણ હતો. બંને હોદ્દેદારો એકબીજા ઉપર નજર રાખતા હતા. દીવાન પ્રાંતમાં નાણાં વિભાગનો વડો હતો. તેને પ્રાંતમાં ખેડૂતોની સ્થિતિ સુધારવા, ખેતીને આબાદ કરવા, મહેસૂલ ઉઘરાવવા સારા અધિકારીઓની ભરતી કરવા તેમજ પ્રજા સાથે સારી વર્તણૂક કરવા સૂચના આપવામાં આવતી હતી. દીવાનની મદદ માટે મંત્રી તેમજ અંગત મદદનીશ જેવા અધિકારીઓ રહેતા હતા. તેની નિમણૂક પણ કેન્દ્રમાંથી કરવામાં આવતી હતી. કાર્યાલય નિરીક્ષક એટલે કે દારોગા દીવાની અદાલત અને કાર્યાલયનો મહત્ત્વનો અધિકારી હતો. મુશરિફ અને મુન્શીફ વગેરે અધિકારીઓ પણ રહેતા હતા.*

- **સદર અને કાઝી**

*દીવાન પછીનો મહત્ત્વનો અધિકારી કાઝી હતો. જે ન્યાય અને ધાર્મિક ખાતાનો વડો હતો. સદર અને કાઝીના હોદ્દા ઉપર એક જ વ્યક્તિની નિમણૂક કરવામાં આવતી હતી. સદર તરીકે તે રાજ્યો તરફથી મળતી શિષ્યવૃત્તિઓ જેવી મદદો માટે લાયક વ્યક્તિઓની નામાવલી કેન્દ્રના મુખ્ય સદરને મોકલતો હતો. પ્રાંતના મુખ્ય ન્યાયાધીશ તરીકે કાઝીનો હોદ્દો પણ સંભાળતો હતો.*

- **અમીન**

*આ અધિકારી રાજ્ય અને મહેસૂલ ભરનાર વચ્ચે કડી સમાન હતો. તે જમીન અંગેની કાર્યવાહી સંભાળતો તેમજ ખેડૂતો અને ખેતીને ઉત્તેજન આપી*

*મહેસૂલની નોંધ કરતો હતો. તેણે ખેડૂતોના જમીનના માપ અંગેની નોંધ રાખવાની રહેતી હતી ખેડૂતોનાં હળની સંખ્યા પૂરતી છે કે કેમ તે પણ જાણવાનું હતું. ખેડૂતોને ખેતી, બીજ અને અન્ય કાર્ય માટે આર્થિક મદદ પણ કરતો હતો અને તેની વસૂલાત પણ કરતો હતો.*

- **વસૂલાત અધિકારી કે ક્રોરી**

*મુઘલ પ્રાંતિક શાસનમાં આ મહેસૂલ ઉઘરાવનાર અધિકારી હતો. મૂળમાં તો એક કરોડ દામની મહેસૂલ ઉપજની જમીન તેના તાબામાં હતી. એટલે તેને ક્રોરી કહેવામાં આવતો હતો. તેમણે અમીને કરેલી આકારણી મુજબ મહેસૂલ ઉઘરાવવું પડતું હતું. તે ઉપર જૂનો હિસાબ રાખતો અને દરબારમાં સર્વ વિગતવાર માહિતી મોકલતો હતો.*

- **બક્ષી**

*બક્ષી પ્રાંતિય સૈન્યનો મુખ્ય વડો હતો. બક્ષીનું કાર્ય અધિકારીઓ, કારકુનો, સૈનિકો, નોકરો ઈત્યાદિના પગારના ખર્ચની યાદી કરવાનું હતું. તે કેન્દ્ર અને પ્રાંત વચ્ચે કડી સમાન હતો. તે બાદશાહને પોતાનો અહેવાલ મોકલતો તેમાં સૂબાની કાર્યશૈલી અને વર્તણૂકની માહિતી પણ મોકલતો હતો.*

- **પ્રાંતિય કાનૂંગો**

*કાનૂંગો કાયદા અને રીતરિવાજનો જાણકાર અધિકારી હતો. તે કાર્યપદ્ધતિ રીતે જમીનના પાછલા ઈતિહાસની સંપૂર્ણ માહિતી ધરાવતો હતો. તે જમીનની મુદત, જમીનના માપ જમીનની વહેંચણી વગેરેની નોંધ રાખતો હતો. મહેસૂલ ભરનાર ખેડૂતના મરણ અને વારસા વિશેની પણ નોંધ રાખતો હતો. તેને પગાર ઉપરાંત ભથ્થાં અને સાલિયાણું પણ મળતું હતું.*

- **મુહતાસિબ**

*અધિકારી જાહેર સદાચારનો નિરીક્ષક હતો. જે પ્રાંતમાં દારૂ, ભાંગ, જુગાર, વેશ્યાઓ વગેરે ઉપર નિયંત્રણ રાખતો હતો. મુસ્લિમ પ્રજા પાસે ધાર્મિક વિધિઓ ખાસ પળાવતો હતો. હિન્દુ મંદિરો તોડવાની પણ જવાબદારી આ અમલદાર બજાવતો હતો. ઔરંગઝેબના સમયથી આવા અધિકારીની નિમણૂક કરવાની શરૂઆત થઈ હતી.*

- **વાક્યાનવીસ**

*વાક્યાનવીસનું કાર્ય પ્રાંતના અગત્યના સ્થળોએ જાસૂસો અને ખબરપત્રીઓ ગોઠવીને તેમના દ્વારા એ વિસ્તારમાં બનતી ઘટનાઓથી સૂબેદાર અને બાદશાહને માહિતગાર કરવાનું રહેતું હતું.*

## 10.3 સરકારનું વહીવટીતંત્ર

*અકબરે પણ શેરશાહની જેમ પોતાના પ્રાંતોને સરકારમાં વહેંચી નાખ્યા હતા. ગુજરાત પ્રાંતને 10 સરકારમાં વહેંચવામાં આવ્યો હતો. જેમાં અમદાવાદ, પાટણ,*

*વડોદરા, ભરૂચ, ચાંપાનેર, નાંદોદ, ગોધરા, સોરઠ, નવાનગર અને સુરત સરકારનો સમાવેશ થતો હતો. એ સરકારોને પણ અનેક પરગણાંમાં વહેંચી નાખવામાં આવી હતી. જેથી વહીવટ સરળ બને અને દરેક બાબત પર અંકુશ રાખી શકાય. આ સાથે દરેક નગર અને ગામનો વહીવટ સંભાળવા માટે પણ અધિકારીની નિમણૂક કરવામાં આવી હતી.*

### 10.3.1 ફોજદાર

*ફોજદાર એ સરકારના વહીવટ માટે મુખ્ય અધિકારી હતો.તેમની નિમણૂક બાદશાહ પોતે જ કરતો હતો. તેણે મહેસૂલ, પોલીસ અને લશ્કર એવી વહીવટની ત્રણ શાખાઓ સંભાળવાની રહેતી હતી. સ્થાનિક જમીનદારો નિયમિત મહેસૂલ ભરે છે કે કેમ તે જોવાનું અને બંડખોર તત્ત્વોને ડામી દેવાનું કાર્ય ફોજદારનું હતું. તે સૂબેદારના આદેશોનું પાલન કરતો હતો અને સરકારમાં શાંતિ અને વ્યવસ્થા જાળવવાનું કાર્ય કરતો હતો. ફોજદાર સરકાર હેઠળના પ્રદેશો તેમજ ગ્રામ્ય વિસ્તારોનું રક્ષણ કરતો હતો.*

### 10.3.2 અમલગુજાર

*અમલગુજાર મુખ્યત્વે મહેસૂલ ઉઘરાવવાનું કામ કરતો હતો. તેમજ જમીનની ગુણવત્તા સુધારવી, ખેડૂતોને મદદ કરવી, પડતર જમીનને ખેતીલાયક બનાવવા માટે પગલાં લેવા એવાં એનાં મુખ્ય કામો રહેતાં હતાં. અમલગુજારને મહેસૂલ ઉઘરાવવા માટે ફોજદાર મદદ કરતો હતો. અમલગુજારે પોતાના સાથી કર્મચારીઓ કારકુન, પટવારી, મુકાદમ વગેરેના હિસાબો તપાસવાના રહેતા હતા.*

### 10.3.3 ખઝાનદાર અને બિતિકચી

*અમલગુજારની મદદ માટે ખઝાનદાર અને બિતિકચી નામના બે અમલદારો રહેતા હતા. જેમાં બિતિકચી સરકારના મહેસૂલનો હિસાબ કિતાબ રાખતો હતો. તેમજ પટવારી અને મુકાદમના નોંધણી પત્રકોની તપાસ કરતો હતો. જ્યારે ખઝાનદાર એટલે કે ખજાનચી કે પોતદાર ખેડૂતો પાસેથી જમીન મહેસૂલ વસૂલ કરી રાજકોશમાં જમા કરાવતો હતો.*

## 10.4 નગરનો વહીવટ અને કોટવાલ

*કોટવાલ નગર વિભાગનો પોલીસ દળનો વડો હતો. નગર સંરક્ષણનું કામ કરતો હતો. તેનું મુખ્ય કાર્ય નગરની શાંતિ અને નાગરિકોની સલામતી જાળવવાનું રહેતું હતું. તે નગરમાં બનતા અગત્યના બનાવોથી સૂબેદાર અને સમ્રાટને વાકેફ રાખતો હતો. પ્રાંતનો સૂબો કે બાદશાહ ન્યાય આપવા માટે બેસે ત્યારે કે દરબારમાં હાજરી આપતો હતો. તેની હેઠળ નગરની સુરક્ષા માટે થોડુંક લશ્કર પણ રહેતું હતું. કોટવાલ કેદીઓ અંગેની સ્થિતિ અને તેનો અહેવાલ ન્યાયાધીશને આપતો હતો. સજા પામેલા કેદીઓને કાઝીના હુકમ પ્રમાણે સજા પણ કરતો હતો.*

## 10.5 પરગણાંનો વહીવટ

*અકબરના શાસનકાળથી જ સરકારને અનેક પરગણાંમાં વહેંચી દીધા હતા. જેથી મહેસૂલી કાર્ય અને સંરક્ષણનું કાર્ય સરળ બને તેમજ દરેક પરગણાંના વહીવટ માટે જરૂરી અધિકારીઓની નિમણૂક પણ કરી હતી. દરેક પરગણાંમાં થાણાં રાખવામાં આવતાં હતાં. થાણાનો અમલદાર થાણદાર હતો. તે ફોજદાર અને કોટવાળની સંયુક્ત ફરજ બજાવતો શિકદાર તરીકે ઓળખાતો હતો.*

### 10.5.1 શિકદાર

*પરગણાંનો મુખ્ય અધિકારી શિકદાર હતો. તેનું મુખ્ય કાર્ય પરગણાંમાં કાયદો અને વ્યવસ્થા જાળવવી અને ખેડૂતો પાસેથી મહેસૂલ ઉઘરાવી રાજ્યના રાજકોશમાં જમા કરાવવાનું રહેતું હતું. તેમજ પરગણાંના ન્યાયાધીશને ફોજદારી કેસોનો નિકાલ કરવા માટે મદદ કરતો હતો.*

### 10.5.2 આમિલ

*આમિલ પરગણામાં મહેસૂલ વિભાગનો મુખ્ય અમલદાર હતો. તે શિકદારને પરગણામાં શાંતિ અને સલામતી જાળવવાના કાર્યમાં તેમ જ વિદ્રોહનું દમન કરવામાં મદદ કરતો હતો. જેની પાસે જમીનની ઉપજને લગતા નોંધણી પત્રકો રહેતા હતા. પરગણાના ખેડૂતો યોગ્ય સમયે મહેસૂલ ભરે છે કે કેમ તેનું પણ ખાસ ધ્યાન રાખતો હતો.*

### 10.5.3 પોતદાર

*પરગણાંના ખજાનચી તરીકે પોતદાર કાર્ય કરતો હતો. તે ખેડૂતો પાસેથી મહેસૂલ ઉઘરાવી રાજ્યના કોશમાં જમા કરતો હતો.*

### 10.5.4 કાનૂંગો

*કાનૂંગોનું કાર્ય પરગણાંની જમીન અને મહેસૂલ તથા પાકની નોંધ કરવાનું હતું. તે પરગણાંની જમીન અને તેની ઉપજ તેમજ મહેસૂલની આકારણી અને ઉઘરાણીનું કાર્ય બજાવતો હતો. તેની સહાયમાં કેટલાક કારકુનો પણ રહેતા હતા.*

## 10.6 ગામડાંનો વહીવટ

*મુઘલ સામ્રાજ્યનો ગામડાંનો વહીવટ તે મધ્યસ્થ રાજ્ય વહીવટતંત્રની નાની આવૃત્તિ સમાન હતો. કેમકે મુઘલ શાસનનું સૌથી નાનું એકમ ગામ હતું. તેનો વહીવટ મુખ્ય અધિકારી મુકાદમ સંભાળતો હતો. તે ગામમાં શાંતિ અને સલામતી જાળવતો હતો. અસામાજિક તત્ત્વોનું દમન કરતો અને ગામના નાના મોટા ઝઘડાઓનું નિવારણ કરતો*

*હતો. તે ગામનું મહેસૂલ ઉઘરાવવાનું કામ પણ કરતો હતો. એ મહેસૂલને પ્રાંતમાં જમા કરાવતો હતો. તેની મદદ માટે પટવારી નામનો અધિકારી પણ હતો.*

## 10.7 બંદરનો વહીવટ

*શરૂઆતમાં મુઘલ રાજવીઓ પાસે નૌકા સૈન્ય ન હતું પરંતુ ગુજરાત અને સિંધ વિજય પછી ઘણાં બંદરો તેમના વહીવટ હસ્તક આવ્યાં તેથી ત્યાં બંદરને એકમ બનાવવામાં આવ્યું હતું. તેમજ બંદરના વહીવટ માટે જુદા જ સૂબેદાર નીમવાની શરૂઆત કરવામાં આવી હતી. ગુજરાતમાં ખંભાત અને સુરત બંદરના વહીવટ માટે જુદા જુદા ફોજદારની નિમણૂક કરવામાં આવતી હતી અને તેને સરકારનો દરજ્જો પણ આપવામાં આવ્યો હતો. બંદરનો મુખ્ય અધિકારી મુત્સદ્દી તરીકે ઓળખાતો અને તે સીધા કેન્દ્રના અંકુશ હેઠળ રહેતો હતો. સમગ્ર બંદરના વહીવટ માટે તો ફોજદારને જવાબદાર ગણવામાં આવતો હતો. બંદરમાં બહારથી માલ આયાત કરવામાં આવતો અને અહીંથી માલ બહાર નિકાસ કરવામાં આવતો હોવાથી જકાતનાકું પણ રાખવામાં આવતું હતું.*

## 10.8 પ્રાંતની લશ્કરી વ્યવસ્થા

*મુઘલ બાદશાહનું કેન્દ્રમાં સ્થાયી લશ્કર રહેતું હતું. પરંતુ પ્રાંતમાં પણ જરૂરિયાત મુજબનું લશ્કર રાખવામાં આવતું હતું. પ્રાંતમાં ત્રણ પ્રકારના અધિકારીઓનું લશ્કર રહેતું હતું. સૂબાનું લશ્કર, મનસબદારોની લશ્કરી ટુકડીઓ અને જમીનદારોની લશ્કરી ટુકડીઓ. જેમાં સૂબો પોતાની જરૂરિયાત પ્રમાણે સૈન્ય રાખતો હતો. બક્ષી પ્રાંતિય સૈન્યનો મુખ્ય વડો હતો. રાજ્ય તરફથી જેટલા મનસબદારની મંજૂરી મળે તેટલું લશ્કર રાખવામાં આવતું હતું. જ્યારે બાદશાહને જરૂર પડે સૈન્ય મોકલવામાં આવતું હતું. સૂબાનું સૈન્ય દરેક સરકારની જરૂરિયાત મુજબ રાખવામાં આવતું હતું. દરેક સરકારમાં ફોજદાર નામનો અધિકારી રહેતો. તે પોતાની જરૂરિયાત મુજબનું સ્થાયી લશ્કર રાખતો હતો. મનસબદારો બાદશાહ તરફથી મળેલા હોદ્દા અનુસાર સૈન્ય રાખી શકતા હતા. જે બાદશાહના નિયમિત સ્થાયી લશ્કરના ભાગરૂપ ગણાતું હતું. મનસબદારોને હોદ્દા પ્રમાણે શાહી તિજોરીમાંથી રકમ આપવામાં આવતી હતી. મનસબદારોના લશ્કરની બાદશાહને કે સૂબેદારને જરૂર પડે ત્યારે મદદ કરવા માટે બંધાયેલા હતા. જમીનદારો પણ પોતાની જરૂરિયાત મુજબનું લશ્કર રાખતા હતા. તેને પોતાનું લશ્કર પોતાના ખર્ચે નિભાવવાનું રહેતું હતું. તેને પણ બાદશાહનો હુકમ થાય ત્યારે તેની મદદે હાજર રહેવું પડતું હતું. તેઓ સૂબાને પણ જરૂર પડ્યે લશ્કરી મદદ કરતા હતા.*

## 10.9 મહેસૂલી વ્યવસ્થા

*સામાન્ય રીતે તમામ જમીન કાયદેસર રીતે રાજ્યની માલિકીની ગણાતી હતી. બાદશાહ તરફથી સરદારોની કામગીરીના બદલામાં જમીન-જાગીર આપવામાં આવતી હતી. અકબર દ્વારા ગુજરાતમાં સત્તા સ્થપાતા તેણે પ્રથમ સૂબેદાર તરીકે મિરઝા અઝીઝ*

*કોકાની નિમણૂક કરી હતી. તેના સમયમાં રાજા ટોડરમલ દ્વારા જમીન માપણીનું કાર્ય થયું હતું. જેમાં પદ્ધતિસરનું મહેસૂલ નક્કી કરવામાં આવ્યું હતું. મહેસૂલ જમીન પ્રમાણે અને ઉત્પાદન મુજબ નક્કી થતું હતું. મોટા ભાગે તેમાં ભાગ બટાઈની પદ્ધતિ પ્રચલિત હતી. તે પ્રમાણે ત્રીજો ભાગ રાજભાગ તરીકે લેવાતો હતો. અમુક જગ્યાએ મહેસૂલ રોકડમાં પણ લેવામાં આવતું હતું અથવા ઉત્પન્ન થયેલા માલમાં પણ લેવામાં આવતું હતું. મહેસૂલ ઉઘરાવવા માટે પ્રાંત, સરકાર અને પરગણાં તેમજ ગામડામાં ખાસ અધિકારીઓ નીમવામાં આવતા હતા. દુષ્કાળ સમયે મહેસૂલમાં રાહત આપવામાં આવતી હતી. ઘણીવાર મહેસૂલ અધિકારીઓ ખેડૂતો ઉપર ત્રાસ ગુજારતા હતા. મહેસૂલના બદલામાં રાજ્ય તરફથી ખેડૂતોને કોઈ પ્રકારનો લાભ મળતો નહતો.*

## 10.10 ન્યાયવ્યવસ્થા

*પ્રાંતમાં ન્યાય માટે મુખ્ય કાજીની નિમણૂક કરવામાં આવતી હતી. તેમજ નગરમાં પણ કાજીની અને પરગણામાં મુખ્ય કાજીના હેઠળ મદદનીશ કાજીની નિમણૂક કરવામાં આવતી હતી. ન્યાય ખાતાની એ ખામી હતી કે કોઈ કાયદાની વ્યવસ્થા ન હતી. રાજ્યમાં ન્યાયના ધોરણો ચોક્કસ ન હતાં. નાની અદાલતથી માંડી મુખ્ય અદાલત સુધી સળંગ વ્યવસ્થા ન હતી. ગામડાંના લોકો એના ઝઘડાં પંચાયતો કે ન્યાતના પંચો દ્વારા જ હલ કરતા હતા. ન્યાય મોટેભાગે કુરાનના આધારે અપાતો તેમાં ક્યારેક હિંદુ શાસ્ત્રીઓની મદદ લેવામાં આવતી હતી.*

## 10.11 ચલણ અને ટંકશાળ

*મુઘલ શાસનમાં ગુજરાતમાં અમદાવાદ, જૂનાગઢ, સૂરત, ખંભાત, ભૂજ વગેરે સ્થળે ટંકશાળો સ્થાપવામાં આવી હતી. આ ટંકશાળોનો વહીવટ  સૂબેદાર હસ્તક રહેતો હતો. જેમાં મુઘલ સમયના જુદાજુદા બાદશાહોના સિક્કાઓ બનાવવામાં આવતાં હતા. જે સિક્કાઓ સોનું, ચાંદી અને તાંબામાંથી બનાવવામાં આવતાં હતાં. સોનાના ધાતુના સિક્કાને મહોરથી ઓળખવામાં આવતો હતો. જયારે ચાંદીનો સિક્કો કોરીના નામે ઓળખાતો હતો. સોના-ચાંદીના સિક્કા ગોળ હતા. તાંબાના સિક્કા દામ નામથી પ્રચલિત હતા.*

- **તમારી પ્રગતિ ચકાસો**

  **(અ) નીચેના પ્રશ્નના ઉત્તર ટૂંકમાં લખો.**

  (1) *ગુજરાતના સૂબેદાર (સૂબા) વિશે નોંધ લખો.*
  (2) *ગુજરાત પ્રાંતના દીવાનની કામગીરી ટૂંકમાં જણાવો.*
  (3) *મુઘલકાલીન ગુજરાતના પ્રાંતિય અધિકારીઓ વિશે નોંધ લખો.*
  (4) *ગુજરાતમાં 'સરકાર' ના વહીવટીતંત્ર વિશે જણાવો.*
  (5) *ગુજરાતમાં 'પરગણાં' ના વહીવટ વિશે નોંધ લખો.*
  (6) *ગુજરાત પ્રાંતની લશ્કરી વ્યવસ્થા કેવી હતી?*

(7) ગુજરાત પ્રાંતની મહેસૂલી વ્યવસ્થા વિશે ટૂંકમાં નોંધ લખો.

(8) ગુજરાત પ્રાંતના બંદરના વહીવટ વિશે નોંધ લખો.

**(બ) બહુવિકલ્પીય પ્રશ્નો લખો.**

(1) ગુજરાત પ્રાંતનો સમગ્ર વહીવટ કોણ સંભાળતો હતો?
(એ) સૂબો (બી) પોતદાર (સી) કાજી (ડી) નિઝામ

(2) સૂબાને મદદ કરવા માટે ક્યા હોદ્દેદારની નિમણૂક કરવામાં આવી હતી?
(એ) સદર (બી) મુહતાસીબ (સી) દીવાન (ડી) બક્ષી

(3) ગુજરાતના પ્રાંતિય લશ્કરનો વડો ક્યા નામે ઓળખાતો હતો?
(એ) કાજી (બી) બક્ષી (સી) પોતદાર (ડી) મુકાદમ

(4) ગુજરાત પ્રાંતમાં જાહેર સદાચાર નિરીક્ષક ક્યા હોદ્દાથી ઓળખાતો હતો?
(એ) મુહતાસીબ (બી) કાનૂંગો (સી) સેનાપતિ (ડી) સૈનિક

(5) 'સરકાર' ના વહીવટીતંત્રનો મુખ્ય અધિકારી કોણ હતો?
(એ) ન્યાયાધીશ (બી) દીવાન (સી) ફોજદાર (ડી) હવાલદાર

(6) 'સરકાર' માં મહેસૂલ ઉઘરાવવાનું કામ કોણ કરતો હતો?
(એ) ફોજદાર (બી) અમલગુજાર (સી) નિઝામ (ડી) કાજી

(7) નગરના સંરક્ષણનું કાર્ય કોણ સંભાળતો હતો?
(એ) મુકાદમ (બી) પટવારી (સી) સદર (ડી) કોટવાલ

(8) 'પરગણાં' નો મુખ્ય અધિકારી કોણ હતો?
(એ) શિકદાર (બી) પોતદાર (સી) સૂબેદાર (ડી) મુકાદમ

(9) 'પરગણાં' માં મહેસૂલનો મુખ્ય અધિકારી કોણ હતો?
(એ) નાઝીમ (બી) કાજી (સી) આમિલ (ડી) બક્ષી

(10) ગામડાંનો વહીવટ કોણ સંભાળતો હતો?
(એ) મુકાદમ (બી) સેનાપતિ (સી) સદર (ડી) દીવાન

(11) ગુજરાતમાં મુઘલકાલીન સિક્કા પાડવાની ટંકશાળ ક્યા શહેરમાં હતી?
(એ) ભરુચ (બી) અમદાવાદ (સી) વડનગર (ડી) વેરાવળ

(12) મુઘલયુગમાં સોનાનો સિક્કો ક્યા નામે ઓળખાતો હતો?
(એ) મહોર (બી) કોરી (સી) દોકડો (ડી) દામ

(13) મુઘલયુગમાં ચાંદીનો સિક્કો ક્યા નામે ઓળખાતો હતો?
(એ) પૈસો (બી) રૂબલ (સી) કોરી (ડી) દોકડો

(14) મુઘલયુગમાં તાંબાના સિક્કાને ક્યા નામે ઓળખતા હતા?
(એ) દામ (બી) મહોર (સી) દોકડો (ડી) કોરી

(15) ગુજરાત પ્રાંતમાં ન્યાય માટે કોની નિમણૂક કરવામાં આવી હતી?
(એ) સેનાપતિ (બી) કાજી (સી) સદર (ડી) પોતદાર

## 10.12 સારાંશ

*મુઘલ સમય દરમિયાન ગુજરાતમાં સૂબેદાર દ્વારા પ્રાંતિય વહીવટ ચલાવવામાં આવતો હતો. પરંતુ મુખ્ય સત્તાના સૂત્રો તો દિલ્હીમાં મુઘલ બાદશાહ પાસે રહેતા હતા તેઓ પોતાની જરૂરિયાત મુજબ પ્રાંતીય સૂબાની નિમણૂક કરતા અને વારંવાર બદલીઓ પણ કરતા હતા. સૂબેદારો સામાન્ય રીતે થોડાક સમય માટે આવતા હોવાથી તેમને ગુજરાતના સાંસ્કૃતિક વિકાસમાં રસ ન હતો. એ તો પોતાની સત્તા ટકાવવા માટે પ્રયત્ન કરતા હતા. તેઓને જમીનદારો અને મરાઠાઓ સાથેના સંઘર્ષને લીધે માત્ર મુઘલ સત્તા ટકાવી રાખવા સિવાય બીજી કોઈ તક મળતી ન હતી. સામાન્ય રીતે ગુજરાતમાં એક જ પદ્ધતિથી અને એક જ જાતના હોદ્દાઓથી વહીવટ ચાલતો હતો. રાજ્યના હુકમો, ફરમાનો તેમજ વહીવટમાં ફારસી ભાષાનો ઉપયોગ થતો હતો. સૂબેદાર અને સૈન્યની જુદી જુદી જગ્યાએ બદલી થતી હોવાથી તેઓ સ્થાયી રહી શકતા નહોતા. આમ મુઘલ શાસન દરમિયાન પરંપરાગત વહીવટ ચાલતો હતો.*

## 10.13 તમારી પ્રગતિ ચકાસો ના જવાબો

**(બ) બહુવિકલ્પીય પ્રશ્નો લખો.**

| | | | | |
|---|---|---|---|---|
| (1) *(એ)* | (2) *(સી)* | (3) *(બી)* | (4) *(એ)* | (5) *(સી)* |
| (6) *(બી)* | (7) *(ડી)* | (8) *(એ)* | (9) *(સી)* | (10) *(એ)* |
| (11) *(બી)* | (12) *(એ)* | (13) *(સી)* | (14) *(એ)* | (15) *(બી)* |

## 10.14 સંદર્ભ ગ્રંથો


1. *આચાર્ય નવીનચંદ્ર એ. "મુઘલકાલીન ગુજરાત", અમદાવાદ, પ્રથમ આવૃત્તિ,* 1974.

2. *પરીખ રસિકલાલ છો./શાસ્ત્રી હરિપ્રસાદ ગં. "ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ ગ્રંથ* 6 *, મુઘલ યુગ" અમદાવાદ, પ્રથમ આવૃત્તિ,* 1979.

3. *પટેલ જશુભાઈ બી. "ભારતનો ઈતિહાસ - મુઘલ યુગ" અમદાવાદ, પ્રથમ આવૃત્તિ,* 1978.

4. *દેસાઈ શંભુપ્રસાદ હ. "સૌરાષ્ટ્રનો ઈતિહાસ", રાજકોટ, ત્રીજી આવૃત્તિ,* 1990.


x

## એકમ- 11 મુઘલ સમય દરમિયાન ગુજરાતની સામાજિક, આર્થિક, ધાર્મિક સ્થિતિ અને તે સમયનું સાહિત્ય

રૂપરેખા :

**11.0 ઉદ્દેશ્યો:**
**11.1 પ્રસ્તાવના**
**11.2 મુઘલ સમય દરમિયાન ગુજરાતની સામાજિક સ્થિતિ :**
- **11.2.1 સમાજવ્યવસ્થા**
- **11.2.2 સ્ત્રીઓની સ્થિતિ**
- **11.2.3 સામાજિક રિવાજો**
- **11.2.4 પહેરવેશ**
- **11.2.5 ખોરાક**
- **11.2.6 મનોરંજનના સાધનો**
- **11.2.7 અલંકાર – ઘરેણાં**
- **11.2.8 અંધશ્રદ્ધા અને વહેમો**

**11.3 મુઘલ સમય દરમિયાન ગુજરાતની આર્થિક સ્થિતિ:**
- **11.3.1 ખેતી અને પશુપાલન**
- **11.3.2 ઉદ્યોગ**
- **11.3.3 વેપાર વાણિજ્ય**
- **11.3.4 કરવેરા**
- **11.3.5 આયાત-નિકાસ**
- **11.3.6 વહાણવટુ**

**11.4 મુઘલ કાલીન ગુજરાતની ધાર્મિક સ્થિતિ:**
- **11.4.1 હિંદુ ધર્મ**
- **11.4.2 વૈષ્ણવ સંપ્રદાય**
- **11.4.3 જૈન ધર્મ**
- **11.4.4 ઈસ્લામ ધર્મ**
- **11.4.5 જરસ્થોતી ધર્મ**
- **11.4.6 ખ્રિસ્તી ધર્મ**

**11.5 મુઘલ સમય દરમિયાન ગુજરાતનું સાહિત્ય :**
- **તમારી પ્રગતિ જાતે ચકાસો :**

**11.6 સારાંશ**
**11.7 શબ્દાવલી**
**11.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**
**11.9 સંદર્ભ સૂચિ**

## 11.0 ઉદ્દેશ્યો

આ એકમના ઉદેશ્યમાં મુઘલ સમય દરમિયાન ગુજરાતની સામાજિક, આર્થિક સ્થિતિ અને તે સમયના સાહિત્યનો અભ્યાસ કરવાનો એકમના અધ્યયનથી આટલી સમજ કેળવાશે.

- મુઘલ સમય દરમિયાન ગુજરાતની સામાજિક પરિસ્થિતિ વિશે સમજ કેળવાશે.
- મુઘલ સમય દરમિયાન ગુજરાતની આર્થિક સ્થિતિ વિશે સમજ પ્રાપ્ત થશે.
- મુઘલ સમય દરમિયાન ગુજરાતની ધાર્મિક સ્થિતિ વિશે સમજ પ્રાપ્ત થશે.
- મુઘલ સમય દરમિયાન ગુજરાતના સાહિત્ય વિશે જાણકારી મેળવશે.

## 11.1 પ્રસ્તાવના

અકબરના સમયથી ગુજરાતમાં મુઘલ સત્તા શરુ થઈ. જયારે 1573માં અકબરે ગુજરાતને જીત્યું ત્યારથી ગુજરાતમાં મુઘલ સુબેદારો મારફતે ગુજરાતનો વહીવટ ચાલતો. અકબરનો રાજ્ય અમલ દરમિયાન મિરઝા અઝીઝ કોકા, મિરઝા અબ્દુરહિમખાન, શિહાબુદીન અહમદખાન, ઈતિમાદખાન, અબ્દુરરહીમ ખાન ઉર્ફે મિરઝા ખાન, શાહજાદા મુરાદ આ સુબેદારોએ અકબરના સમયમાં ગુજરાતમાં વહીવટ કર્યો. જહાંગીરના રાજ્ય અમલ દરમિયાન કુલીઝખાન અને રાજા વિક્રમજીત, મુર્તઝાખાન બુખારી, મિરઝા અઝીઝ કોકા, અબ્દુલ્લાખાન ફિરોઝ જંગ, મુર્કરબખાન, શાહજાદા શાહજહાં, શાહજાદા દાવરબક્ષ, ખાનજહાં લોદી વગેરેએ ગુજરાતમાં વહીવટ કર્યો. શાહજહાંના રાજ્ય અમલ દરમિયાન ખાનજહાં લોદી, નાહિરખાન ઉર્ફે શેરખાન તુર, ઈસ્લામખાન, બકીરખાન, શાહજાદા ઔરંગઝેબ, શાઈસ્તખાન, શાહજાદા મુરાદબક્ષ વગેરે વહીવટ કર્યો હતો. ઔરંગઝેબના સમય દરમિયાન જોઈએ તો શાહવાઝખાન, મહારાજા જશવંતસિંહ, મહોબતખાન, બહાદુરખાન, મુહમ્મદ અમીનખાન, મુખતારખાન, કારતલબદખાન ઉર્ફે શુજાતખાન, શાહજાદા આઝમશાહ, શાહજાદા મુહમ્મદ બીદર બખ્ત, ઈબ્રાહીમખાન વગેરે સુબેદારોએ ગુજરાતમાં વહીવટ કર્યો. આ મુઘલ સત્તા હેઠળ ગુજરાતમાં વહીવટ ચાલતો હોવાથી તેની અસર ગુજરાતના સામાજિક, આર્થિક અને સાહિત્યક સ્થિતિ પર એક યા બીજી રીતે જોવા મળે છે. ગુજરાતમાં મુઘલકાલ દરમિયાન સમાજ વ્યવસ્થામાં ઘણાં પરિવર્તનો જોવા મળે છે. વિવિધ સાહિત્યની રચનાઓ પણ થયેલી જેની વિગતે ચર્ચા કરીએ.

## 11.2 મુઘલ સમય દરમિયાન ગુજરાતની સામાજિક સ્થિતિ

### 11.2.1 સમાજવ્યવસ્થા

ગુજરાતમાં મુઘલકાલ દરમિયાન સમાજ મુખ્યત્વે બે પ્રકારે વહેંચાયેલો હતો. 1. હિંદુ સમાજ અને 2. મુસ્લિમ સમાજ. આ બંને સમાજોમાં વિવિધતા જોવા મળતી હતી. તેમાં

*હિંદુ સમાજમાં બ્રાહ્મણના વર્ગ  અને વણિક વર્ગમાં તેની પેટા  જ્ઞાતિઓ 84 જેટલી પ્રચલિત હતી. વિવિધ સાહિત્ય ગ્રંથોમાં તેના ઉલ્લેખો છે. વિમલ પ્રબંધમાં મુખ્ય ચાર વર્ણોનો ઉલ્લેખ છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર તથા નવ નારુ અને પાંચ કારુના નામે ઓળખાતી વર્ણોના ઉલ્લેખ છે.*

*હિંદુ સમાજમાં દરેક વર્ણોમાં પેટા જ્ઞાતિઓ ઉદભવતી હતી. ધંધા પ્રમાણે વિવિધ જ્ઞાતિઓ અસ્તિત્વમાં હતી. મુઘલકાળમાં નાગરો અને કાયસ્થોએ સરકારી નોકરીઓમાં અગત્યના હોદા સંભાળ્યા હતા. સમાજમાં નીતિના ધોરણો સાચવવા માટે રાજ્ય તરફથી પ્રયત્નો કરવામાં આવતા અને સાથે સાથે મુસ્લિમ સમાજ વ્યવસ્થા જોઈએ તો ગુજરાતમાં જેટલા મુઘલ સુબેદારો આવ્યા તેઓમાંના મોટાભાગના તો બાદશાહોના નજીકના સબંધીઓ શાહજાદાઓ અને સરદારો હતા. મુઘલ સામ્રાજયમાં ગુજરાતના મુસલમાનોની પોતાની આગવી સામાજિક વ્યવસ્થા હતી. આખા દેશમાં જેમ શાસન ચાલતું તેની અસર ગુજરાતમાં થતી. ગુજરાતના સુબેદારોએ મુઘલબાદશાહોની બધી જ સારી-નરસી પ્રવૃતિઓ એમનામાં જોઈ શકાય છે. તેમાં બાદશાહી મોજશોખ, ભોગવિલાસ, ફેશન પરસ્તી સતા સંપતિનું પ્રદર્શન, શિલ્પ સ્થાપત્ય વગેરે જોવા મળતા. ગુજરાતમાં મુસલમાનો બે વર્ગ પ્રમાણે ઓળખાયા. એક પરદેશથી આવીને અહીં સ્થાયી થયેલા અને બીજું હિન્દુઓની વિવિધ જાતિમાંથી ધર્મ પરિવર્તન કરીને મુસલમાન બનેલા. ગુજરાતમાં મુસલમાનોમાં સૈયદ, શેખ, મુઘલ, પઠાણ વગેરે અને તેઓમાં પણ પેટાશાખા હતી. જેવી કે બુખારી, કાદરી, રફાઈ, ચિસ્તી, મશહદી, શિરોઝી, ઉરેઝી, તીરમીઝી વગેરે સૈયદોની પેટાશાખાઓ જોવા મળતી. આમ, હિંદુ અને મુસ્લિમ સમાજમાં સમાજવ્યસ્થા ગોઠવાયેલી જોવા મળતી.*

### 11.2.2 સ્ત્રીઓની સ્થિતિ

*મુઘલકાલ દરમિયાન ગુજરાતમાં સ્ત્રીઓની સ્થિતિની જોઈએ તો તત્કાલીન સમાજમાં બહુપત્નીત્વ પ્રથા, પ્રચલિત હતી. ઘણાં શ્રીમંત લોકો ત્રણ કે ચાર સ્ત્રીઓ સાથે લગ્ન કરતા. સમાજમાં સતી પ્રથા  પ્રચલિત હતી. ગુજરાતમાં સ્ત્રીઓ પતિ પાછળ સતી થવાનો વિચાર ધરાવે છે. કચ્છમાં આ સમયના સતીઓના પાળિયાઓ મળી આવે છે. ગુજરાતમાં ઉચ્ચ ગણાતા હિંદુઓમાં વિધવા થનાર સ્ત્રીને ફરજીયાત વિધવાપણું પાળવું પડતું. પડદા પ્રથા પણ પ્રચલિત હતી.*

### 11.2.3 સામાજિક રિવાજો

*મુઘલકાલ દરમિયાન ગુજરાતમાં વિવિધ સામાજિક રિવાજો પ્રચલિત હતા. તેમાં સીમંત વિધિ (ખોળો ભરાવવો) , નામકરણ વિધિ, બાળલગ્ન, સતી પ્રથા વગેરે રિવાજો પ્રચલિત હતા. સીમંત વિધિમાં ગર્ભાધાનના સાતમાં અથવા નવમાં માસે પ્રથમ પ્રસુતિ સુખરૂપ પતે તે માટે હિંદુ સમાજમાં અને મુસ્લિમ સમાજમાં સીમંતવિધિ કરવામાં આવે છે. નામકરણ વિધિમાં જન્મના છઠ્ઠા દિવસે નામ પાડવાની વિધિ કરવામાં આવે છે. આ સમયગાળા દરમિયાન દરેક જ્ઞાતિમાં લગ્ન અને ભોજન માટેના જુદા જુદા નિયમો*

*પ્રવર્તતા હતા. મુસ્લિમોને કારણે જ્ઞાતિ બંધનો સખ્ત થઈ ગયા હતા. આમ, વિવિધ રીતરીવાજો આ સમય દરમિયાન પ્રચલિત હતા.*

### 11.2.4 પહેરવેશ

*મુઘલકાલ દરમિયાન ગુજરાતમાં પહેરવેશની બાબતોમાં જોઈએ તો ગામડાના લોકો સાદો અને જાડો પોષાક પહેરતા. મોટેભાગે સુતરાઉ કાપડનો ઉપયોગ કરતા. લગ્ન જેવા શુભ પ્રસંગોએ રેશમી વસ્ત્રો પહેરતા. પુરુષોના પહેરવેશમાં જોઇએ તો મુઘલકાલ દરમિયાન ધોતિયું, લાંબો જામો, અંગરખું, પાયજામો, મુઘલાઈ પાઘડી, વેપારીઓ કસબી તોલાની પાઘડી અને ખેડૂત વર્ગ સાફો, ટોપી વગેરે ધારણ કરતા. સ્ત્રીઓના પોશાકમાં સામાન્ય વર્ગની સ્ત્રીઓ કસબી મોરિયાવાળા કબજા, અને સાદા ચણિયા પહેરતી કાંચળી, કમખો, સાડી પ્રચલિત હતી. તેવી જ રીતે મુસ્લિમ સમાજમાં પુરુષો ખમીસ અને લેંઘો પહેરતા. એના ઉપર કબા નામનો (કોટ જેવો) પોશાક પહેરતા. માથે ટોપી પહેરતા. મુસ્લિમ સમાજમાં સ્ત્રીઓ પોશાકમાં મોટાભાગે સલવાર અને કમીઝ કે ઘાઘરા પહેરતી. સ્ત્રીઓના આર્થિક અને સામાજિક દરજ્જા પ્રમાણે એમની સલવાર, સુતરાઉ, રેશમી કે કિનખાબના કાપડમાંથી બનાવવામાં આવતી. આમ, આ સમય દરમિયાન વિવિધ પહેરવેશ જોવા મળતો.*

### 11.2.5 ખોરાક

*મુઘલકાલ દરમિયાન ગુજરાતમાં લોકોના ખોરાકમાં મધ્યમ વર્ગના લોકો સામાન્ય સાદો આહાર લેતાં, બાજરી /જુવાર/ મકાઈના રોટલા- રોટલી, જ્યારે ઉચ્ચ વર્ણના લોકો ઘઉંની રોટલી- પરોઠા, શાક, દૂધ, દહીં, ઘી વગેરે પ્રકારની વાનગીઓ ભોજનમાં લેતાં. તહેવાર કે ઉત્સવના દિવસે મીઠાઈ લેતાં. ખીચડી, દહીં, શાક વગેરે ગરીબોનું પ્રિય ખાણું હતું. ગુજરાતમાં મુસ્લિમ સમાજના ઉચ્ચ વર્ગ માટે ભોજન વૈભવ પ્રદર્શન સાધન હતું. તેઓ સવારે અલ્પાહાર, મધ્યાહને ભોજન અને સાંજના વાળું એમ ત્રણ વાર દિવસ દરમિયાન ભોજન કરતા. હલવો એમની માનીતી મીઠાઈ હતી. આમ ઋતુ પ્રમાણે વિવિધ ખોરાક લોકો લેતાં.*

### 11.2.6 મનોરંજનના સાધનો

*મુઘલકાલ દરમિયાન ગુજરાતના લોકો મનોરંજન માટે વિવિધ રમતો રમતા તેમાં શતરજ ચોપાટ, અને પત્તાની રમત ઉચ્ચ, મધ્ય અને ગરીબ બધા વર્ગના મુસલમાનો માટે મનોરંજનના સાધનરૂપ હતી. મેદાની રમતોમાં કુદરતી, મુક્કાબાજી, શિકાર ચોગાન, કબૂતરો ઉડાડવાની રમતો મુખ્ય હતી. પ્રાણીઓની સાઠમારી, બકરા, ઘેટા, કુકડા, કુતરા, આખલા કે હરણની સાઠમારી મેદાનમાં થતી. વિવિધ પોલોની રમત, ઘોડા પર બેસીને રમાતી પોલો, પાણીમાં રમાતી પોલો વગેરે શાહી રમતો રમાતી. પતંગ ઉડાડવાની રમત, પાણીમાં તરવાની વગેરે રમતો જેવી કે દ્વારા મનોરંજન પૂરું પાડવામાં આવતું. આ સમય દરમિયાન મનોરંજન માટે નાટકો દ્વારા મનોરંજન પૂરું પાડવામાં આવતું હતું.*

### 11.2.7 અલંકાર – ઘરેણાં

*મુઘલકાલ દરમિયાન વિવિધ અલંકારો ધારણ કરાતાં. તેમાં સોના-ચાંદીના તાવીજ પહેરતા. સ્ત્રીઓ સેંથીમાં સિંદુર, કાનમાં કડી, કે ચંપાક્લી, નાકમાં નથ કે વેસર, ગળામાં હાર કે ગલુબંદ, હાથ ઉપર બાજુબંધ અને ચૂડી કે કંગન, આંગળીએ વીટી, પગમાં પાયલ પહેરતી. ઘરેણામાં સોનું, ચાંદી, ઝવેરાત વગેરેનો ઉપયોગ કરતા. સોનાના નક્કર દાગીના બનાવતા.કાનના ઘરેણામાં કાપ, કર્ણફૂલ, અકોટી, નખલો, બુટી, કડી, પહેરાતી. હાથના ઘરેણામાં ઘુઘરી દેશી તથા સૂરતી, બરેખી, વાંક, કડું, બાજુબંધ, કાંકણી, ચૂડી, ચૂડો, બલોયા, આંબળિયા પ્રચલિત હતા. ગળાના ઘરેણામાં સાંકળી, પૈયાર, ઝૂમણા, બોરમાળા, કાંકલી, હાંસડી, ચંદનહાર વગેરે તથા પગમાં સાંકળા કેડનો કંદોરો વગેરે પહેરાતા હતા. ગામડાના લોકો મોટેભાગે ચાંદીના ઘરેણાંના વધુ ઉપયોગ કરતા.*

### 11.2.8 અંધશ્રદ્ધા અને વહેમો

*મુઘલકાલીન ગુજરાતનાસમાજમાં અનેક પ્રકારના વહેમ પ્રચલિત હતા. શુકન અને અપશુકનમાં લોકો માનતા. ઘુવડ બોલે, કુતરું રડતું સંભળાય ત્યારે કઈક અઘટિત ઘટના બનવાની છે તેના સંકેત ગણવામાં આવતા. આમ ભૂતપ્રેત વગેરેમાં માનવામાં આવતું.*

---

## 11.3 મુઘલ સમય દરમિયાન ગુજરાતની આર્થિક સ્થિતિઃ

*મુઘલકાલ દરમિયાન ગુજરાતમાં આર્થિક પરિસ્થિતિ વિવિધ પ્રકારે જોવા મળે છે. જેની ચર્ચા આ પ્રમાણે છે.*

### 11.3.1 ખેતી અને પશુપાલન

*મુઘલકાલ દરમિયાન ગુજરાતમાં ખેતી એ આર્થિક વ્યવસ્થા માટેનું મુખ્ય સાધન હતું. તેમાં ગુજરાતના લોકો પાસે ખેતી વિશે ઘણું જ્ઞાન પણ હતું. ખેડૂતો ખેતી સાથે પૂરક વ્યવસાય તરીકે પશુપાલનનો વ્યવસાય કરતા.આ સમયમાં મુઘલ બાદશાહો મહેસુલ વધુ પ્રાપ્ત કરવા માટે ખેતીની સ્થિતિ સુધારણા માટે પ્રયત્ન કરતા. ખેડૂતોએ ખેતી માટે વરસાદ પર આધાર રાખવો પડતો જો વરસાદ ન થાય તો દુષ્કાળ જેવી પરિસ્થિતિ ઉભી થતી. અકબરના સમયમાં પણ રાજા ટોડરમલે જમીન માપણીથી ખેતી લાયક જમીનનો સ્પષ્ટ ખ્યાલ આપ્યો હતો. ખેતીના પાકોમાં જોઈએ તો બાજરો, જુવાર, ગવાર, મગ, મઠ વગેરે મુખ્ય પાકો હતા. પૂરક વ્યવસાયમાં પશુપાલનમાં ગાયો, ભેંસો, બકરા, ઘેટાં, બળદ વગેરે પાળતા. આ સમય દરમિયાન કચ્છમાંથી ઘોડા અને બળદની ઉમદા જાતો કચ્છમાં પ્રચલિત હતી. જેમાં બળદનો ખેતીમાં ઉપયોગ થતો.*

### 11.3.2 ઉદ્યોગ

*મુઘલકાલીન સમયમાં ગુજરાતમાં ઉદ્યોગોનો વિકાસ સારા પ્રમાણમાં થયો હતો. ગુજરાતમાં ઉદ્યોગોમાં સુતરાઉ કાપડ ઉદ્યોગ, રેશમી કાપડ, અને કિનખાબનો ઉદ્યોગ*

વધારે પ્રમાણમાં વિકાસ થયેલો. ગુજરાતમાં ખેતીમાં કપાસ-રૂની પેદાશ સારી થતી. ખંભાત અને અમદાવાદનું સુતરાઉ કાપડ દૂર દૂર પ્રદેશોમાં જતું હતું અને વખણાતું હતું. મહાજનો અને કારીગરો દ્વારા ચાલતો 'ત્રણ તાર' ના ઉદ્યોગ ઉપરાંત ઊંચી જાતના સુતરાઉ કાપડ કિનખાબ જરિયાન અને મખમલ તૈયાર કરવા માટેના શાહી કારખાના અમદાવાદમાં હતા. અમદાવાદ પાસે સરખેજ એ ગળીની પેદાશનું મોટું કેન્દ્ર હતું. રેશમી કાપડ બનાવવાનો ઉદ્યોગ અમદાવાદમાં વિકસ્યો હતો. રેશમનું કાપડ બનતા પહેલાં તે અગિયાર કારીગરો પાસેથી પસાર થતું. તેમાં ખોલનાર, છણનાર, કાંતનાર, તાણનાર, ઉપાડનાર, રંગાટી, પાનાર, રાચભરનાર, સાંધનાર, ભાંજણી ભરનાર, વણનારની કામગીરીથી આમ રેશમનું કાપડ તૈયાર થતું. કાપડ ઉદ્યોગ ઉપરાંત આ સમયે સોનારૂપા ઉપર નકશીકામ, અકીક, મીઠું, કાગળ, વહાણ, ગળી વગેરે ઉદ્યોગો પણ ગુજરાતમાં વિકસ્યા હતા. વહાણ બાંધવાનો ઉદ્યોગ કચ્છમાં મુંદ્રા, લખપત, માંડવીમાં વિકસ્યો હતો.

### 11.3.3 વેપાર વાણિજ્ય

મુઘલકાલ દરમિયાન ગુજરાતમાં વેપાર વાણિજ્ય ક્ષેત્રે વિકાસ થયો હતો. તેમાં અમદાવાદ એ વેપારનું મોટું મથક હતું. દારૂગોળો, સીસું, સુરોખાર સિવાય બીજા બધા માલનો વેપાર કરવાની પરદેશીઓને છૂટ હતી. આ ત્રણ ચીજોની નિકાસ સુબેદારના પરવાના વિના થઈ શકતી નહિ. ગુજરાતમાં નાના-મોટા ધંધા કરનારાઓમાં પંચ અથવા મહાજન હતા. તેમના દ્વારા વેપારનો સારો વિકાસ થતો. આ સમયે અમદાવાદ,સુરત, ખંભાત વેપારના મોટા કેન્દ્રો હતા. અહીં અમદાવાદમાં કાપડ, ઝવેરાત, સોનાચાંદી, ગળી વગેરેનો મોટો વેપાર ચાલતો હતો. સુરત અને ખંભાતથી પરદેશી માલની પુષ્કળ આયાત થતી. ગુજરાત આ સમયે વેપાર યુરોપ, ચીન, ઈરાન, આરબદેશો સાથે વેપારી સંબંધો ધરાવતું હતું. આ સમયગાળા દરમિયાન અંગ્રજો, વલંદાઓ, ફિરંગીઓ વગેરે પરદેશી પ્રજાઓએ ગુજરાતમાં સુરત, અમદાવાદ, દીવ, દમણ વગેરે ઠેકાણે પોતાના વેપારી થાણા સ્થાપ્યા હતા.

### 11.3.4 કરવેરા

મુઘલકાલ દરમિયાન ગુજરાતમાં માલના વેચાણ ઉપરની જકાત શાહી હુકમથી એક સરખી કરવામાં આવી. રૂપિયા પર કરતા ઓછી કિમતના માલની વેચાણ જકાત માફ હતી. પણ એક કરતા વધુ કિમતના માલ ઉપર મુસ્લિમ વેપારીઓએ સેંકડે અઢી ટકા જકાત ભરવાની હતી. જ્યારે હિંદુ વેપારીઓએ એ કરતા બમણી એટલે કે સેંકડે પાંચ ટકા જકાત ભરવાની હતી. આમ, કરવેરા પણ નાખવામાં આવતા.

### 11.3.5 આયાત-નિકાસ

મુઘલકાલ દરમિયાન ગુજરાતમાં આયાત થતી વસ્તુઓમાં તાંબુ, સીસું, પારો, હિંગળોક અને ફટકડી એડન ગોવા અને ચેઉલથી, સોનું મક્કા ઓરમઝ એબિસિનિયા અને આફ્રિકાના અન્ય સ્થળોએથી હિરા દક્ષિણ ભારતમાંથી, માણેક પેગું અને લંકાથી, નીલમ ઈરાનથી, ચોખા એલચી, સોપારી, અને નારિયલ મલબારથી, પાન મલબાર અને

*વસઈથી અફીણ મજીક અને સુંઠ અરબસ્તાનથી, કિસમસ અને ખજૂર ઈરાનથી, હરડે-બહેડા અને તેજાનો કાબુલથી, લવિંગ મોલ્યુંકાસથી જાયફળ અને જાવંત્રી પેગુથી, સુખડ ટીમોરથી, કપૂર બોર્નિયો અને સુમાત્રાથી, તજ લંકા અને જાવાથી, મરી બંગાળ મલબાર, લંકા, સુમાત્રા અને જાવાથી, ઘોડા ઈરાન, અરબસ્તાન અને કાબુલથી, હાથી લંકા અને મલબારથી, હાથી દાંત આફ્રિકાથી, લાખ પેગુંથી, અંબર આફ્રિકા સોકોટ્રા અને માલદીવ થી, મલમલ બંગાળ, અને કોકણથી અને બિલોરી કાચ ચીન તથા માર્તાબાનથી આ તમામ વસ્તુઓની આયાત કરવામાં આવતી હતી.*

*નિકાસમાં જોઈએ તો મુઘલકાલ દરમિયાન ગુજરાતમાંથી ચોખા સિંધ, કોકણ ,મલબાર, આફ્રિકા અને અરબસ્તાનમાં, ઘઉં મલબાર અરબસ્તાન અને આફ્રિકામાં, કઠોળ અને તલ મલબારમાં, રૂ મલબાર અને અરબસ્તાનમાં, મરી ઈરાનમાં, અફીણ ઈરાન મલબાર પેગું અને મલાયામાં, ગળી ઈરાની અખાત અને રાતા સમુદ્રના પ્રદેશમાં, અકીકના ઘરેણાં મલબાર અરબસ્તાન, રાતા સમુદ્રના પ્રદેશમાં તથા પૂર્વ આફ્રિકામાં, રેશમી અને સુતરાઉ કાપડ અને કામળા શેતરંજીઓ, હાથી દાંતના રમકડા જેવી ચીજો અનેક દેશોમાં જતી.*

**11.3.6 વહાણવટુ**

*મુઘલકાલ દરમિયાન ગુજરાતના મહત્વના વેપારીકેન્દ્રો જોઈએ તો સુરત, ખંભાત, કચ્છ તેમજ સૌરાષ્ટ્રના બંદરોથી ગુજરાતનો માલ પરદેશ જતો હતો. માંડવી મહત્વનું બંદર ગણાતું. માંડવી, સુરત, મુન્દ્રાનું તૃણા, લખપત વગેરે બંદરોએ વહાણ બાંધવાનો ઉદ્યોગ પણ વિકસ્યો હતો. આ સમયે ગુજરાતના બંદરોમાં સુરત શહેર અગત્યનું સ્થાન ધરાવતું હતું. ઈંગ્લેન્ડના રાજાના એલચી સર થોમસ રો ના પ્રયત્નથી સુરતથી અંગ્રેજ કોઠીની સ્થિતિ સદ્ધર થઈ. આ, આ સમય દરમિયાન ગુજરાતમાં વહાણવટાનો વિકાસ સારા પ્રમાણમાં થયો હતો.*

## 11.4 મુઘલ કાલીન ગુજરાતની ધાર્મિક સ્થિતિ

*મુઘલકાલ દરમિયાન ગુજરાતની ધાર્મિક સ્થિતિમાં ધર્મ સંપ્રદાયોમાં શૈવ-શાક્ત સંપ્રદાય, વૈષ્ણવ સંપ્રદાય, જૈન ધર્મ, ઈસ્લામ ધર્મ, પીરાણા પંથ, મહેદવી પંથ, દાદુ પંથ, ગુજરાતના વહોરા, ખોજા, જરસ્થોતી ધર્મ, ખ્રિસ્તી ધર્મ વગેરે વિશે વિગતે ચર્ચા આ પ્રમાણે છે.*

**11.4.1 હિંદુ ધર્મ**

*હિંદુ ધર્મના બે મુખ્ય સંપ્રદાયો હતા. તેમાં શૈવ- શાક્ત અને વૈષ્ણવ. શૈવ સંપ્રદાયની એક શાખા નાથ સંપ્રદાય જેને કેટલાક વિદ્વાનો યોગ સંપ્રદાય તરીકે ઓળખે છે. તે ગુજરાતમાં પ્રચલિત હતો. આ સંપ્રદાયના અનુયાયીઓ આ સંપ્રદાયના સ્થાપક ગોરખનાથને શિવરૂપે પૂજે છે. આ પંથના સાધુઓ 'કાનફૂટા' તરીકે ઓળખાય છે. સામાન્ય લોકો ઘરમાં કે શિવાલયમાં શિવલિંગની પૂજા કરતા. લોકો જ્યોતિલિંગમાં*

માનતા હોવાથી બનારસ, સોમનાથ, બદરીકેદાર, રામેશ્વર, મહાબળેશ્વર વગેરે સ્થળોની યાત્રા કરતા. શિવ પાણીના લોટાથી અને બિલીપત્રથી પ્રસન્ન થાય છે. એવી માન્યતા સામન્ય જનોમાં પ્રચલિત હતી. શિવ એ સામાન્ય જનતાના લોકપ્રિય દેવ હતા. મુઘલ સમય દરમિયાન શૈવધર્મ પ્રેરિત જે સાહિત્ય ગુજરાતી ભાષામાં રચાયું છે તેમાં કવિ નાકરે 'હરિચંદ્રાખ્યાન', 'ઓખાહરણ', 'નળાખ્યાન', આદિ અનેક પૌરાણિક આખ્યાન લખ્યા છે. તેમ 'શિવ વિવાહ' રચ્યો છે. શિવાનંદે શિવસ્તુતિના પદો અને આરતીઓની રચના કરી છે.

શૈવ સંપ્રદાયની સાથે શાક્ત સંપ્રદાય પણ પ્રાચીન કાળથી સંકળાયેલ છે. ગુજરાતમાં શાક્ત સંપ્રદાયમાં મુખ્ય ત્રણ પીઠો હતી. અંબિકા પીઠ- આરાસુરમાં, કાલિકા પીઠ- પાવાગઢમાં, બાલાત્રિપુરા પીઠ- ચુવાલમાં-બહુચરાજીમાં છે. આ ઉપરાંત સૌરાષ્ટ્રમાં હરસિદ્ધ માતાજી અને કચ્છમાં આશાપુરી માતાજીનું મહત્વ વિશેષ હતું. આં ઉપરાંત પાર્વતી, લક્ષ્મી, સરસ્વતી, શીતળા વગેરે દેવીઓની પૂજા પ્રચલિત હતી.

### 11.4.2 વૈષ્ણવ સંપ્રદાય

મુઘલકાલ દરમિયાન વૈષ્ણવ સંપ્રદાયનો વિકાસ વધ્યો. પ્રેમલક્ષણા ભક્તિનો મહિમા ઘેર ઘેર ગવાવા લાગ્યો. પંદરમાં સૈકાના અંત ભાગમાં વૈષ્ણવ ધર્મના જુદા જુદા સંપ્રદાયો અસ્તિત્વમાં આવ્યા જેવા કે રામાનુજ સંપ્રદાય, નિમ્બાર્ક સંપ્રદાય, મધ્વ સંપ્રદાય, વિષ્ણુસ્વામી સંપ્રદાય, પુષ્ટિ સંપ્રદાય વગેરે અસ્તિત્વમાં આવ્યા. આ સમયમાં લોકપ્રિય કવિ અને કથાકાર પ્રેમાનંદે 'ઓખાહરણ', ' સુદામા ચરિત્ર', 'દશમસ્કંધ', 'દાણલીલા', 'હુંડી', 'શ્રાધ્ય', 'મામેરું' વગેરે આખ્યાનો રચીને તે દ્વારા કૃષ્ણ ભક્તિનો મહિમા ગાયો. આ ઉપરાંત ગોપાલદાસ વ્યારાવાલા, કૃષ્ણદાસ, દયારામ વગેરેએ કૃષ્ણ ભક્તિના કાવ્યો રચ્યા તેમાં તે સમયની ધાર્મિક સ્થિતિનો ખ્યાલ આપ્યો છે.

### 11.4.3 જૈન ધર્મ

મુઘલકાલ દરમિયાન જૈન ધર્મમાં જોઈએ તો કેટલીક શાખાઓ પડી ગઈ હતી. 'મિરાતે અહમદી' માં જણાવ્યા પ્રમાણે આ સમયે ચોરાશી ગચ્છ અસ્તિત્વમાં હતા.આ સમય દરમિયાન જૈન મંદિરો બાંધવાની પ્રવૃતિઓમાં વધારો થયો હતો. શાહ વજિયા અને રાજિયા વિજયસેનસૂરિની પ્રેરણાથી ખંભાતના સાગોટા પાડામાં ઈ.સ. 1588માં જૈન મંદિર બંધાવ્યું હતું. ઈ.સ.1605માં માણેકચોકમાં સોની તેજપાલે ચિંતામણી પાર્શ્વનાથ અને આદિશ્વરના મંદિરમાં વિજયદેવ સૂરિ પાસે મૂર્તિની પ્રતિષ્ઠા કરાવી હતી. આ ઉપરાંત મુઘલકાલ દરમિયાન ઘણા બધા જૈન મંદિરો બંધાવ્યા હતા. બાદશાહ અકબરના દરબારમાં જૈન ધર્મના પ્રખર વિદ્વાન હીરવિજય સૂરિ મહત્વનું સ્થાન ધરાવતા હતા. બાદશાહે તેમને દિલ્હી પધારવા આમંત્રણ આપ્યું હતું. આ ઉપરાંત ભાનુંચંદ્રસૂરિ, વિજયસેનસૂરિ વગેરેએ અકબર બાદશાહને પોતાના ઉપદેશથી પ્રભાવિત કરી ગુજરાતમાં થતી જીવહિંસા અટકાવી હતી. ત્રાસજનક જજિયાવેરામાંથી પ્રજાને મુક્તિ અપાવી હતી. આના કારણે ગુજરાતમાં જીવદયાની ભાવના વિકસી હતી.

### 11.4.4 ઈસ્લામ ધર્મ

*મુઘલકાલ દરમિયાન ઈસ્લામધર્મ ગુજરાતમાં વધુ વ્યવસ્થિત થયેલો જોવા મળે છે. અકબરથી ઔરંગઝેબના સમય સુધી ગુજરાત મુઘલ બાદશાહોને આધીન હતું. બાદશાહની નીતિનો અમલ એના સુબેદારો દ્વારા ગુજરાતમાં થતો. કેટલીકવાર એમ બનતું કે સુબેદારો પોતપોતાની ધાર્મિક માન્યતાઓને કારણે અન્ય ધર્માવલંબીઓ ઉપર જુલ્મ ગુજારતા હતા. ગુજરાતના સુબેદાર તરીકે શાહજાદો ઔરંગઝેબે પોતાની સ્વતંત્ર ધાર્મિકનીતિ અપનાવી હતી. અકબરની ધાર્મિક નીતિએ ગુજરાતમાં હિંદુ મુસ્લિમો એક બીજાથી વધારે નજીક આવ્યા. અકબરની સર્વધર્મ સમભાવની નીતિથી ઘણા લોકો ઈસ્લામ  તરફ માનથી જોવા લાગ્યા. મુઘલકાલ દરમિયાન મુસ્લિમોના ઘણા ફિરકા અસ્તિત્વમાં આવી ગયા હતા. વહોરાઓના દાઈ ગુજરાતમાં આવી વસ્યા હતા. પરંતુ ગુજરાતી વહોરાઓમાં પેટા ફિરકા પડવાનો પ્રસંગ મુઘલકાલ દરમિયાન બની ગયો.*

*મુઘલકાલ દરમિયાન ગુજરાતમાં ઈસ્લામધર્મના કેટલાક પંથો અસ્તિત્વમાં આવ્યા તેમાં પીરાણા પંથ, મહેદવી પંથ, દાદુ પંથ, ગુજરાતના વહોરા, ખોજા વગેરે પંથો અસ્તિત્વ ધરાવા લાગ્યા હતા. પીરાણા પંથ ઈમામશાહે ઈરાનથી આવીને અમદાવાદ નજીક ગીરમથા ગામમાં વસવાટ કર્યો. તેમને માનનારો મોટો વર્ગ હિન્દુઓનો હતો. પીરાણા ગામમાં પાંચ રોજા છે. ઈમામશાહનો, નુરશાહનો, સુરાભાઈનો, બાબા મુહમ્મદનો અને બાકરઅલીનો આ પાંચે રોજાના પીરને માનનારા જુદા જુદા છે. તેઓ સર્વ પીરાણાના મુખ્ય પીરને માને છે. મહેદવી પંથ આ પંથના અનુયાયીઓ મહેદવી તરીકે ઓળખાય છે. તેઓ સર્વ મહેદીજોનપુરીના અનુયાયીઓ છે. ઉતર ગુજરાતમાં આ પંથના ઘણા અનુયાયીઓ છે. પાલનપુરના મહેદવીઓ પોતાને સૈયદો અને પીરઝાદા તરીકે ઓળખાવે છે. દાદુ પંથ આ પંથના સ્થાપક દાદુ કમાલના શિષ્ય ગણાય છે. કેટલાક તેમને નાગર બ્રાહ્મણના વંશ જ માને છે. તેઓ જાતે મુસલમાન પીજારા હતા. તે પંથ પરબ્રહ્મ સંપ્રદાય અથવા સહજ સંપ્રદાય તરીકે ઓળખાય છે. તેમાં હિંદુ-મુસલમાન કોઈપણ જોડાઈ શકે છે.*

*ગુજરાતના વહોરા એ ગુજરાતમાં સિદ્ધપુર, અમદાવાદ, દાહોદ, નડિયાદ વગેરે સ્થળોએ વિશેષ પ્રમાણમાં તેમની વસ્તી છે. નડિયાદના વહોરાઓ મઝહબી સકીદા તરીકે ઓળખાય છે. ખોજા ગુજરાતમાં આવેલા નિઝારીઓએ પાટણમાં આવી ધર્મ પ્રચારનું કાર્ય આરંભ્યું. તેમના અનુયાયીઓ ખોજા તરીકે ઓળખાવે છે. તેઓ દિવસમાં ત્રણ નમાઝ પઢે છે. સૂફીવાદ  ઉપર હિંદુ ધર્મની વ્યાપક અસર જોવા મળે છે. આમ, ખોજા એ ગુજરાતની એક અગત્યની વેપારી કોમ છે.*

### 11.4.5 જરસ્થોતી ધર્મઃ

*પારસીઓ ઈ.સ.1516માં નવસારીમાં પવિત્ર આતશ લાવ્યા બાદ ઘણી પ્રગતિ કરી. પવિત્ર આતશને વાંસદા થી નવસારી લાવવામાં આવ્યો. ત્યારે સંજાણના ત્રણ મોબેદો નવસારી આવીને વસ્યા હતા. નવસારીમાં આ સમયે જો મૂળ પારસીઓ હતા તે*

*ભાગરિયા કે ભાગલિયા તરીકે ઓળખાયા કેમકે પોતાની કમાણીનો આવકનો ભાગ તેઓ વહેંચી લેતા હતા. ઈ.સ.1573માં પારસી ધર્મના વડાની બાદશાહ અકબર સાથે મુલાકાત થઈ. આ મુલાકાતથી અકબર ઘણો પ્રભાવિત થયો હતો. અકબરે તેમની પાસેથી જરસ્થોતી ધર્મના સિદ્ધાંતોની સમજ કેળવી હતી. અકબરે નવો ઈલાહી સંવત શરુ કરતા તેમાં મહિના અને દિવસોની ગણતરી ઈરાની પંચાગ પ્રમાણે કરવાનું જાહેર કર્યું. આ ઉપરાંત અકબરે પોતાના રાજ્યમાં જરસ્થોતી ધર્મના ઉત્સવો અને તહેવારો ઉજવવાની જાહેરાત કરી હતી.*

**11.4.6 ખ્રિસ્તી ધર્મ**

*મુઘલકાલ દરમિયાન ઘણા ખ્રિસ્તી ધર્મના અનુયાયીઓ વેપાર અર્થે ગુજરાતમાં સ્થિર થયા હતા. ફિરંગીઓનું એક મંડળ દિલ્હી અકબરના દરબારમાં ગયું હતું. બાદશાહ તેમનાથી ઘણા પ્રભાવિત થયા હતો. તેણે ફિરંગીઓને પોતાના રાજ્યમાં વસવાટ કરવાની છૂટ આપી. તેમને લગતા ત્રણ ફરમાનો બહાર પાડ્યા હતા. મુઘલકાલ દરમિયાન ખ્રિસ્તી ધર્મના પાદરીઓએ ગુજરાતમાં વસવાટ માટેના તેમજ ધાર્મિક પ્રવૃતિઓ આચરવા માટેના કેટલાક ધાર્મિક અને રાજકીય હક્કો મેળવ્યા હતા.*

*આમ, મુઘલકાલ દરમિયાન ગુજરાતમાં ધાર્મિક સ્થિતિ જુદા જુદા પ્રકારે જોવા મળતી. અને કેટલાક નવા ધર્મ સંપ્રદાયો પણ શરુ થયા હતા.*

## 11.5 મુઘલ સમય દરમિયાન ગુજરાતનું સાહિત્ય

*મુઘલકાલ દરમિયાન ગુજરાતમાં સાહિત્યનું સર્જન વિપુલ પ્રમાણમાં થયું છે. ખાસ કરીને આ સમય દરમિયાન સંસ્કૃત, પાકૃત, ગુજરાતી, અરબી, ફારસી અને ઉર્દૂ ભાષામાં સાહિત્યની રચના થઈ હતી. આ સાહિત્યના વિકાસમાં જૈન મુનિઓએ મહત્વનો ફાળો આપ્યો હતો. તપાગચ્છીય ધર્મસાગર ઉપાધ્યાયે ખરતરગચ્છના ખંડતરૂપે ઔસ્ટ્રીક ‘મતોત્સુત્ર દીપિકા’, ‘તત્વતરંગીણી વૃતિ’, ‘પ્રવચન પરીક્ષા સવૃતિ’, ‘ઈર્યાપથિકા ષટત્રિંશિકા’, ‘કલ્પસૂત્ર’ ઉપર ‘કિરણાવલી ટીકા’, ‘જંબુદ્વીપ- પ્રજ્ઞપ્તિ વૃતિ’, ‘ગુર્વાવલી પટ્ટાવલી સવૃતિ’, ‘પર્યુષણા શતક સવૃતિ’, ‘સર્વજ્ઞશતક સવૃતિ’, ‘વર્ધમાન દ્વાત્રિંશિકા’, ‘ષોડશશ્લોકી ગુરુતત્વ પ્રદીપિકા’ સવિવરણ વગેરે ગ્રંથની રચના કરી. કવિ હેમ વિજયગણીએ ‘પાશ્વનાથ ચરિત્ર’, ‘કસ્તુરી પ્રકર’ નામનો સૂક્તિગ્રંથ અને ખંભાતમાં ‘ઋષભ શતક’, ‘કથારત્નાકર’ વગેરે ગ્રંથોની રચના કરી હતી. વિદ્યાવિજયના શિષ્ય મુનિ ગુણ વિજયે વિજય ‘પ્રશસ્તિ મહાકાવ્ય’ નામનો ગ્રંથ રચ્યો.*

*‘જાતચંદ્રિકા’ નામની કૃતિ યાજ્ઞિકનાથ એ રચી છે. મુનિ રવિ સાગરે ‘રૂપ્સેન ચરિત્ર’ અને ‘પ્રદ્યુમ્ન ચરિત્ર’ અને ‘મૌન એકાદશીની કથા’ વગેરે રચનાઓ કરી. ‘હીર સૌભાગ્ય’ મહાકાવ્ય એ દેવ વિમલ ગુણીએ રચ્યું હતું. મુનિ જય સોમે ‘ઈરિયા વહીકા ત્રીશિકા’, ‘કર્મચંદ્રમંત્રિ વંશોત્કીર્તન’ કાવ્યની રચના કરી. વિજયસેન સૂરિએ સુરતમાં ‘ચિંતામણી મિશ્ર’ વગેરેની સમક્ષ શાસ્ત્રાર્થ કર્યો હતો. અમદાવાદના સૂબાને પોતાના જ્ઞાનથી પ્રભાવિત કર્યા હતા. તેમણે યોગશાસ્ત્રના પ્રથમ શ્લોકના લગભગ 700 અર્થ કર્યા હતા. જૈન ધર્મને લગતા આચાર, દર્શન વગેરે ઉપર ગ્રન્થો રચ્યા છે. સમય સુંદર*

*કવિએ ગુજરાતમાં રહીને 'રૂપકમાલા વૃતિ', 'કાલિકાચાર્ય કથા', 'સામાચારી શતક', 'દશ વૈકાલિક સૂત્ર વૃતિ' વગેરે ગ્રંથોની રચના કરી. રઘુરામે સંસ્કૃત ગદ્યમાં 'કાલનિર્ણય સિદ્ધાંત' નામનો ધર્મશાસ્ત્રનો ગ્રંથ રચ્યો હતો.*

*હર્ષકીર્તિસૂરિએ 'જ્યોતિસ્સાર' સંગ્રહ કે 'જ્યોતિસ્સાદ્ધાર* 10*' તથા 'જન્મ પત્રી પદ્ધતિ' નામનો ગ્રંથ લખ્યો. મુનિ લક્ષ્મીચંદએ 'ગણિતસારણી' નામનો જ્યોતિષ વિષયક ગ્રંથની રચના કરી. હીરવિજયસુરિના શિષ્ય શુભ વિજયે 'હેમીનામમાલાબીજક', 'તર્કભાવાવાર્તિક' ની રચના કરી. મુનિ સહજકીર્તિએ આગમ ગ્રંથોમાં સંસ્કૃતમાં કલ્પસૂત્ર પર 'કલ્પમંજરી' નામક વૃતિ, અનેકશાસ્ત્રસાર રચ્યા છે. મહાકાવ્યમાં 'ફલવર્ધિપાર્શ્વનાથ', 'મહાત્મય મહાકાવ્ય', સ્તુતિઓમાં 'શતદલકમલલાંકૃત લોદ્રપુરીય પાશ્વનાથ સ્તુતિ', 'મહાવીર સ્તુતિ', વ્યાકરણમાં 'શબ્દાર્ણવ' વ્યાકરણ સવૃતિ, અપરનાર 'ઋતુપ્રાજ્ઞવ્યાકરણ', 'સારસ્વત સુત્રો', 'એકાદિશત પર્યત શબ્દ સાધનિકા' અને કોશમાં નામકોશની રચના કરી. તેમણે ગુજરાતી ભાષામાં* 10 *જેટલા ગ્રંથો રચ્યા છે.*

*યશોવિજયજીએ સંસ્કૃત-પ્રાકૃતમાં* 80 *જેટલા ગ્રંથ રચ્યા. તેમણે 'અધ્યાત્મસાર', 'અધ્યાત્મોપનિષદ', 'દેવધર્મ પરીક્ષા ગ્રંથ', 'જૈન તર્કભાષા', 'નયરહસ્ય', 'નયોપદેશ' વગેરે ગ્રંથોની રચના કરી. મહાકવિ મેઘ વિજયે* 40 *જેટલા ગ્રંથોનું સર્જન કર્યું છે.*

*ગુજરાતી ભાષામાં વિવિધ સાહિત્યની રચના થઈ. વિષ્ણુદાસએ મહાભારતના* 15 *ખંડ સળંગ આખ્યાનબંધમાં રચ્યા, 'રામાયણ', 'લક્ષ્મણાહરણ', 'કુંવરબાઈનું મોસાળું', 'શુક્દેવાખ્યાન', 'જૈમિનીય અશ્વમેઘ' આધારે* 11 *જેટલા આખ્યાનની રચના કરી.*

*લક્ષ્મીદાસે 'ગજેન્દ્રમોક્ષ', 'ચંદ્રહાસ આખ્યાન' અને 'દશમસ્કંદ' એમ ત્રણ કૃતિની રચના કરી. હીરાસુત કાહાનએ ગુજરાતી રચનામાં 'ઓખાહરણ' અને 'એકાદશી મહાત્મય', 'ડાંગવાખ્યાન', 'દ્રોપદીસ્વયંવર' વગેરેની રચના કરી.*

*અખાએ 'અખેગીતા', 'કૈવલ્યગીતા', 'ગુરુશિષ્ય સંવાદ', 'પંચીકરણ', 'બ્રહ્મલીલા', 'સંતપ્રિયા', ખંડકાવ્યો ઉપરાંત 'છપ્પા', 'ચોપદી સાખીઓ', 'માસ', 'વાર વિષ્ણુ પદ', 'દુહા', 'દુહા-પરજિયા' વગેરે પદોની રચના કરી. ભાણદાસએ 'ગરબા' સાહિત્યની રચના કરી. પ્રેમાનંદ ભટ્ટ એ 'ઓખાહરણ', 'અભિમન્યુ આખ્યાન', 'ચંદ્રહાસ આખ્યાન', 'મદાલસા આખ્યાન', 'હુંડી, શ્રાદ્ધ', 'સુદામાચરિત', 'મામેરું', 'સુન્ધવા આખ્યાન', 'નળાખ્યાન', 'વામનકથા', 'શામળશાહનો વિવાહ' વગેરે કૃતિઓની રચના કરી. આમ, ગુજરાતી ભાષામાં ઘણી બધી કૃતિઓની રચના મુઘલકાલ દરમિયાન ગુજરાતમાં રચના થઈ હતી.*

*આ સમયગાળા દરમિયાન અરબી, ફારસી અને ઉર્દુમાં પણ ઘણી સાહિત્ય રચના થઈ. ગુજરાતી હિન્દુઓ દ્વારા સર્જાયેલા અરબી ફારસી સાહિત્ય રચાયું તેમાં ઈશ્વદાસે 'ફતુહાતે આલમગીરી' નામનો ગ્રંથ લખ્યો. ખાજા રાજકરણ ભવાનીદાસે 'કુશાયસનામા' નામનો ગ્રંથ લખ્યો. જગજીવનદાસે 'મુન્તખિબ ઉત્ તવારીખ નામનો ઈતિહાસનો ગ્રંથ*

*લખ્યો. નન્હામલએ 'ગુલદસ્તે ઈરમ' નામની પુસ્તિકા લખી. બરહમન એ 'હકીક્તુલ હિન્દ' નામનો ગ્રંથ લખ્યો. પારસી લેખકોએ આ સમયમાં એવરદ દારાબ હોરમઝદિયાર બિન કામદીન કૈકોબાદે 'અસફન્દીયારનામા' નામના ફારસી કાવ્યની રચના કરી. મુસ્લિમ લેખકોમાં મિરઝા મુહમ્મદ હસને 'મિરાતેઅહમદી' ની રચના કરી. સૈયદ સિંકદરે 'મિરાતે સિકંદરી' ની રચના કરી. સૈયદ મહમદ મકબૂલ આલમની બે કૃતિઓ જાણીતી છે તેમાં 'જમાઆતે શાહિયા'-એ સાત વિભાગનું પુસ્તક છે. જે દૈવી રહસ્યો સંબંધમાં લખવામાં આવ્યું છે. બીજું 'લાતાયફે શાહિયા' એમાં દિવસે અને રાત્રે ખુદાની દુવા કેવી રીતે ગુજારવી એ સબંધી લેખોનો સમાવેશ થાય છે. આમ, અરબી ફારસી અને ઉર્દુમાં પણ સાહિત્યનું સર્જન મુઘલ કાલ દરમિયાન ઘણું થયેલ.*

**તમારી પ્રગતિ ચકાસોઃ**

1. *મુઘલ સમય દરમિયાન ગુજરાતની સામાજિક સ્થિતિ વિશે ચર્ચા કરો.*

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

2. *મુઘલ સમય દરમિયાન ગુજરાતની આર્થિક પરિસ્થિતિમાં ઉદ્યોગો અને ખેતી વિશે ચર્ચા કરો.*

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

3. *મુઘલ સમય દરમિયાન ગુજરાતના સાહિત્ય સર્જન વિશે ચર્ચા કરો*

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

1. *પ્રબંધ ચિતામણી*
2. *આઈને અકબરી*
3. *હુંડી*
4. *વિમલ પ્રબંધ*

2. *નીચેનામાંથી કયું ઘરેણું પગમાં પહેરવામાં આવતું.*
   1. *નથ* 2. *હાર* 3. *પાયલ* 4. *વીંટી*
3. *બલોયા ઘરેણું એ શરીરના કયા અંગમાં પહેરવામાં આવતું હતું.*
   1. *હાથે* 2. *પગે* 3. *ગળામાં* 4. *નાકમાં*
4. *મુઘલ સમય દરમિયાન કયું બંદર મોટું બંદર હતું.*
   1. *કંડલા* 2. *ભરુચ* 3. *સુરત* 4. *માંડવી*
5. *મુઘલ સમય દરમિયાન ગુજરાતમાં નીલમ આયાત કરવામાં આવતું.?*
   1. *ઈરાન* 2. *જાવા* 3. *શ્રીલંકા* 4. *આફ્રિકા*

6. મુઘલ સમય દરમિયાન બિલોરી કાચ કયાંથી આયાત કરવામાં આવતો હતો.

1. આફ્રિકા 2. શ્રીલંકા 3. ચીન 4. સિરિયા

7. તથા ગચ્છીય ધર્મસાગર ઉપાધ્યાયે નીચેનામાંથી કઈ કૃતિની રચના કરી.

1. તત્વતરંગિણી વૃતિ 2. પાશ્વનાથ ચરિત 3. કાલનિર્ણય સિદ્ધાંત 4. સૂત્ર વૃતિ

8. જાતચંદ્રિકા નામની કૃતિ કોણે રચી છે.

1. હર્ષ કીર્તિ સુરિ 2. યાજ્ઞિકનાથ 3. મુનિ લક્ષ્મીચંદ 4.વિજયસેન સુરિ

9. ગણિત સારણી નામના ગ્રંથની રચના કોણે કરી.

1. મુનિ લક્ષ્મીચંદ 2. યાજ્ઞિકનાથ 3. વિજયસેન સુરિ 4. વિજયસેન સુરિ

10. અખે ગીતા નામની કૃતિની રચના કોણે કરી હતી.

1. પ્રેમાનંદ 2. નરસિંહ મહેતા 3. અખો 4. મીરાબાઈ

## 11.6 સારાંશ

આમ, મુઘલ સમય દરમિયાન ગુજરાતમાં સામાજિક ક્ષેત્રે ઘણાં પરિવર્તનો આવેલા જણાય છે. આ સમયગાળા દરમિયાન ગુજરાતમાં મુઘલ સુબેદારોએ જે શાસન કર્યું તેની અસર તત્કાલીન સમાજ, આર્થિક બાબતો પર પડેલી સ્પષ્ટ જણાય છે. મુઘલ સમય દરમિયાન ગુજરાતમાં સાહિત્ય સર્જન ક્ષેત્રે ઘણી બધી પ્રગતિ કરેલી. તેમાં અરબી, ફારસી, ઉર્દૂ, ગુજરાતી, સંસ્કૃત-પ્રાકૃત વગેરે ગ્રંથો ની રચના થયેલી. આમ, મુઘલ સમય દરમિયાન સુરત બંદરની જાહોજલાલી હતી. અને ઉદ્યોગ ક્ષેત્રે પણ ગુજરાતમાં આ સમય દરમિયાન ઘણો વિકાસ થયેલો જણાય છે.

## 11.7 શબ્દાવલી

નથ – નાકમાં પહેરવામાં આવતું ઘરેણું

સાંકળા – પગમાં પહેરવામાં આવતું ઘરેણું

## 11.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

ઉત્તરો :

| | |
|---|---|
| 1. 4. વિમલ પ્રબંધ | 2. 3. પાયલ |
| 3. 1. હાથે | 4. 3. સુરત |
| 5. 1. ઈરાન | 6. 3. ચીન |
| 7. 1. તત્વતરંગિણી વૃતિ | 8. 2. યાજ્ઞિકનાથ |
| 9. 1. મુનિ લક્ષ્મીચંદ | 10. 3. અખો |

1. મુઘલ સમય દરમિયાન ગુજરાતની સામાજિક પરિસ્થિતિનો અભ્યાસ કરો.

________________________________________

________________________________________

________________________________________

________________________________________

2. મુઘલ સમય દરમિયાન ગુજરાતની આર્થિક સ્થિતિ નું વર્ણન કરો.

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

3. મુઘલ સમય દરમિયાન રચાયેલ સાહિત્યનો પરિચય આપો.

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

## 11.9 સંદર્ભ સૂચિ

1. પરીખ રસિકલાલ છોટાલાલ અને શાસ્ત્રી હરિપ્રસાદ ગંગારામ, ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, ગ્રંથ-6, મુઘલકાલ (ઈ.સ.1573 થી 1758 સુધીનો), ભો.જે.વિદ્યાભવન, અમદાવાદ,1979.

2. આચાર્ય, નવીનચંદ્ર આનંદીલાલ, ગુજરાતનો સાંસ્કૃતિક ઈતિહાસ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, 1984.

3. રત્નમણીરાવ ભીમરાવ, ગુજરાતનું પાટનગર અમદાવાદ, ગૂર્જર ગ્રન્થ રત્ન કાર્યલય, અમદાવાદ, 1929. બીજી આવૃત્તિ-2014.

x